Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક : ૩૮ મું : આત્મ સં. ૪૫ : વીર સં. ૨૪૬૬ : શ્રાવણ :
અંક : ૧ લો : * * વિક્રમ સં. ૧૯૯૬ : ઑગસ્ટ :

## प्रभुस्तुतिः

भक्तिरागभृतानन्तभव्यस्वान्तस्थितेरिव ।
विद्रुमच्छायकायोऽसौ वासुपूज्यः श्रियेऽस्तु वः ॥

**અર્થ**—ભક્તિરાગથી ભરપૂર એવા અનંત ભવ્યોના અંતઃકરણમાં સ્થિતિ કરવાથી જેમના દેહની કાંતિ જાણે પરવાળાં જેવી રક્ત થઇ છે, તેવા **શ્રી વાસુપૂજ્ય સ્વામી** તમારા અભ્યુદયના કારણરૂપ થાઓ.

## जैनदर्शननुं–तत्त्वज्ञान.

एकेनाकर्षन्ती श्लथयन्ती वस्तुतत्त्वमितरेण ।
अन्तेन जयति जैनीनीतिर्मंथाननेत्रमिव गोपी ॥

"જેવી રીતે દહીંના વલોણાની દોરીને ગોવાલણી એક હાથથી ખેંચે છે અને બીજા હાથથી ઢીલી મૂકે છે અને છેવટે માખણ બનાવે છે, તેમ જિનવાણીરૂપ ગોવાલણી સમ્યગ્-દર્શનથી તત્ત્વસ્વરૂપને પોતાના તરફ ખેંચે છે, સમ્યગ્જ્ઞાનથી પદાર્થભાવને ગ્રહણ કરે છે અને સમ્યક્ચારિત્રથી પરમાત્મપદની સિદ્ધિ કરે છે.

—અથવા—

દ્રવ્યાર્થિક નયથી વસ્તુને ગ્રહણ કરે છે, પર્યાયાર્થિક નયની અપેક્ષાએ વસ્તુમાં ઉદાસીન ભાવ ધારણ કરે છે અને પ્રાંતે વસ્તુની યથાવત્ સ્વરૂપ સિદ્ધિ કરે છે."

શ્રી અમૃતચંદ્રસૂરિ–પુરુષાર્થસિધ્ધ્યુપાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આડત્રીશમા વર્ષનાં ઉર અભિનંદનો

દોહરા.

મારી ઉમ્મરનાં વિત્યાં, વર્ષો સાડત્રીશ;
સભાતણી સેવા સજું, એ ઇચ્છા દિનનિશ. ૧
આજ મને બેઠું નવું, આડત્રીશમું વર્ષ;
સભા, મેમ્બરો, વાચકો, સૌનો હો ઉત્કર્ષ. ૨

હરિગીત—સવૈયા.

ગુરુવર્ય આત્માનંદજી, જે સ્વર્ગવાસી થઇ ગયા,
એ દિવ્યગુરુનાં દિવ્યતામય, નિત્ય સંસ્મરણો રહ્યાં;
એમાંનું એક **પ્રકાશ** નામે, સ્વરૂપ હું રંગે રમું,
આખી સભાને વિજયપ્રદ હો, વર્ષ **આડત્રીશમું**. ૧
ધર્મ અને સત્કર્મતણા, લેખો અહવા એ મારું કામ,
સદ્‌બોધક ગુરુવર્યો સેવું, જેનાં પ્રાતઃસ્મરણીય નામ;
કવિઓ સાક્ષર ને વિદ્વાનો, લખતા લેખો વિવિધ પ્રકાર,
"આત્માનંદ પ્રકાશ" પત્રનો, જગમાં આજે જય જયકાર. ૨
હું બાળવયથી ઉછર્યું, ફાલી–ફૂલી પ્રૌઢ જ થયું,
મમ પાલકોની સાહ્યતાનું, સ્મરણ હજી હૃદયે વહ્યું;
વાચકતણા એ વૃંદનું, આતિથ્યભોજન હું જમું,
આબાદ હો, આરોગ્ય હો, આ વર્ષ **આડત્રીશમું**. ૩
જૈનધર્મ શાસનનાં તત્ત્વો, ગુણવંતા જૂના જે ગ્રંથ,
લેખો ને ભાષાંતર છાપી, પુણ્યતણા બતલાવ્યા પંથ;
મહાપુરુષકેરાં ચારિત્રો, પ્રગટ કર્યાં છે વારંવાર,
"આત્માનંદ પ્રકાશ" પત્રનો, જગમધ્યે છે જય જયકાર. ૪
પ્રેમી પ્રમુખ અને સ્વધર્મે સેવ્ય સેક્રેટરીઓ,
કલ્યાણકારક ધર્મરૂપી આમ્ર શ્રેષ્ઠ ઉછેરીઓ;
અમૃતસમાં મીઠાં ફળો, સૌને જમાડીને જમું,
સુખસંપત્તિમય હો સદા, આ વર્ષ **આડત્રીશમું** ૫

દોહરા.

આત્માનંદજી આપનું, પૂરણ તેજ **પ્રકાશ**;
સદા પ્રકાશો પૃથ્વીમાં, વધવા ધર્મ વિકાસ. ૧
આજ દિવસ આનંદનો, બેઠું નવલું વર્ષ;
જૈન બન્ધુઓને નમું, હૈડે આણી હર્ષ. ૨

લી. ધર્મપંથનો પાંથિક
રેવાશંકર વાલજી બધેકા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતન વર્ષનું મંગળમય વિધાન.

**પ્રવેશ—**

આજના મંગલમય પ્રભાતે '**આત્માનંદ પ્રકાશ**' ૩૮મા વર્ષમાં પ્રવેશ કરે છે. સ્થળ અને કાળની મર્યાદા લક્ષ્યમાં રાખી પૂર્વ પ્રણાલિકા પ્રમાણે સ્વગત વિચારે છે કે **સમગ્ર** વિશ્વમાં વ્યાપક કેવલજ્ઞાનરૂપ ચિત્તમહાસાગરનું હું એક બિંદુ છું છતાં એ બિંદુનું પણ જગતમાં અસ્તિત્વ ( Existence) છે. કર્મોના સંપૂર્ણ ક્ષયથી ઉત્પન્ન થતા અનંત જ્ઞાનપ્રકાશનું **મતિજ્ઞાન** અને શ્રુતજ્ઞાનરૂપ ક્ષાયોપશમિક જ્ઞાન નિમિત્ત છે. આત્માનો આનંદ થોડો પણ પ્રાપ્ત થયો હોય તો ક્રમે ક્રમે બીજનો ચંદ્ર જેમ પૂર્ણિમાનો ચંદ્ર બની જાય છે તેમ કર્મોના સંપૂર્ણ ક્ષયથી અનંત આનંદ પ્રકટી શકે છે; આંગ્લ તત્ત્વજ્ઞ કવિ **શેકસપીઅર** જેમ Books in brooks and sermons in stonesરૂપે કહે છે કે "ઝરાઓ એ જીવતાં પુસ્તકો છે અને પથ્થરો એ શાસ્ત્રો છે" અર્થાત્–જડ જેવા તણખલામાંથી પણ મનુષ્ય જો આત્મજાગૃતિ રાખે તો બોધ લઇ શકે છે. તે અગાધ જ્ઞાનમહાસાગરનું બિંદુ આત્મજાગૃતિ માટે બોધરૂપ કેમ ન બની શકે? વ્યાપક જ્ઞાનસમષ્ટિમાં (Universal Knowledge) વ્યક્તિરૂપે ગત વર્ષમાં જૈન દર્શનનાં ઉચ્ચ તત્ત્વોને લક્ષ્યમાં રાખી અનેકાંતદષ્ટિનાં ઉચ્ચ રહસ્યો અર્પ્યાં છે? વાસનામય જીવનમાં મધુબિંદુની માફક ઓતપ્રોત થયેલાં સંસારીજીવોને સત્કર્મ અને દુષ્કર્મનું ભાન દર્શાવ્યું છે? તર્કવાદી જ્ઞાન કરતાં ચારિત્રની ભૂમિકા ઉચ્ચતર છે, તે દર્શાવવા સાથે '**ज्ञानक्रियाभ्यां मोक्षः**' એ સૂત્રનું રહસ્ય યથાશક્તિ સમજાવ્યું છે? સકલ સૃષ્ટિમાંથી ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યયુક્ત પર્યાયવાળાં ષડ્દ્રવ્યોને સ્વીકારી તેમાંથી પણ આત્મદ્રવ્ય–હું–ને શોધી 'ભેદજ્ઞાન' પ્રાપ્ત કરાવવા પ્રયત્ન કર્યો છે? પૌદ્‌ગલિક આનંદોને ક્ષણવિનશ્વર માની આત્મિક આનંદ પ્રકટાવવાની કળાનું શિક્ષણ આપી કાલ, સ્વભાવ, નિયતિ અને કર્મને ગૌણ કરી પુરુષાર્થપરાયણ થવાની જાગૃતિ અર્પી છે?–આ અને અનેક વિચારપ્રશ્નોદ્વારા અંતરાવલોકન ( Introspection )દ્વારા સમાધાન થાય છે કે જૈન દર્શનના સિદ્ધાંતો ઉપર નિર્ભર રહી યત્કિંચિત્ માનવગણની સેવા બજાવી છે અને તેથી સંતોષરૂપે પ્રશસ્ત ગૌરવ અનુભવાય છે.

**સંજ્ઞા —**

નૂતનવર્ષની ૩૮ ની સંજ્ઞા તરીકે વર્તમાન શાસનાધિપતિ શ્રી **મહાવીર** પરમાત્માના ગણધરોની સંખ્યા ૩+૮ અગીઆરની થાય છે. આ ગણધરોએ સ્યાદ્વાદ શૈલીમય જૈનદર્શનની દ્વાદશાંગીરૂપે રચના કરેલી છે. પરમાત્મા **મહાવીર** પાસેથી એ પ્રેરણા મેળવી હતી. બીજી દૃષ્ટિએ આડત્રીશની સંજ્ઞા ઉપમિતિ પ્રપંચાકાર શ્રી **સિદ્ધર્ષિ**ના કથન પ્રમાણે આત્માની આંતરસૃષ્ટિમાં યુદ્ધનું સૂચન કરે છે; અષ્ટકર્મો કે જે અનાદિકાળથી પ્રવાહરૂપે આત્મા સાથે મળી જઇ અનંત સુખ–દુઃખોની પ્રાપ્તિ કરાવે છે તેની સામે દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ આધ્યાત્મિક સૈન્યનું બળ મૂકવામાં આવતાં આત્મા છેવટે વિજયી બનીને સ્વતંત્ર બને છે. પાંચ કારણોથી થતી પ્રત્યેક કાર્યસિદ્ધિમાં કર્મબળની સામે પુરુષાર્થનો છેવટે વિજય થાય છે; અને એ રીતે પરમાત્મપદ પમાય છે.

આ રીતે નૂતનવર્ષની સંજ્ઞા પ્રત્યેક માનવને જગાડે છે અને પ્રગતિના પંથે આગળ ધપાવવાને પ્રેરણા આપે છે.

**સંક્રાંતિકાલ—**

**જૈન**દર્શનાનુસાર સામ્રાજ્યોને પણ કર્મના નિયમો લાગુ પડે છે. કર્મ અને તેના વિપાકની આખી ઘટમાલ એટલી સૂક્ષ્મપણે ચાલી રહી હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે કે સ્થૂલ ઘટનાઓ નિહાળનારી અને તેની જ માત્ર નોંધ રાખનારી આંખ છેતરાય છે. સત્તા, બળ અને વૈભવના મદમાં માનવી કે રાષ્ટ્ર આવતી કાલનો વિચાર કરી શકતા નથી. એકવીશ વર્ષ પહેલાં વર્સેલ્સની સંધિના હર્ષકાળમાં મિત્રરાજ્યોએ જે જાતની સંધિ કરી હતી-વાવણી કરી હતી તેને માટે ઈતિહાસ પોતે જ પુનરાવૃત્તિ કરવા લાગ્યો છે. આજે આપણી દુનિયામાં વિશ્વયુદ્ધ-રૂપે ઉલ્કાપાત ઊભો થયો છે અને તેની જ્વાળા ચોતરફ ફેલાતી ચાલી છે. જર્મનીનો કાલકરાલ પંજો સ્વસ્થ બેઠેલી પ્રજાને થથરાવી રહ્યો છે. આખું યુરોપ અને અમેરિકા યુદ્ધ માટે ખળભળી ઊઠયું છે. આપણા દેશ ઉપર પણ જાણે બહારના હલ્લા અને અંદરની અશાંતિના ભયો ઝઝુમી રહ્યા છે. આજ કરતાં આવતી કાલ વધારે આકરી બનતી જાય છે; વ્યાપાર પણ તમામ સ્તબ્ધ અને શૂન્ય બની ગયા છે; મીલકતવાળાને જાનમાલની ચિંતા પડી છે. શ્રી ગાંધીજી કે જેમણે વીશ વીશ વર્ષો થયાં અહિંસાપૂર્વક આઝાદી માટે હિંદની પ્રજાને પ્રેરણા-મંત્ર આપી જગાડી છે અને તેમના પ્રયાસનું ફળ નજીકમાં આવી લાગ્યું છે. મહાત્મા ગાંધીજી અહિંસાની ઉચ્ચ કોટિ સ્વીકારતા હોઇ અમુક દૃષ્ટિએ અલગ થઇ જવા પછી અખિલ હિંદ મહાસભા સમિતિએ-અહિંસાની-તેટલી હદે રાજકારણમાં પહોંચવાની અશક્તિ દર્શાવેલી હોવાથી બ્રિટીશ સરકાર પાસે પૂર્ણસ્વરાજ્યની માગણી સાથે લડાઇ-માં સાથ આપવાની કબુલાત રજુ કરેલી છે.

ગતવર્ષના ભીષણ દુષ્કાળને શાંત કરતી અને પૃથ્વીને નવપલ્લવિત કરતી વર્ષાઋતુ ચાલુ થઇ ગઇ છે. આવા સંક્રાંતિકાલના પ્રસંગે પ્રસ્તુત આત્માનંદ પ્રકાશ નૂતન વર્ષમાં પ્રવેશ કરે છે.

## સંસ્કૃતિ અને યુદ્ધ—

સર્વજ્ઞકથિત જૈન દર્શનના તત્ત્વો પ્રમાણે વિજ્ઞાન( Science )ને મુખ્યતા મળેલી છે; જૈન-દર્શન જગત્કર્તા તરીકે કોઇ વ્યક્તિને માનતું નથી; આત્મા અને પરમાણુવાદ ઉપર જૈનદર્શનની કોટિ નિર્ભર છે. શબ્દોનો પરમાણુવાદ રેડીઓ વિગેરે દ્વારા સિદ્ધ થયેલો છે. મનના વિચારો અને કર્મના અણુઓ તો તેથી પણ સૂક્ષ્મ છે. પુદ્ગલોની અનંતી શક્તિઓમાંથી થતો વ્યાપાર તે વિજ્ઞાન (Science) છે. જ્ઞાનની જેમ વિજ્ઞાનનો પણ સદુપયોગ કે દુરુ-પયોગ થાય છે કેમ કે તે પણ એક શક્તિ જ છે.

અત્યારના વૈજ્ઞાનિક રીતે તૈયાર થયેલા લડાઇના અનેક નવા નવા સાધનો પુદ્ગલ પરમાણુઓનું મિશ્રણ છે. વિજ્ઞાન એ શક્તિ હોઈ વર્તમાનમાં તેનો દુરુ-પયોગ મનુષ્યોના અને વસ્તુઓના સંહાર માટે કરવામાં આવ્યો છે. આજે સમસ્ત માનવજાતના કુશળ–મંગળનો પ્રશ્ન ખડો થયો છે; એટલું જ નહિં પરંતુ સંસ્કૃતિ અને અધ્યાત્મના અસ્તિત્વનો પણ એની સાથે ઓછો સંબંધ નથી. સામ્રાજ્યોના ઉત્થાન-પતનની ઘટનાઓની ઐતિહાસિક અને યથાર્થ ઘટમાળ આપણી નજર સમક્ષ ચાલી રહી છે. આવતી કાલે શું થશે ? તેનું અનુમાન બુદ્ધિગમ્ય નથી. આધ્યાત્મિકતા અને સંસ્કૃતિ માટે આ દાનવી-લીલા એક અગ્નિપરીક્ષા જેવી છે. સંહારલીલા પૂર્ણ થયા પછી મનુષ્યો જ્યારે શાંતભાવે ઇતિહાસનું અવલોકન કરશે ત્યારે પોતાની પૂર્વકાળની ભૂલો યાદ કરી, પશ્ચાત્તાપ કરી સ્તબ્ધ બનશે. ધર્મ અને સંસ્કૃતિ પ્રજાના પ્રાણ છે; તે બન્ને ગુમાવ્યા પછી એને મન જીવન શૂન્ય બની રહે છે તેમને શિરે મોટી જવાબદારી હોય છે; એ જ પ્રશ્ન એક દિવસે જગતને પોતાના સંપૂર્ણ સાત્ત્વિક સામર્થ્ય સાથે કહી શકશે કે યુદ્ધ એ ગંભીર ભૂલ હતી. અને વિજ્ઞાનનો કેવળ દુરુપયોગ થયો હતો. **અહિંસા પરમો ધર્મ**:નું સૂત્ર પાછળથી યુદ્ધ ખેલતા માનવોને અવશ્ય સમજાશે.

## સંસ્મરણો.—

ગત વર્ષમાં **શેઠ કાંતિલાલભાઈ ઇશ્વરલાલ** તથા **શેઠ માણેકલાલભાઈ ચુનીલાલ** કે જેઓ ધાર્મિક સંસ્થાઓના કાર્યમાં અવારનવાર પોતાની સેવા ઉદારતાપૂર્વક આપી રહ્યા છે. તેમજ અનેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુભ કાર્યોમાં પોતાની લક્ષ્મીનો સદ્‌વ્યય કરી રહ્યા છે કે જેથી બંને બંધુઓને દાનવીરો કહી શકાય. તેઓશ્રી આ સભાના માનવંતા પેટ્રનો છે; તેમને તેમની ઉદારતાના ગુણની કદર કરી નામદાર બ્રિટીશ સરકારે ઇલ્કાબો પણ આપેલ છે. **રા**ધનપુરમાં શેઠ **વા**ડીલાલ **પુ**નમચંદના સંસ્મરણાર્થે માટે શેઠ **ર**તીલાલ **વા**ડીલાલ તથા **ધી**રજલાલ **વા**ડીલાલ તરફથી **ન**વાબ સાહેબના હસ્તે **હિં**દુ આરોગ્યભુવનની ઉદ્‌ઘાટન ક્રિયા ધાર્મિક ઉત્સવ સાથે થઇ હતી. **લુ**ધીઆનામાં આ૦ શ્રી **વિજયવલ્લભસૂરીશ્વરજીના** સદુપદેશથી યોગીરાજ શ્રી કૃષ્ણાનંદજી સ્વામી તથા તેમના શિષ્ય **શ્યા**માનંદજી બન્ને વૈરાગ્યવાસિત થતાં ભાગવતી દીક્ષા અપાઇ અને એ રીતે શાસનોન્નતિનું કાર્ય થયું. એશિઆની ભીતરમાં **જૈ**નો( Jains inside Asia )નું પુસ્તક કે જે **જો**ન ગંથર તરફથી પ્રકાશિત થયેલું છે; તેમાં તથા અન્ય લેખોમાં અન્યદર્શની તરફથી થયેલી **જૈ**નધર્મ તરફની ગેરસમજુતીઓ માટે **જૈન** સત્યપ્રકાશ સમિતિએ દલીલપૂર્વક પ્રતિકાર કરવાનું ચાલુ રાખેલ છે અને એ રીતે જ્યારે જ્યારે તેમ બને ત્યારે રચનાત્મક (Constructive) શૈલીથી અન્યદર્શનીઓ તરફથી ઇરાદાપૂર્વક કે **જૈન**દર્શનના સિદ્ધાંતોની ગેરસમજથી રજુ થયેલી હકીકતોનો પ્રતિકાર કરવા સમિતિને સૂચના કરીએ છીએ. આવતા વસ્તીપત્રકમાં પ્રત્યેક **જૈ**ને **જૈ**નધર્મ અને જ્ઞાતિ એ રીતે ખાસ દર્શાવવાનું છે; કેમકે હિંદુ સમાજ જેમ એક મોટું કુટુંબ છે તેમ **જૈન** સંઘ એ નાનું કુટુંબ છે. વસ્તીપત્રક એક જ એવું સાધન છે કે જે **જૈન** બંધુઓની સ્વતંત્ર ઓળખાણ કરાવી શકે છે. **સ**રાક જાતિના ઉદ્ધાર માટે શ્રી **જૈન** ધર્મ પ્રચારક સભા (કલકત્તા અને **મા**નભૂમ શાખા) પોતાના પરિચિત સાધનોની સહાયથી પ્રગતિ કરી રહેલ છે. હજી તેને માટે પાઠશાળાઓ, મંદિરો ઊભા કરવાના તથા વધારે પ્રાચીન શોધખોળ કરવાનાં ઘણાં કાર્યો છે. આ. શ્રી **વિ**જયેંદ્રસૂરિ તથા ઉ. **મં**ગલવિજયજીની તમન્ના અને જાગૃતિને આ કાર્ય આભારી છે; દિગંબર ભાઇઓ પણ સરાક જાતિના પુનરુદ્ધાર માટે કોશીશ કરે છે એટલે બન્ને સમાજોનું સરાક જાતિ એક કર્મક્ષેત્ર બની ગયું છે રચનાત્મક શૈલીએ શ્વેતાંબર અને દિગંબર **જૈન** સમિતિઓ આગળ ધપે તો વિધર્મી મીશનરીઓ કરતાં પણ એક જીવંત શકિતનો સુંદર પુનરુદ્ધાર કરી જાય. સ્થાનકવાસી કોન્ફરન્સનું અધિવેશન આસો માસમાં મુંબઇમાં ભરાવાનું નિર્ણીત થએલ છે અને તેનું પ્રચારકાર્ય પેપરોદ્વારા ચાલુ છે. શ્રી **જૈન** શ્વેતાંબર મૂ. **કો**ન્ફરન્સ **અ**ખિલ **હિં**દ સ્થાયી સમિતિની બેઠક મુંબઇમાં મળી ગઇ. પ્રમુખ દયાલંકાર શેઠ **લ**લ્લુભાઇ **દી**પચંદનું અંધારામાં આધેથી પ્રકાશ આપતી દીવાદાંડી જેવું વક્તવ્ય સૌએ સાંભળ્યું; બે ચાર પ્રાસ્તાવિક ઠરાવોને બાદ કરતાં પરિષદના અસ્તિત્વની આશાએ ઘડાએલા અને સ્વીકારાયેલા બંધારણ વિષયક બે ઠરાવો પણ થઇ ગયા; બે મહિનામાં કોન્ફરન્સ ભરવાની જાહેરાત પણ થઈ ગઇ; કેળવણી અને બેકારી એ બે વિષયો ઉપર જ હાલ ધ્યાન કેંદ્ર કરવાનો નિર્ણય થયો; પરંતુ **જૈન** સંઘની એકત્રતા માટે સુસંપ સાધવાના પ્રયાસની સફળતાની હકીકત બહાર આવી નથી; અમો કાર્યકરોને સૂચના કરીએ છીએ કે કોન્ફરન્સ પોતાની પૂર્વ જાહોજલાલી પ્રમાણે ભરાવા માટે ઉચિત પ્રયાસો વહેલી તકે કરે. મુંબઇમાં કર્પૂરસ્મારક સમિતિનું કાર્ય સાહિત્ય પ્રકાશનને અંગે ચાલુ રહેલું છે. પલ્લીવાલ પ્રાંતમાં મુ૦ શ્રી દર્શનવિજયજીની ત્રિપુટીનો અન્યદર્શનીઓને **જૈન** દર્શનના સિદ્ધાંતો સમજાવી જૈન ધર્મ સ્વીકારાવવાનો પ્રયાસ ચાલુ છે. લગભગ પાંચ–છ વર્ષથી આ તેમનું ધાર્મિક વિશુદ્ધિનું કાર્ય ચાલુ છે અને સંખ્યાબંધ અન્યદર્શનીઓને **જૈન** ધર્મનો સ્વીકાર કરાવી રહ્યા છે. ગતવર્ષમાં દેવદ્રવ્ય અને અન્ય સાર્વજનિક સંસ્થાઓનાં નાણાં વ્યક્તિગત પેઢીઓનાં દીવાળામાં ( આસામી કાચી પડતાં ) સંડોવાયા છે, તેથી ખાસ કરીને ધર્મ–સંસ્થાના નાણાં અંગઉધાર આપવાની પદ્ધતિનો જમાનો ચાલ્યો ગયો છે એટલે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ સારી સીક્યુરીટીમાં મૂકવા જોઇએ.

## દિલગીરીની નોંધ—

આ સભા ઉપર સંપૂર્ણ ધર્મસ્નેહ ધરાવનાર, સ્થળે સ્થળે **જૈન** જ્ઞાનભંડારનું સંશોધનકાર્ય કરનાર અને આ સભા તરફથી પ્રગટ થતાં પ્રાચીન અપૂર્વ **જૈન** આગમ વગેરેના અનેક ગ્રંથોનું જે મહાત્માએ પોતાના સાક્ષરવર્ય વિદ્વાન શિષ્ય શ્રી **પુણ્યવિજયજી** મહારાજ સાથે અત્યંત પરિશ્રમ લઇ ઉચ્ચકોટીનું સંશોધનકાર્ય જીવનની છેલ્લી ઘડી સુધી કર્યું છે, કે જેને લઇને આ સભાની ઉન્નતિ વિશેષ થતી ગઇ છે. એવા સાક્ષરવર્ય મુનિરાજ શ્રી **ચતુરવિજયજી** મહારાજ કે જેઓ ૫૦ વર્ષના દીક્ષિત, નિરતિચાર ચારિત્ર પાળનાર, શાંત મૂર્તિ ગુરુભક્તિમાં નિમગ્ન હતા. તે મહાત્મા સં. ૧૯૯૬ના કારતક વદિ ૬ને શનિવારના રોજ સ્વર્ગવાસી થતાં આ સભાને ન પુરાય તેવી ખોટ પડી છે. આ સભા તેમની ઋણી છે. તેમજ એક સાહિત્યકાર ઉત્તમ મુનિશ્રીના વિરહથી **જૈન** સમાજને પણ ખોટ પડી છે. ભાવીભાવ બળવાન છે તેમાં મનુષ્ય નિરુપાય છે. આવા ઉપકારી ગુરૂ મહારાજશ્રીનાં સાહિત્યમય સંગીન સ્મારકની શરૂઆત કરવા માટે અમો પાટણ જૈન જનતાને સૂચવીએ છીએ.

તેમજ મુનિરાજ શ્રી **રંગવિજયજી** મહારાજ કે જેઓ ભદ્રક પ્રકૃતિના હતા તેમના સ્વર્ગવાસથી દિલગીરીજનક નોંધ લેવામાં આવે છે.

ગુરુણીજી **શ્રી લાભશ્રીજી** કે જેઓ પ્રાતઃસ્મરણીય **શ્રી વૃદ્ધિચંદ્રજી** મહારાજની શિષ્યા હતા તેઓ વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ તરીકે ઘણા વર્ષોના દીક્ષિત હતા. અને તેમનો ભાવનગર શ્રાવિકા સંઘ ઉપર અપરિમિત ઉપકાર હતો; તેમના સ્વર્ગવાસથી ન પૂરાય તેવી ખોટ પડી છે.

આ સભાના સભાસદ **વારૈયા ધરમશી ઝવેરભાઇ** કે જેમણે ભાવનગરમાં સારી રકમ આપી **જૈન** ભોજનશાળાની શરૂઆત કરી છે તેઓ, તથા ભાવનગરના સંઘના મુખ્ય આગેવાનો **શેઠ ગિરધરલાલ આણંદજી, સંઘવી નાનચંદ કુંવરજી, વોરા ગોરધનદાસ હરખચંદ, શેઠ નાનચંદ આણંદજી** જેઓ જૈન સંઘની સેવા કરનારા, શ્રદ્ધાળુ અને ધાર્મિક વાતાવરણમાં ઓતપ્રોત હતા; તેટલું નહિ પણ શાંત પ્રકૃતિના હતા તેઓ મેલેરીઆ તાવની બિમારીના ઉપદ્રવ પ્રસંગે પંચત્વ પામ્યા છે કે જેઓની અત્રેના શ્રી સંઘને ખોટ પડી છે.

સિવાય આ સભાના જે સભ્યો પંચત્વ પામ્યા છે તેની નોંધ તે વખતના આત્માનંદ પ્રકાશમાં આપવામાં આવેલ છે.

## લેખ દર્શન—

પ્રસ્તુત માસિકે ગત વર્ષમાં ગદ્ય અને પદ્ય લેખો મળીને લગભગ ૯૯ લેખો 'મુખ્યત્વે કરીને' આપેલ છે. તેમાં ૨૧ પદ્ય લેખો છે અને ૭૮ ગદ્ય લેખો છે. પદ્ય લેખોમાં ત્રણ લેખો વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ પૂ. પ્ર૦ શ્રી **કાંતિવિજયજી** મહારાજના છે, જેમાંથી એકમાં સ્વ. શિષ્ય પૂ૦ **ચતુરવિજયજી**ના સ્વર્ગવાસ પ્રસંગે સંબંધોની ક્ષણિકતાવાળા ઉદ્દગારો દર્શાવાયા છે. આ૦ શ્રી વિજયકસ્તૂરસૂરિના 'કરો છો શોક શું કરવા' વિગેરે પદ્ય લેખો સરળ ભાષાવાળા હોઈ સંસારના પ્રાણીઓને બોધપ્રદ છે. પં૦ ધર્મવિજયજીનો એક પદ્ય લેખ સ્વ૦ હેમચંદ્રાચાર્યની સ્તુતિરૂપ છે. મુ૦ **લક્ષ્મીસાગરજી**ના 'આત્મદર્શન' વિગેરે ત્રણ લેખો સુંદર અને લાલિત્યમય છે. ડૉ૦ **ભગવાનદાસ** મહેતાનો 'ધર્મશર્માભ્યુદય મહાકાવ્ય'નો સમશ્લોકી અનુવાદ અલંકારબદ્ધ ભાષામાં ગ્રથિત થયેલો છે. શ્રી રેવાશંકર **વાલજી બધેકા** કે જેઓ અનેક પ્રસંગે શીઘ્રકવિ તરીકે **ભાવનગરમાં** પંકાયા છે તેમના 'ઓ માનવી આ જન્મનો એ લ્હાવ તું લેતો જજે' વિગેરે પાંચ લેખો છંદોબદ્ધ અને વિદ્યાર્થીઓને પણ શીઘ્ર સમજાય તેવા રહસ્યવાળા છે. તે સિવાય બે પદ્ય લેખો રા૦ **રાયચંદ** મૂળજી તથા સંઘવી ડુંગરસી ગોવિંદજીના છે. ગદ્ય લેખોમાં પં૦ ધર્મવિજયજીના 'શ્રુતજ્ઞાન'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષયના વિદ્વત્તા ભરેલા તત્ત્વજ્ઞાનમય નવ લેખો આવેલા છે; પં૦ **સમુદ્ર**વિજયજીનો 'જિનેશ્વરના વચનોમાં આદર'વાળો લેખ આવેલો છે; આ૦ શ્રી **વિજ**યકસ્તૂરસૂરિના 'સ્નેહ એ દુઃખનું મૂળ છે' વિગેરે પાંચ લેખો વૈરાગ્ય અને સંસાર પરિસ્થિતિનું સુંદર દિગ્દર્શન કરાવનારા છે; મુ૦ શ્રી **હં**સસાગરજીના 'પ્રભુ મહાવીરે ત્યાગધર્મ જ કેમ આપ્યો 'ના પાંચ લેખો ચારિત્રધર્મના પ્રતિપાદન માટે અતિ ઉપયોગી અને શિક્ષણીય છે; મુ૦ **ન્યાય**વિજયજીનો 'પલ્લીવાલ પ્રાંતમાં વિહાર'વાળો લેખ મુ૦ **શ્રી દર્શન**વિજયજી વિગેરેનું અન્ય દર્શનીઓનાં શુદ્ધિકરણના મીશન ઉપર ઠીક **પ્રકાશ** પાડે છે; મુ૦ **લક્ષ્**મીસાગરજીના 'દુઃખ–એ વીર પ્રભુનો અનુપમ ગુણ' વિગેરે ત્રણ લેખો આત્મામાં **સહનશીલતા**રૂપ ગુણ ઉત્પન્ન કરવાને જાગૃતિ અર્પે છે; રા૦ **ચોક**સીના '**આત્માની ત્રણ અવસ્થા**' વિગેરે લગભગ બાર લેખો **સં**સ્કારી અને ઉચ્ચ શૈલિવાળા છે; રા૦ **ચતુર્ભુજ જ**યચંદના 'આત્મદર્શન'ના બે લેખો આધ્યાત્મિક જીવન માટે ઉપયોગી છે; '**અભ્યં**કર નૃપતું ચરિત્ર' વિગેરે અનુવાદમય ત્રણ લેખો સભાના સેક્રેટરી રા૦ **વલ્લ**ભદાસ ગાંધીના છે; રા૦ **રાજ**પાળ વહોરાના 'ગુજરાતી કહેવત સંગ્રહના' બે લેખો વ્યવહાર અને ધર્મમાં ઉપયોગિતાની ગરજ સારે છે; 'પરમાત્માનું અધિરાજ્ય' વિગેરે ચાર લેખો કે જે Key of Knowledge ગ્રંથ અંગ્રેજીમાં બાબુ **ચં**પતરાય જૈની બાર–એટ–લો.એ વિદ્વત્તાપૂર્ણ બહાર પાડેલો છે તેનો અનુવાદ ક્રમશઃ આપવામાં આવેલો છે જેમાં નક્કર તત્ત્વજ્ઞાન ભરેલું છે; રા. **ભો**ગીલાલ સાંડેસરા કે જે પ્રાચીન ઇતિહાસ સંબંધેના મુખ્ય લેખક છે તેમણે સ્વ. પૂ. **ચતુર**વિજયજી મહારાજના જીવન પરત્વે 'એક વિદ્યાવ્યાસંગી ત્યાગીજીવનની સુવાસ'-રૂપે સ્વર્ગસ્થના સાહિત્યમય જીવનનું સુંદર દિગ્દર્શન કરાવેલ છે; 'કર્તવ્ય મીમાંસા અને પાંચ સકાર' વિગેરે છ લેખો રા. **અભ્યાસી** બી. એ. જેઓ આ સભાના સેક્રેટરી વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ છે તેમના અનુવાદમય આવેલા છે; આ તમામ લેખો અનેક રહસ્યોથી પૂર્ણ છે; 'અનેકાંત' માસિકમાંથી ઉધ્ધૃત 'શ્રી હરિભદ્રસૂરિ' વિગેરે પાંચ લેખો આપવામાં આવ્યા છે; આ સિવાય 'પ્રવાહના પ્રશ્નો'ના છ લેખો શેઠ હરિલાલ દેવચંદભાઇના તથા વર્તમાન સમાચારના બાર લેખો આ સભાના સેક્રેટરીના છે; તદુપરાંત શ્રી કુંદકુંદાચાર્ય તથા સ્વામી **રામ**તીર્થના વચનામૃતોના સંક્ષિપ્ત અવતરણો આપવામાં આવ્યા છે. અને 'નૂતનવર્ષનું મંગલમય વિધાન' માસિક કમિટી તરફથી આપવામાં આવેલું છે. આ તમામ લેખોમાં કેટલાક અનુવાદમય, કેટલાક અંતઃસ્ફુરિત, કેટલાક લાક્ષણિક સર્જકતાવાળા, અને કેટલાક તત્ત્વજ્ઞાનરૂપ હોઇ આત્મામાં પ્રકાશ ઉત્પન્ન કરી, જગત અને આત્માનું ભેદજ્ઞાન પ્રાપ્ત કરાવનારા સંક્ષિપ્તમાં અમોને લાગ્યા છે. આ સભાને મળતાં ભેટના ગ્રંથોની સમાલોચનાવાળા લેખો સેક્રેટરીના લખેલા છે.

**ભાવના.**

પ્રસ્તુત નવીન વર્ષમાં શ્રીમદ્ **આનં**દઘનજીના 'જિનવરમાં સઘળાં દર્શન છે' એ વચનાનુસાર **જૈન**દર્શનનાં સિદ્ધાંતો સર્વદર્શનોનાં સમન્વયરૂપે (Compromise) કેમ બને તેવી સુંદર શૈલીથી લેખો આપવા ઇચ્છા રાખેલી છે; દેવ, ગુરુ અને ધર્મની શ્રદ્ધા સાથે કેળવણીની પ્રગતિ વિશેષ પ્રમાણમાં પ્રકટી, આત્માનુભવની ઝાંખી થાય તેવા હેતુપુરઃસર નવીન વર્ષમાં લેખો આવશે; આ અમારી ભાવનાની સફળતા સાક્ષર લેખકો ઉપર નિર્ભર છે. પ્રસ્તુત પત્ર સાથે સહાનુભૂતિ ધરાવનાર તરીકે પૂજ્ય મુનિશ્રીઓ અને અન્ય સાક્ષર લેખકોનો આભાર માનીએ છીએ તેમ જ નવીન વર્ષમાં અમારી ભાવનાઓને વિશેષ બળ માટે તેવી વિચારપ્રણાલિકાને લંબાવી **જૈન** સમાજને વિશેષ ઉપયોગી લેખો આપવા સાદર નિમંત્રીએ છીએ. આ માસિકની સાઇઝ ફેરવતાં તેમજ તેની સુંદરતામાં વૃદ્ધિ કરતા અમારા ગ્રાહકો અને અન્ય બંધુઓએ પોતાના તરફથી સંતોષ અને આનંદ વ્યકત કરેલા પત્રો આવેલા છે. ગત વર્ષમાં સભાના સિરિઝના ગ્રંથોની પ્રણા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લિકા ચાલુ રહેલી છે. વાસુપૂજ્યચરિત્ર ભાષાંતર તથા સતી દમયંતી અને આદિનાથ ચરિત્ર (પદ્માનંદ મહાકાવ્ય) ભાષાંતર છપાય છે તથા બૃહત્કલ્પસૂત્રનાં પાંચ વિભાગો બહાર પડી ચૂકેલા છે અને છઠ્ઠો ભાગ છપાય છે. વસુદેવ હિંડિના બે વિભાગોનું પ્રકાશન થયેલું છે અને ત્રીજો વિભાગ છપાય છે; ઉપરાંત પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ, ધર્માભ્યુદય મૂળ મલયગિરિ વ્યાકરણ, કથારત્નકોષ, શ્રી દેવભદ્રસૂરિકૃત શ્રી નિશિથચૂર્ણી સૂત્ર ભાષ્યસહિત પ્રેસ કોપી થાય છે. ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર પર્વ ૨–૩–૪–૫–૬ છપાય છે; સિવાય આત્માનંદ શતાબ્દિ સિરિઝના ગ્રંથોનું પ્રકાશન કાર્ય પણ ચાલુ છે; તેના પાંચ પુસ્તકો લગભગ બહાર પડી ચૂકેલા છે; સ્ત્રી ઉપયોગી સિરિઝ પણ ચાલુ છે અને પ્રત્યેક માસિકનું મુખપત્ર તીર્થક્ષેત્રો વિગેરેના કલામય ધાર્મિક ચિત્રોથી અલંકૃત કરવામાં આવેલું છે અને નવીન વર્ષમાં પણ આવશે. જ્ઞાન કે જે અરૂપી આત્મગુણ છે તેને સંપૂર્ણપણે વિકસાવવામાં યત્કિંચિત્ સાધન તરીકે વ્યવહાર ભૂમિકામાં જે સ્થૂલ પ્રકાશનો માટે અમારું અસ્તિત્વ છે તેની યથાશક્તિ સેવા બજાવવા માટે અમારું અંતઃકરણ પ્રશસ્ત આનંદ અનુભવે છે.

**અંતિમ પ્રાર્થના—**

કવિસમ્રાટ્ ડૉ. રવિન્દ્રનાથ ટાગોર કે જેમણે તાજેતરમાં જ ઓક્સફર્ડ યુનિવર્સિટી તરફથી અપાયેલ પદવી પ્રસંગે પ્રાર્થનામાં કહ્યું છે કે “ અંધકારમાં અસીમ ડૂબેલી માનવજાતને હજી સંપૂર્ણતાએ પહોંચવાનું છે. અત્યારે ક્ષણે ક્ષણે દેખાતાં અંધકારનાં બળો જે દિવસે સત્યનો પ્રકાશ ઉતરશે તે દિવસે દૂર થઇ જશે.” કવિવર્ય શ્રી નાનાલાલ પણ વિશ્વગીતા કાવ્યમાં કહે છે કે:—

“ સજાતિય ને ચેતન સખા,
કે કોણે ઘડી છે આત્માની જંજીરો ?
જગત્ એટલે આત્માની જંજીરો. ”

આ બન્ને મહાન્ વ્યક્તિઓના કથન સાથે સમન્વય કરતાં જૈન દષ્ટિ વદે છે કે અમરત્વ એ આત્માનો જન્મહક છે. આત્મા પોતાના સ્વરૂપને શોધી શકે તેટલા માટે તેણે અભ્યાસ અને ચિંતવનવડે તે બાબતનો ગાઢ અનુભવ મેળવવો જોઇએ: વાસ્તવિક રીતે આત્મા અનંતકાળ પર્યંત વિદ્યમાન છે; આ સત્યનું સહજ સરખું ભાન પણ ઉદયમાન થતાં આત્મસામર્થ્ય અને આત્મપ્રતિભા ( Soul-light )નું અપૂર્વ ભાન થવા લાગે છે; શ્રીમદ્ દેવચંદ્રજીએ શ્રી અજિતનાથના સ્તવનમાં નિવેદન કરેલા “ અજકુલગત કેસરી લહેરે નિજ પદ સિંહ નિહાળ ” ના દષ્ટાંતવાળા વાક્યાનુસાર આત્મા પોતાનું સામર્થ્ય અનુભવજ્ઞાનથી ઓળખે છે અને જાણે છે કે જળ, અગ્નિ અને વાયુ આદિ ભૌતિક તત્ત્વો મારા સ્વરૂપને ભેદવાને અશક્ત છે અને તે તત્ત્વોની કસોટીમાં ઉતરવા છતાં પણ આત્માનું અમરત્વ જેમનું તેમ ટકી રહ્યું છે. આ રીતે અમરત્વની પ્રતીતિ થતાં નિશ્ચય સમ્યક્ત્વ પ્રકટે છે અને જ્ઞાન અને ચારિત્ર સાથે શ્રદ્ધા–ભાસન-રમણતા–પ્રકટતા સંપૂર્ણ આત્માનંદ પ્રકટવાના સંજોગો પ્રાપ્ત થાય છે;–આ આંતરસૃષ્ટિનું ઉચ્ચ સ્વરૂપ પ્રાપ્ત કરવાની કળા પ્રત્યેક વાચક પ્રાપ્ત કરે, અને પ્રસ્તુત પત્રના વાંચકોમાં દર્શન, જ્ઞાન, ચારિત્રની જ્યોતિ વિસ્તરી આધ્યાત્મિક આનંદ ઉત્પન્ન થઇ નવચેતના પ્રકટે–એ માંગલિક ઇચ્છા સાથે તેમજ બાહ્ય જગત્માં પ્રકટી રહેલો યુદ્ધ દાવાનળ શાંત થવાના ઉન્નતગામી આશાવાળા ભારતભૂષણ પંડિત મદનમોહન માલવીયાજીની યજ્ઞ–પ્રાર્થના સાથે જૈન શાસનના અધિષ્ઠાયક દેવની પ્રાર્થનાનો સૂર મિલાવી–અમો પણ–બૃહત્શાંતિનો નીચેનો શ્લોક જગત્‌ની શાંતિ અર્થે સાદર કરી વિરમીએ છીએ.

**शिवमस्तु सर्वजगतः,**
**परहितनिरता भवंतु भूतगणाः ।**
**दोषाः प्रयान्तु नाशं,**
**सर्वत्र सुखी भवतु लोकः ॥**

“ અખિલ જગત્‌નું કલ્યાણ હો ! પ્રાણીઓ પરહિતમાં તત્પર થાઓ ! દોષો નાશ પામો અને માનવગણ સર્વત્ર સુખી થાઓ. ”

ॐ **शांतिः शांतिः शांतिः**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[ લેખકઃ—મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ]

# વિચારરાશી અને વચનામૃતના વાક્યો.

( ૧ )

ધર્મનો ફેલાવો કરનારા વિદ્વાનો છે. મૂર્ખો ધર્મનો બોધ દેવા અને તેનો ફેલાવો કરવા શક્તિમાન થતા નથી. જે ધર્મમાં ધર્મના નેતાઓનું પદ મૂર્ખાઓ ભોગવે છે તે ધર્મની પડતી થયા વિના રહેતી નથી.

( ૨ )

જ્ઞાન વિના ધર્મનું સ્વરૂપ સમજાતું નથી. જ્ઞાન વિના ક્રિયાઓનાં રહસ્ય સમજાતાં નથી. જે ધર્મમાં જ્ઞાન વિના કુલાચારે ધર્મની ક્રિયાઓ કરવામાં આવે છે તે ધર્મના મનુષ્યો કૂવાના દેડકા સમાન છે. પોતાના ધર્મની પ્રશંસા તો દરેક ધર્મવાળાઓ કરે છે અને પ્રત્યેક ધર્મવાળાઓ પોતપોતાના ધર્મને સત્ય કહે છે; પણ સત્યને અપેક્ષાએ સમજ્યા વિના પ્રત્યેક ધર્મવાળાઓ ભૂલ કરે છે. જૈન ધર્મશાસન અપેક્ષાએ સર્વ વસ્તુઓના ધર્મને ગ્રહણ કરે છે. માટે સર્વદા સર્વથા જૈન શાસન સર્વ ધર્મોના સત્યાંશને ગ્રહણ કરે છે તેથી તે મહાન્ ધર્મ કહેવાય છે.

( ૩ )

કોઇના ધર્મની નિન્દા કરવા માત્રથી પોતાના ધર્મનો ઉદય થતો નથી. અન્ય ધર્મપાળનારા ઉપર દ્વેષ ન પ્રગટવો જોઇએ, કિન્તુ કરુણાભાવ પ્રગટવો જોઇએ. જૈન ધર્મની ઉન્નતિ કરવી હોય તો જૈન ધર્મના તત્ત્વોનો પ્રચાર કરો. જૈન તત્ત્વો જગતને સમજાવો અને સર્વ જીવોને શુદ્ધ પ્રેમથી ધર્મનું સ્વરૂપ સમજાવો; પણ કોઇના ઉપર દ્વેષ કરો નહિ. અન્ય ધર્મ પાળનારાના ઠેકાણે તમે પણ કોઈ વખત હતા પણ તેઓનું બુરુ ન ચિંતવતાં અન્યોનું ભલું કરવા પ્રયત્ન કરો.

( ૪ )

આખી દુનિયામાં કયો ધર્મ વિશેષ ફેલાય અને તે શાથી તો તેના ઉત્તરમાં કહેવું પડશે કે જેનામાં સત્ય, દયા અને શુદ્ધ પ્રેમ હશે તે ધર્મ જગતમાં ફેલાશે. વિશાળ દૃષ્ટિથી ધર્મનો ફેલાવો થાય છે. અને સંકુચિત દૃષ્ટિથી ધર્મનો વાડો વાળી શકાય છે.

( ૫ )

મધ્યસ્થ દૃષ્ટિથી જગતના સર્વ ધર્મોનાં તત્ત્વો વિચારો અને પક્ષપાત ત્યાગીને જે જે ધર્મમાં જે જે અંશે સત્ય રહ્યું હોય તેનો સ્વીકાર કરો. સમજવાથી સત્યધર્મ પ્રાપ્ત થાય છે. રાગ અને દ્વેષની મલિન દૃષ્ટિથી સત્ય ધર્મનું રહસ્ય સમજી શકાતું નથી.

( ૬ )

સત્ય તત્ત્વ સમજવાને માટે જ્ઞાનીઓની સંગતિ કરો,—સત્યની સિદ્ધિ અને અસત્યને જુદું પાડવાની શક્તિ—પ્રાપ્ત કરો

( ૭ )

સ્યાદ્વાદ ધર્મનું સ્વરૂપ ગુરુગમપૂર્વક સમજવામાં આવે તો સત્ય હાથમાં આવશે અને પક્ષપાત દૃષ્ટિનો નાશ થશે. પૂર્વકાળમાં જૈનધર્મ જગતમાં સર્વત્ર ફેલાયો હતો તેનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણ આ જ હતું. જૈન ધર્મનું સ્વરૂપ જો નયોની અપેક્ષાએ પરિપૂર્ણ સમજાય છે તો દુનિયાના સર્વ ધર્મોનું સ્વરૂપ સમજી શકાય છે.

(૮)

ધર્મનો ફેલાવો કરનારા સાધુઓ છે. સાધુઓ પણ વિદ્વાન્ હોવા જોઇએ (મૂર્ખા ન હોવા જોઇએ) તેમની ભક્તિ કરવી જોઇએ. સાધુઓ તત્ત્વજ્ઞાનના માર્ગમાં પ્રવેશ કરશે અને જગતના કલ્યાણ માટે સર્વ મનુષ્યોને પોતાના આત્મસમાન ગણી બોધ આપશે ત્યારે જૈન ધર્મનો ઉદય થશે.

(૯)

પોતાનો ધર્મ સારો છે એમ તો પ્રત્યેક મનુષ્યો કહે છે, પણ પોતાના ધર્મની ખૂબીઓ વિના તેનો સ્વીકાર થતો નથી. અજ્ઞાની મનુષ્યો પશુઓ જેવા છે. તેઓને ગમે તે ધર્મનો વિદ્વાન પોતાના ધર્મમાં લઇ જાય છે. અજ્ઞાનીઓ નાના બાળક જેવા છે. તેઓનાથી ધર્મનો ફેલાવો થઈ શકતો નથી. અને તેઓ આંખ મીંચીને મોક્ષના માર્ગમાં દોડે છે.

(૧૦)

દયા, પ્રેમ, સત્ય, સમતા, ભક્તિ, સુવ્રત, સર્વત્ર સમાનભાવ અને વૈરાગ્ય આદિ સદ્ગુણો વિનાનો વિદ્વાન્ બાવળના વૃક્ષ સમાન જગતમાં કલેશના કાંટા વેરે છે, અને જગતમાં પોતાનો ધર્મ ફેલાવી શકતો નથી. સદ્ગુણોથી મનુષ્યોનું ધર્મમાં આકર્ષણ કરી શકાય છે. કોઈ પણ ધર્મના તત્ત્વોની અસત્યતા જે જે અંશે હોય તેને તમે દલીલોથી અસત્ય ઠરાવી શકો તો તે યોગ્ય છે પણ અન્ય ધર્મીના પર અરુચિ, દ્વેષ અને તેની જાતનિંદા કરવાનો તમને અધિકાર નથી. અન્ય ધર્મીઓની નિંદા કરવાથી પોતાની તથા પોતાના ધર્મની ઉન્નતિ થઈ શક્તી નથી. અન્ય ધર્મીઓને સત્ય ધર્મ અને અસત્ય ધર્મનો ભેદ સમજાવો પણ તેઓની જાતનિંદા કરશો તો આત્માનો ગુન્હો કરશો. કોઈની જાતનિંદા કરી તેની લાગણી દુઃખવવાનો તમને કોઇએ હક્ક આપ્યો નથી. કોઇની જાતનિંદા કરવી તે એક પ્રકારની હિંસા જ છે.

(૧૧)

કોઈના ઉપર જુઓ ત્યારે મનમાં મૈત્રીભાવના રાખશો, તમારામાં જ સર્વ સદ્ગુણો છે અને અન્ય સર્વ દોષી છે એવી દૃષ્ટિથી કોઈને દેખશો નહિ. તમો અન્યને જેવા ધારો છો તેવા તમને પણ અન્ય ધારતા હશે. તમો અન્યને દોષી દેખશો તો અન્ય તમને દોષી દેખશે. તમારે દુનિયામાંથી સારુ ગ્રહણ કરવું હોય તો સર્વત્ર ગુણદૃષ્ટિથી ગુણ લેવાનો અભ્યાસ પાડવો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખકઃ—શાસનપ્રભાવક આ. શ્રીમદ્ વિજયમોહનસૂરીશ્વરજી પ્રશિષ્ય
પં. શ્રી ધર્મવિજયજી ગણિ

# શ્રી શ્રુતજ્ઞાન.

[ ગત વર્ષના પૃષ્ઠ ૩૦૦ થી ચાલુ ]

## અવાન્તર સાસ્વાદન સમ્યક્ત્વનું સ્વરૂપ.

ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક સમ્યક્ત્વનું સ્વરૂપ જણાવ્યા બાદ હવે 'સાસ્વાદન' સમ્યક્ત્વનું સ્વરૂપ કહેવામાં આવે છે.

**सास्वादनसम्यक्त्व—आस्वादनेन सह वर्त्तत इति सास्वादनम्, सास्वादनं च तत्सम्यक्त्वमिति सास्वादनसम्यक्त्वम् ।** સમ્યક્ત્વના આસ્વાદ સાથે જે હોય તે સાસ્વાદન, અર્થાત્ સમ્યક્ત્વના સ્વાદવાળું જે સમ્યક્ત્વ તે સાસ્વાદન સમ્યક્ત્વ કહેવાય. કોઇ એક મનુષ્યને ક્ષીરનું ભોજન કર્યા બાદ મક્ષિકા વિગેરે ગમે તે નિમિત્તે વમન થાય તે અવસરે ક્ષીરનું ભોજન કરેલું હોવાથી ક્ષીરનો યત્કિંચિત્ પણ સ્વાદ જેમ તે અનુભવે છે તે પ્રમાણે ઔપશમિક સમ્યક્ત્વરૂપી ક્ષીરનું ભોજન કર્યા બાદ અનન્તાનુબન્ધિકષાયોદયરૂપ મક્ષિકાદિ નિમિત્તથી એ ઔપશમિક સમ્યક્ત્વને વમી નાખે તે અવસરે તેને યત્કિંચિત્ પણ સમ્યક્ત્વનો સ્વાદ હોય છે. આ કારણથી આવા યત્કિંચિત્ સ્વાદવાળા સમ્યક્ત્વને સાસ્વાદન સમ્યક્ત્વ કહેવામાં આવ્યું છે. અથવા તો તેને **सासादन सम्यक्त्व** પણ કહેવામાં આવે છે, તેની વ્યાખ્યા આ પ્રમાણે—**आयमौपशमिकसम्यक्त्वलाभलक्षणं सादयत्यपनयति इति आयसादनम्, अनन्तानुबन्धिकषायवेदनम्, अत्र पृषोदरादित्वाद्यशब्दलोपः, ततः सह आसादनेन वर्त्तत इति सासादनम् ।** ઔપશમિક સમ્યક્ત્વરૂપ લાભનો જે વિનાશ કરે તે **आयसादन** કહેવાય. અનન્તાનુબન્ધિકષાયોદયથી ઉપશમ સમકિત રૂપ લાભનો નાશ થાય છે માટે અનન્તાનુબન્ધિકષાયોદય એ જ આયસાદન. વ્યાકરણમાં આવતા '**पृषोदरादीति यथोपदिष्टम्**' એ સૂત્રવડે 'ય'નો લોપ કરવાથી 'આસાદન' રહ્યું. એવા આસાદન સહિત જે સમ્યક્ત્વ હોય તે 'સાસાદન-સમ્યક્ત્વ' કહેવાય છે. તાત્પર્ય એ થયું કે—ઔપશમિક સમ્યક્ત્વના અન્તર્મુહૂર્ત્ત જેટલા કાળમાંથી જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી છ આવલિકા જેટલો કાળ બાકી રહે ત્યારે જીવને અનન્તાનુબન્ધિનો ઉદય થાય છે, અને એ અનન્તાનુબન્ધિનો ઉદય થવાથી આત્મા સમ્યક્ત્વને વમીને મિથ્યાત્વ પ્રાપ્ત કરે છે. ફક્ત વમનકાળમાં યત્કિંચિત્ સમ્યક્ત્વનો આસ્વાદ રહેલો હોવાથી તેને સાસ્વાદન સમકિત તરીકે કહેવાયું છે. આ સમકિતને અંગે શાસ્ત્રકારો બીજું પણ ઉદાહરણ આપે છે—સાત માળની હવેલી ઉપરથી એક વ્યક્તિ ગમે તે કારણે નીચે પડી, અને હજુ ભોંયતળીએ પહોંચેલ નથી, દરમ્યાન વચલો કાળ અમુક તો માનવો જ જોઇએ. તે પ્રમાણે ઉપશમ સમકિતરૂપ પ્રાસાદમાંથી ઉપર જણાવ્યા મુજબ અનન્તાનુબન્ધિનો ઉદય થવાથી આ આત્મા નીચે પડ્યો પરંતુ હજુ મિથ્યાત્વરૂપ ભોંયતળીએ પહોંચ્યો નથી, દરમ્યાન જે વચલો કાળ છે તેને સાસ્વાદન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમ્યક્ત્વ કહેવાય છે, જે માટે શ્રી બૃહત્કલ્પ-સૂત્રની ટીકામાં કહ્યું છે કે– **यथा मालात्प्रपतन् भूमिमप्राप्तोऽपान्तराले वर्त्तते तथोपशमसम्यक्त्वात् प्रपतन् मिथ्यात्वमद्याप्यप्राप्तोऽपान्तराले वर्त्तमानः सासादनः ॥ [ गाथा १२७ ]** શ્રી ગુણસ્થાનકક્રમારોહ ગ્રન્થમાં શ્રીમાન્ રત્નશેખરસૂરીશ્વરજી મહારાજાએ પણ એ જ ભાવાર્થ નીચેના શ્લોકોમાં જણાવેલ છે.

एकस्मिन्नुदिते मध्याच्छान्तानन्तानुबन्धिनां ।
आद्यौपशमसम्यक्त्व-शैलमौलेः परिच्युतः ॥११॥
समयादावलीषट्कं, यावन्मिथ्यात्वभूतलम् ।
नासादयति जीवोऽयं,तावत्सास्वादनो भवेत्॥१२॥

**ભાવાર્થ**ઃ—ઉપશાન્ત થયેલા ચાર અનન્તાનુબન્ધિ કષાયો પૈકી કોઇ એક પણ ક્રોધાદિ કષાય ઉદય પામતાં સર્વપ્રથમ ઔપશમિક સમ્યક્ત્વરૂપ પર્વતના શિખર ઉપરથી પ્રચ્યુત થયેલો–પડતો જીવ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટ છ આવલિકા પર્યંત જ્યાં સુધી મિથ્યાત્વરૂપ ભૂમિતલને પ્રાપ્ત થયો નથી ત્યાં સુધી અન્તરાલ કાળમાં તે જીવ સાસ્વાદન સમ્યક્ત્વવાળો કહેવાય છે. [ શ્લોક. ૧૧–૧૨ ]

શ્રી બૃહત્કલ્પસૂત્રકાર મહર્ષિ આ બાબતમાં એક વધુ ઉદાહરણ આપે છે, જે આ પ્રમાણેઃ—

आसादेउं व गुलं, ओहीरंतो न सुट्ठु जा सुयति ।

**टीका—यथा कश्चित् पुरुषो गुडमास्वाद्य तदनन्तरं 'ओहीरति' निद्रायते, न पुनः सुष्ठु अद्यापि स्वपिति, स च निद्रायमाणोऽव्यक्तमास्वादितगुडमाधुर्यमनुभवति एवमुपशमसम्यक्त्वात् प्रच्यवमानो मिथ्यात्वमद्याप्यप्राप्तोऽव्यक्तमुपशमगुणं वेदयते इति सम्यगुदृष्टिः । गाथा १२८।**

**ભાવાર્થ**ઃ—જેમ કોઇ માણસ ગોળ અથવા સાકર ખાઇને પછી સૂઇ જાય પરંતુ હજુ બરાબર ઊંઘ્યો નથી એવો તે સૂતેલો માણસ ખાધેલ ગોળ અથવા સાકરની મીઠાશનો અવ્યક્તપણે અનુભવ કરે છે, તે પ્રમાણે ઉપશમસમકિતથી ખસતો અને હજુ મિથ્યાત્વે નહિં પહોંચેલો એવો આત્મા અવ્યક્તપણે ઉપશમ ગુણનો અનુભવ કરે છે, તે માટે તેને સાસ્વાદનસમ્યગ્દૃષ્ટિ કહેવાય છે.

આ સાસ્વાદન સમ્યક્ત્વ ચૌદ ગુણસ્થાનોમાં બીજે ગુણસ્થાનકે જ હોય છે, અને તે પણ ઉપશમસમ્યક્ત્વથી પડતાને જ આ સમ્યક્ત્વ આવી શકે છે. ક્ષાયિક સમકિત પ્રાપ્ત થયા પછી તે તો સદાકાળ રહેવાનું હોઇ તેમાંથી પ્રતિપાતનો સંભવ જ નથી એટલે ક્ષાયિકમાંથી સાસ્વાદનને અવકાશ છે જ નહિં. ક્ષાયોપશમિક સમકિતમાંથી પડતો આત્મા સીધો મિશ્ર અથવા મિથ્યાત્વે જાય છે, પરંતુ સાસ્વાદનભાવને પામી શકતો નથી, માટે ક્ષાયિક–ક્ષાયોપશમિક સિવાય બાકીના એક ઉપશમ સમકિતમાંથી પડતો આત્મા જ આ સાસ્વાદન સમકિત પામવાની યોગ્યતાવાળો છે. આ વિચારણામાંથી એ પણ એક તત્ત્વ નીકળે છે કે–મોક્ષપ્રાપ્તિના ક્રમમાં જે ચૌદ ગુણસ્થાનકો જણાવવામાં આવેલા છે તે પૈકી સાસ્વાદન સિવાય ઉપશાંતમોહ સુધીના દશ ગુણસ્થાનકો આરોહણ-અવરોહણ બન્ને સ્વભાવવાળાં છે. ક્ષીણમોહ, સયોગીકેવલી અને અયોગીકેવલી એ ત્રણ ગુણસ્થાનકો અવરોહણનો અસંભવ હોવાથી કેવલ આરોહણ સ્વભાવવાળાં છે જ્યારે આ સાસ્વાદન ( બીજું ) ગુણસ્થાનક ઉપશમસમકિતથી પડતા આત્માને જ પ્રાપ્ત થતું હોવાથી ફક્ત અવરોહણ સ્વભાવવાળું જ છે. ઉપશમસમકિતથી ખસતા આત્માને આ સાસ્વાદન હોય છે. તે ઉપરાંત સાસ્વાદનને આવ્યા બાદ અવશ્ય તે આત્મા મિથ્યાત્વે જ જાય છે. આ ઉપરથી એ પણ સ્પષ્ટ સમજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકાય છે કે-પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનકેથી આત્મા બીજા સાસ્વાદન ગુણઠાણે જઇ શકતો નથી, ચોથા ગુણસ્થાનમાંથી જ બીજા ગુણસ્થાનમાં આવે છે અને બીજે ગુણસ્થાને આવ્યા બાદ તેને મિથ્યાત્વપ્રાપ્તિ અવશ્યંભાવિની હોય છે.

**પ્રશ્ન**:– જ્યારે ઉપર જણાવવા પ્રમાણે સાસ્વાદન સમકિત અવરોહણ સ્વભાવવાળું જ છે, તો તેને ગુણસ્થાન શા માટે કહેવામાં આવે છે?

**ઉત્તર**:—મિથ્યાત્વ ગુણસ્થાનની અપેક્ષાએ સાસ્વાદન ભાવ પણ ઉચ્ચ ગણાય છે, કારણ કે મિથ્યાત્વ ગુણસ્થાન તો ભવ્ય-અભવ્ય બન્નેને હોય છે અને આ સાસ્વાદન ગુણસ્થાન ફક્ત ભવ્યજીવને જ હોઇ શકે છે. પુનઃ ભવ્યજીવોમાં પણ જેઓનો સંસાર અપાર્ધપુદ્‌ગલપરાવર્તન માત્ર અવશેષ હોય તેઓને જ હોય છે, કારણ કે સિધ્ધાન્તમાં કહ્યું છે કે—" **अंतोमुहुत्तमित्तंपि फासियं हुज्ज जेहि सम्मत्तं। तेसिं अवड्ढपुग्गलपरियट्टो चेव संसारो ॥ १ ॥** ભાવાર્થ:—જે જીવોને અન્તર્મુહૂર્ત માત્ર પણ સમ્યક્‌ત્વ સ્પર્શ્યું હોય તે જીવોનો નિશ્ચય અપાર્ધપુદ્‌ગલપરાવર્ત જેટલો અલ્પસંસાર બાકી રહેલો જાણવો." આ વચન પ્રમાણે સાસ્વાદન સમ્યક્‌ત્વ ઉપશમસમ્યક્‌ત્વ વિના અસંભવિત હોવાથી મિથ્યાત્વ ગુણસ્થાનથી આગળ અધિક ગુણવાળું સ્થાન છે, માટે સાસ્વાદન એ ગુણસ્થાનક હોઇ શકે છે.

મિથ્યાત્વ ગુણસ્થાનકે ૧૧૭ પ્રકૃતિઓનો બંધ છે, ૧૧૭ પ્રકૃતિઓનો ઉદય છે, ૧૪૮ની સત્તા છે, જ્યારે સાસ્વાદન ગુણસ્થાનકે ૧૦૧ પ્રકૃતિઓનો બંધ, ૧૧૧ નો ઉદય અને તીર્થંકરનામકર્મ સિવાય ૧૪૭ની સત્તા હોય છે. આ અપેક્ષાએ પણ મિથ્યાત્વ ગુણસ્થાન કરતાં સાસ્વાદન ગુણસ્થાન ઉચ્ચ કોટિનું છે.

સ્થૂલ દૃષ્ટિએ આ ગુણસ્થાન સંકિલષ્ટ અધ્યવસાયવાળું હોવાથી સંકિલષ્ટ-વિશુધ્ધ ઉભયસ્વભાવવાળા મિથ્યાત્વગુણસ્થાન કરતાં કેમ ઉચ્ચ ગણાય? ઇત્યાકારક શંકા જરૂર થાય, પરંતુ લક્ષાધિપતિ શ્રીમંત માણસને પચાસ હજારનું નુકસાન થવા છતાં પચાસ હજારની મિલ્કત બાકી રહેલી હોવાથી (ભલે તેને નુકસાન થયેલ છે તો પણ) પચીસ હજારની મિલ્કતવાળા શ્રીમંતની અપેક્ષાએ તે ઉચ્ચ ગણાય છે. તે પ્રમાણે અહીં પણ બંધ-ઉદય-સત્તા, ભૂતકાલીન સમ્યક્‌ત્વપ્રાપ્તિની અપેક્ષાએ સામાન્યતઃ મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાન કરતા સાસ્વાદન ગુણસ્થાન ઉચ્ચ ગણવામાં આવેલ છે. અને ગુણસ્થાન તરીકે તેનું પ્રતિપાદન શાસ્ત્રકાર ભગવંતોએ કરેલ છે.

**પ્રશ્ન**:—એક આત્મા મિથ્યાદૃષ્ટિ છતાં સમ્યક્‌ત્વની સન્મુખ થયેલો છે અને બીજો આત્મા સાસ્વાદન ગુણસ્થાનકે છે. આ બેમાંથી કોણ ઉચ્ચ કોટિનો ગણાય? અર્થાત્ આત્મિક વિશુદ્ધિ કોની વધુ ગણાય?

**ઉત્તર**:--સાસ્વાદન ગુણસ્થાનક એ મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકની અપેક્ષાએ સામાન્યતઃ ઉચ્ચ ગુણસ્થાન હોવા છતાં સમ્યક્‌ત્વ સન્મુખ થયેલો મિથ્યાદૃષ્ટિ તે સાસ્વાદન કરતાં વધુ ઉચ્ચ કોટિનો ગણી શકાય અને નિર્મલતા પણ તેની જ વધારે હોય. પૂર્વોક્ત પ્રશ્નોત્તરમાં સાસ્વાદનને મિથ્યાદૃષ્ટિની અપેક્ષાએ જે ઉચ્ચ કોટિનો જણાવેલ છે તે સામાન્ય મિથ્યાદૃષ્ટિની અપેક્ષાએ જણાવેલ છે અને તે બરાબર છે, પરંતુ સમકિતની સન્મુખ થયેલા આત્માને જે વિશુધ્ધિ, વીર્યોલ્લાસ અને લેશ્યાની નિર્મળતા હોય છે તે જો બરાબર વિચારવામાં આવે તો સાસ્વાદનની અપેક્ષાએ તે સમ્યક્‌ત્વાભિમુખ મિથ્યાદૃષ્ટિ આત્મા ઉચ્ચ કોટિનો છે તે સહેજે સમજાય તેવી વાત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્નઃ**—ઉપશમસમ્યક્ત્વને પ્રાપ્ત કરનારો પ્રત્યેક આત્મા શું અવશ્ય સાસ્વાદન ગુણસ્થાનકે જ જાય ?

**ઉત્તરઃ**—આ બાબતમાં બે મત છે. સિધ્ધાન્તકારનું એવું મન્તવ્ય છે કે–'ઉપશમને પ્રાપ્ત કરનારો અવશ્ય સાસ્વાદન ભાવ પામીને મિથ્યાત્વે જ જાય. તેનું પ્રમાણ આ રહ્યું'--

आलंबणमलहंती, जह सट्ठाणं न मुंचए इलिया।
एवं अकयतिपुंजो, मिच्छं चिय उवसमी एइ ॥
[ बृहत्कल्प, गाथा १२० ]

**ભાવાર્થ:**—જેમ ઇયળ આગળના ભાગમાં આલંબનને નહિં પામતી પોતાના સ્થાનને છોડતી નથી, તે પ્રમાણે જેણે ત્રિપુંજકરણ કરેલ નથી એવો મિથ્યાદૃષ્ટિ બીજો કોઇ પણ માર્ગ ન હોવાથી પુનઃ મિથ્યાત્વે આવે છે. મિથ્યાત્વે જતી વખતે સાસ્વાદન ભાવ પામે તેને માટે પ્રમાણ આ રહ્યું—

उवसमसम्मा पडमाणतो उ मिच्छत्तसंकमणकाले ।
सासायणो छावलितो, भूमिमपत्तो व पवडंतो ॥
[ बृहत्कल्प १२७ ]

**ભાવાર્થ**ઃ—મિથ્યાત્વે જવાને સન્મુખ થયેલો ઉપશમસમ્યક્ત્વથી પડતો આત્મા જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી છ આવલિકા પર્યંત વિશાલ મુકામના ઉપલા માળથી પડેલા અને ભોંયતળીએ નહિં પહોંચેલા મનુષ્યાદિની જેમ 'સાસ્વાદન' ભાવને પામેલો ગણાય છે.

ઉપર જણાવેલા આ બન્ને પ્રમાણોથી એ વસ્તુ નક્કી થાય છે કે–' સિધ્ધાન્તકારના મન્તવ્ય પ્રમાણે–જે આત્મા ઔપશમિક સમ્યક્ત્વ પામે તે ત્રિપુંજકરણના અભાવે અવશ્ય મિથ્યાત્વે જાય અને મિથ્યાત્વે જતી વખતે અવશ્ય સાસ્વાદનભાવ પામે.

કર્મગ્રન્થકારો આ બાબતમાં જુદા પડે છે. તેઓનું તો એવું મન્તવ્ય છે કે–'ઔપશમિક સમ્યક્ત્વને પામેલો આત્મા એ ઔપ૦ સમકિતનો કાળ પૂરો થવાના લગભગમાં જેવા પ્રકારની નિર્મળતા હોય તેવા ગુણને પ્રાપ્ત કરે છે, અર્થાત્ ઉપશમ સમકિતનો કાળ પૂર્ણ થવા લગભગમાં જો વિશુધ્ધિ હોય તો ક્ષયોપશમ સમકિત પામે, મધ્યમ અધ્યવસાયો હોય તો મિશ્ર ગુણઠાણે જાય અને સંકલિષ્ટ પરિણામો હોય તો (સાસ્વાદન પામીને) મિથ્યાત્વે જાય જે માટે પૂ. શિવશર્મસૂરિ મહારાજાએ ' શ્રી કર્મપ્રકૃતિ 'માં પ્રતિપાદન કર્યું છે કે–

उवसंतद्धा अंते विहिणा, उक्कड्ढियस्स दलियस्स।
अज्झवसाणणुरुवस्सुदओ, तिसु एक्कयरस्स ॥
( कर्मप्रकृति–उपशमनाकरण गाथा, २२)

**ભાવાર્થ**—ઉપશમસમ્યક્ત્વ સંબંધી કાળના પર્યન્તે અર્થાત્ કાંઇક અધિક એક આવલિકા જેટલો કાળશેષ રહે છતે બીજી ( મિથ્યાત્વ સંબંધી ) સ્થિતિમાં રહેલા સમકિતમોહનીયાદિ ત્રણે પુંજોના દલિકોને ખેંચીને અંતરકરણની ( ઉપશમસમકિત સંબંધી જે કાળ બાકી રહેલ છે તેની ) છેલ્લી આવલિકામાં ગોપુચ્છાકારે ગોઠવે છે. ત્યારબાદ એટલે કે કાંઇક અધિક એક આવલિકા જેટલો કાળ બાકી હતો તેમાંથી પણ ફક્ત એક આવલિકા જેટલો જ કાળ બાકી રહે ત્યારે જેવા અધ્યવસાયો હોય તેવો તે ત્રણે પ્રકારે ગોઠવાયેલા દલિકોમાંથી કોઇ પણ એક પ્રકારના દલિકોનો ઉદય થાય છે, જે માટે ટીકાકાર ભગવંતે જણાવ્યું છે કે–' **यदि तदानीं शुभः परिणामस्तर्हि सम्यक्त्वदलिकस्योदयः, मध्यमश्चेत्परिणामस्तर्हि सम्यग्मिथ्यात्वदलिकस्य, जघन्यश्चेत्ततो मिथ्यात्वदलिकस्येति** ॥ **ભાવાર્થઃ**—જો તે વખતે શુભ પરિણામ હોય તો સમકિતમોહનીયના દલિકો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લે૦ આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

# શું દેવતા સુખી કરી શકે?

**મનુષ્ય** માત્ર સુખી થવાને દેવની સેવા, ભક્તિ, નામસ્મરણ આદિ અનેક પ્રકારની આરાધના કરે છે. આ બધું ય કરતાં પહેલાં દેવને ઓળખવાની ઘણી જ જરૂરત છે. જે માણસને સોનું અથવા તો હીરો જોઇતો હોય તેણે સોનાને અને હીરાને સાચી રીતે અને સારી રીતે ઓળખવો જોઈએ અથવા તો ઝવેરી તથા સરાફની પાસેથી તેની ઓળખાણ શીખી લેવી જોઇએ; કારણ કે વસ્તુની સાચી ઓળખાણ સિવાય સાચી વસ્તુ મેળવી ધારેલું કાર્ય સાધવાની ઈચ્છા સફળ થઈ શકતી નથી.

જેવી રીતે દેવને ઓળખવાની જરૂરત છે તેવી જ રીતે સુખને પણ ઓળખવાની જરૂરત છે. સાચું સુખ ઓળખ્યા સિવાય સાચા દેવ ઓળખી શકાતા નથી, અને સાચી રીતે દેવને ઓળખ્યા સિવાય સાચી રીતે ઉપાસના થઈ શકતી નથી, અને સાચી ઉપાસનાના અભાવે સાચી સુખસિદ્ધિ મળી શકતી નથી.

જેમ મીઠાશ સાકરનો ગુણ છે અને તે સાકરમાં સાકર સ્વરૂપે રહે છે તેવી રીતે સુખ આત્માનો ધર્મ છે અને તે આત્મામાં આત્મસ્વરૂપે રહે છે, અર્થાત્ સાકર તે જ મીઠાશ અને મીઠાશ તે જ સાકર, આત્મા તે જ સુખ અને સુખ તે જ આત્મા. સાકરને

---

(શુધ્ધપુંજ)નો ઉદય થાય, મધ્યમપરિણામ હોય તો મિશ્રમોહનીય(અર્ધશુધ્ધપુંજ)નો ઉદય થાય અને જઘન્ય પરિણામ હોય તો મિથ્યાત્વમોહનીય(અશુદ્ધપુંજ)નો ઉદય થાય.

ઉપર જણાવ્યા પ્રમાણે સિધ્ધાન્તકાર જ્યારે ઔપશમિક સમ્યક્ત્વવાળાને અવશ્ય મિથ્યાત્વે જવાનું જણાવે છે ત્યારે કર્મગ્રન્થકાર ઉપશમ સમકિતવાળાને ક્ષયોપશમ સમકિત, મિશ્ર તેમજ મિથ્યાત્વ એ ત્રણમાંથી ગમે ત્યાં જવાનું જણાવે છે, એટલું જ નહિં પરંતુ એ ઉપશમસમકિતવાળો જો પરિણામની ધારામાં વધતો જાય તો તે ઉપશમ સમકિતમાંથી જ સીધો દેશવિરતિ તેમજ સર્વવિરતિપણાને પણ પામે છે, જે માટે શતકબૃહચ્ચૂર્ણિમાં કહ્યું છે કે—"**उवसमसम्मदिठी अंतरकरणठिओ कोइ देसविरइंपि लभेइ, कोइ पमत्तापमत्तभावंपि**" ભાવાર્થ સ્પષ્ટ છે.

હવે 'ઉપશમ સમકિતના પર્યંત કાળમાં જે જીવને અશુભ પરિણામ આવે તે જીવ મિથ્યાત્વે જાય' એમ જે જણાવ્યું છે તેમાં એટલું ધ્યાન રાખવું કે—મિથ્યાત્વે જાય ખરો પણ *સાસ્વાદનભાવ પામી મિથ્યાત્વે જાય. (અપૂર્ણ)

* આ બાબતમાં કેટલોક વિચારભેદ છે, જે આ પ્રમાણે—કેટલાક વિદ્વાનોનું એવું કથન છે કે—જે આત્માઓ ઉપશમસમકિતને વમીને મિથ્યાત્વે જાય તે અવશ્ય સાસ્વાદનભાવ પામીને પછી જ મિથ્યાત્વે જાય, જ્યારે બીજા કેટલાક વિદ્વાનો એમ જણાવે છે કે—'**छालिगसेसाए परं आसाणं कोइ गच्छेज्जा**' ઈત્યાકારક કર્મપ્રકૃતિની ગાથાનું જે પદ છે તેમાં આપેલ '**कोइ**' એ પદથી ઉપશમસમકિતને વમીને મિથ્યાત્વે જવાવાળા પ્રત્યેક આત્માઓ સાસ્વાદનભાવ પામે જ એવો એકાંત નિયમ નથી. આ બન્નેમાં શું સાચું છે? તે કેવલિગમ્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મીઠાશ મેળવવા પોતાનાથી ભિન્ન ગુણ–ધર્મવાળી અન્ય વસ્તુની જરૂરત હોતી નથી તેવી જ રીતે આત્માને સુખ મેળવવા પોતાનાથી ભિન્ન ગુણધર્મવાળા જડ તથા જડના વિકારોની જરૂર નથી. જડ તથા તેના વિકારોના સંયોગથી સુખ માનવામાં આવે છે તે સુખ નથી પણ દુઃખને જ માની લીધેલું ભ્રામક જ સુખ છે.

જેઓ બનાવટી સુખ મેળવવા જે દેવની ઉપાસના કરે છે તેઓ ઉપાસ્ય દેવ જો કે સાચા જ હોય તો પણ દેવને સાચી રીતે ઓળખ્યા સિવાય ઉપાસના કરવાથી સાચું ફળ તેઓને મળી શકતું નથી અને તેથી તેઓની ઉપાસના મિથ્યા ફળવાળી થાય છે. તેથી કરી કંઈ ઉપાસ્ય દેવની ખામી નથી, પણ ઉપાસક–ભક્તની ખામી છે. સાચા સુખનું સ્વરૂપ ( આત્મામાં રહેલો પોતાનો ગુણ–ધર્મ ) ટુંકાણમાં ઉપર આપણે જોઈ આવ્યા. હવે આપણે આવું સાચું સુખ મેળવવાને સાચા ઉપાસ્ય–દેવનું સાચું સ્વરૂપ સાચી રીતે વિચારી ઉપાસના દરમ્યાન અવશ્ય લક્ષમાં રાખવું જોઈએ.

દેવના માટે સંસારમાં અનેક પ્રકારની માન્યતાઓ ચાલી રહી છે અને તે તેમના પ્રચારક ભક્તોને આભારી છે. હવે દેવ માત્રના સ્વરૂપનો વિચાર કરતાં પહેલાં દેવના બે વિભાગ પાડીએ : એક તો જન્મથી દેવગતિમાં ઉત્પન્ન થયેલા વૈક્રિય શરીરવાળા દેવો અને બીજા મનુષ્ય ગતિમાં ઉત્પન્ન થયેલા આત્મગુણના આવરક કર્મોનો નાશ કરી, કેવળજ્ઞાન મેળવી વિકાસને પામેલા ઔદારિક શરીરવાળા દેવો અર્થાત્ એક દેવ છે અને બીજા મનુષ્ય દેવ. સંસારમાં આ બંને પ્રકારના દેવોમાંથી દેવગતિમાં ઉત્પન્ન થયેલા, જન્મથી જ દેવ કહેવાતા અને પુન્યબળથી કર્મજન્ય કાંઈક વિશિષ્ટ પૌદ્ગલિક શક્તિને ધારણ કરવાવાળા દેવ, દેવની ઉપાસના કરવાવાળાનો પ્રાયઃ પંચાણું ટકા જેટલો ભાગ નીકળી આવશે; કારણ કે સંસારનો મોટો ભાગ પુદ્ગલાનંદી–જડાસક્ત છે.

પુદ્ગલાનંદી જીવો માને છે કે દેવતાઓની ઉપાસના કરવાથી તેઓ પ્રસન્ન થઈને પૌદ્ગલિક સુખના સાધનો મેળવી આપે છે. મનુષ્ય કરતાં વધારે શક્તિવાળા હોવાથી તેમના આધિ–વ્યાધિ, રોગ–શોક, આપત્તિ–વિપત્તિ મટાડી દઈને ધન, સ્ત્રી, પુત્ર, સુખ–સંપત્તિ આદિ આપી શકે છે અને ધારેલું કાર્ય સાધી આવી ઇચ્છાઓ પૂરી કરે છે. પુન્યની નબળાઈથી પૌદ્ગલિક સુખના સાધન વગરના અથવા તો મેળવેલા સાધનોનો ભોગોપભોગ કરવાને અશક્ત બનેલા જ દેવ–દેવની ઉપાસના કરે છે એમ નથી, પણ પુન્ય બળથી મેળવેલા પૌદ્ગલિક સુખના સાધનવાળા જે ભવમાં ઉત્પન્ન થયા તે જ ભવમાં આનંદ માનવાવાળા ભવાભિનંદી જીવો પણ મેળવેલી સુખસંપત્તિ ટકાવી રાખવા અને આપત્તિ–વિપત્તિ ન આવવા દેવા તન–મન–ધનથી સેવા કરે છે, પરંતુ દેહમાં આત્મબુદ્ધિ ધારણ કરી પોતાના સ્વરૂપને ભૂલી ગએલા એ જડાસક્ત જીવો જાણતા નથી કે દેવગતિમાં ઉત્પન્ન થએલા દેવ, મનુષ્યના શુભાશુભના ઉદય સિવાય કાંઈ પણ શુભાશુભ કરી શકતા નથી. મનુષ્ય પોતાના શુભના ઉદયથી અનુકૂળ સંયોગો મેળવી સુખ–સાધનસંપન્ન બની શકે છે. બાકી દેવતાઓ કાંઇ પણ આપી શકતા નથી, કારણ કે દેવગતિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માં ઉત્પન્ન થયા પછી મળેલી સઘળી ઋદ્ધિ ફક્ત પોતાના જ ઉપભોગમાં લઈ શકાય છે. તેમાંથી બીજાને એક વીંટી સરખી પણ આપી શકાય નહિ. દેવતાના ભોગોપભોગની વસ્તુઓ શાશ્વતી હોવાથી ઉત્તરોત્તર ઉત્પન્ન થયેલા દેવતાઓ તે જ વસ્તુઓને વાપરે છે. દેવગતિમાં જીવે ત્યાં સુધી તે વસ્તુઓ વાપરે અને મરે એટલે વાપરેલી વસ્તુઓ હતી તેવી છોડીને ચાલતા થાય અને તે જ વિમાનમાં બીજો જીવ આવી સ્વામીપણે ઉત્પન્ન થાય. તે પાછી તે જ વસ્તુઓને વાપરે, માટે પુન્યબળથી દેવભવમાં ભોગવવા યોગ્ય મળેલી વસ્તુઓને દેવતાઓ પ્રસન્ન થઇને કે દયા કરીને મનુષ્યને દાન કરી શકતા નથી. જમીનમાં રહેલા નિધાનો પણ પોતાની ઇચ્છા પ્રમાણે બીજાને આપી શકે નહિ, કારણ કે દક્ષિણ દિશાનો સૌધર્મેન્દ્ર અને ઉત્તર દિશાનો ઇશાનેંદ્ર સ્વામી હોવાથી તેમની આજ્ઞા સિવાય જમીનમાંના નિધાનોને દેવતા કાઢી શકે નહિ. બાકી વિશિષ્ટ પુન્યના ઉદયથી દેવતા ભૂગર્ભનિધાન કાઢીને અથવા તો વૈક્રિય વસ્તુ બનાવીને કે બીજાને ત્યાંથી ઉંચકી લાવીને આપી શકે છે, પરંતુ પુન્યવાન મનુષ્યોને તો ઉપાસના કર્યા વગર પણ દેવતાઓ આવીને સેવામાં હાજર થાય છે. તીર્થંકરો, ચક્રવર્ત્તીઓ, વાસુદેવો, બલદેવો આદિ પુન્યશાળી મનુષ્યો કાંઇ દેવતાની ઉપાસના કરતા નથી, છતાં પુન્યાનુસાર ઇંદ્રો તથા દેવતાઓ નિરંતર સેવામાં હાજર રહે છે અને ઇચ્છાનુસાર (કે અનિચ્છાએ પણ) પૌદ્ગલિક સંપત્તિઓ મેળવી આપે છે. બાકી આત્મિક સાચી સંપત્તિ આપી શકતા નથી.

જેમ મનુષ્યો આઠે કર્મના આવરણવાળા હોય છે તેમ દેવતાઓ પણ સંપૂર્ણ કર્મોથી ઘેરાયેલા હોય છે, પરંતુ જેટલા પ્રમાણમાં મનુષ્યો દેવતાની ઉપાસના કરવાવાળા હોય છે તેટલા પ્રમાણમાં દેવતાઓ મનુષ્યની ઉપાસના કરવાવાળા હોતા નથી એટલી જ દેવતાની પુન્યબળની અધિકતા. સંસારમાં સર્વોત્કૃષ્ટ પુન્ય તીર્થંકરોનું હોય છે. એ હેતુથી અને મનુષ્ય તપદ્વારા દેવતાઓને પણ દુર્લભ-દેવતાઓથી પણ ચઢિયાતી અનેક પ્રકારની લબ્ધિઓ મેળવી શકે છે તેમજ કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મુક્તિ મેળવી શકે છે. આવા કારણોને લઇને તે મનુષ્ય દેવતા કરતાં પુન્યબળમાં અત્યંત વધી જાય છે. તેમજ ગતિમાં પણ દેવતા કરતાં મનુષ્યગતિ ચઢિયાતી છે. બાકી પુન્યહીન પુદ્ગલાનંદી મનુષ્યો દેવતાઓને પોતાના કરતાં અધિક માનીને ઉપાસના કરે તો એ તેમની અણસમજ છે. બીજા મનુષ્ય દેવ તે બીજા દેવો કરતાં શ્રેષ્ઠતર હોય છે. એમણે પૂર્વના ત્રીજા ભવમાં દેવ થવા યોગ્ય તીર્થંકરનામકર્મ નિકાચિતપણે બાંધેલું હોય છે. તે કર્મ બંધાયા પછી ત્રીજે ભવે અવશ્ય ઉદયમાં આવે છે. સર્વોત્કૃષ્ટ પુન્યના ઉદયથી જન્મ થતાંની સાથે જ દેવગતિમાં ઉત્પન્ન થયેલા જન્મથી જ કહેવાતા દેવો અને તેમના સ્વામી ઇંદ્રો સેવામાં હાજર થાય છે. એમનો જન્મસમય ત્રણે લોકમાં–નારકીમાં ઉત્પન્ન થયેલા જન્મથી જ દુઃખી જીવોને પણ–એક ક્ષણ વાર આનંદ આપનારો થાય છે. એમના ઉપરનું કર્મની સત્તાનું દબાણ નબળું પડી ગયેલું હોય છે. જન્મથી જ આત્મસત્તા હાથમાં લીધેલી હોવાથી મોહ આદિ કર્મો થરથર કાંપતા રહે છે. એમનું આખું ય જીવન સ્વપરના કલ્યાણ માટે વપ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખક—મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ

# પલ્લીવાલ પ્રાંતમાં અમારો વિહાર
## અને તે સમાજનો ઉદ્ધાર.

( ગત વર્ષના પૃષ્ઠ ૩૩૬ થી શરૂ )

રાયબાથી ત્રીજા મુકામે અમે ભરતપુર આવ્યા. ઓસવાલ, પલ્લીવાલ, શ્રીમાલ વગેરે બધા શ્વેતાંબર જૈનો સામે આવ્યા હતા અને જૈન ધર્મની જય જય બોલાવતાં અમને શહેરમાં લઇ ગયા. નિરંતર વ્યાખ્યાન-પ્રભાવનાદિ થતાં.

(૧) અહીં અમદાવાદની શ્વેતાંબર જૈન ધર્મ પ્રચારક સમિતિદ્વારા અને શ્રી ગોડીજી પાર્શ્વનાથજીની પેઢી મુંબઇદ્વારા થયેલ શ્વેતાંબર પલ્લીવાલ જૈન મંદિરના જીર્ણોધ્ધારનું કાર્ય જોયું. મંદિરજીના જીર્ણોધ્ધારનું કાર્ય સુંદર થયું છે. આ જીર્ણોધ્ધારનો શિલાલેખ પણ લાગ્યો છે. આખા મંદિરજીનો કાયાકલ્પ જ થયો છે. બહારના ભાગમાં લાયબ્રેરી છે તેમજ સ્વાધ્યાય વિભાગ છે. મંદિરજીના તદ્દન સામે બહારના ભાગમાં નાની ધર્મશાળા છે. શ્રીયુત નાહટાજીએ પણ અહીં ઘણું સારું કાર્ય કર્યું છે. બહારથી મંદિરોનો સામાન, સુંદર પુસ્તકો, પૂજાનાં ઉપગરણો આદિ વસ્તુઓ પહોંચાડી છે. પલ્લીવાલ જૈનોને પૂજા-દર્શનવિધિ આદિ પણ શીખવાડ્યાં છે. શ્વેતાંબર પલ્લીવાલ જૈન મંદિરના જીર્ણોધ્ધાર પછી

---

રાય છે. એમની જીવનમુક્ત અવસ્થા અનેક જીવોને સાચી સ્વતંત્રતા અપાવનારી હોય છે. પોતે કર્મોનો પરાજય કરી સંપૂર્ણપણે સ્વતંત્ર બનેલા હોવાથી ઉપાસક ભવ્ય ભક્તો સાચી-સંપૂર્ણપણે સ્વતંત્રતા મેળવી શકે છે. એમણે સમ્યગ્જ્ઞાનનો વિકાસ થયેલો હોવાથી ઔદયિક ભાવે પ્રાપ્ત થયેલી સુખ-સંપત્તિ અથવા આપત્તિ-વિપત્તિને સમભાવે સહન કરીને વિશિષ્ટતમ નિર્જરા દ્વારા વિશિષ્ટતમ આત્મવિશુદ્ધિ મેળવેલી હોય છે. આત્મ-ગુણઘાતી મોહાદિ ચારે કર્મનો ક્ષય થવાથી કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટયરૂપ આત્મ-લક્ષ્મીથી સમૃદ્ધ થયેલા હોય છે. આત્મ-વિકાસરૂપ અતિશયના પ્રભાવથી પ્રાણીઓ જન્મના વૈર ભૂલી જાય છે અને પવિત્ર વચનો સાંભળી પોતપોતાની ભાષામાં સમજીને બોધ પામે છે. એઓ ક્ષણિક પરસ્વ-રૂપના ભોક્તા હોતા નથી પણ નિત્ય સ્વ-સ્વરૂપના જ ભોક્તા હોય છે. આવા દેવાધિ-દેવની ઉપાસના અનંત જ્ઞાન, દર્શન, જીવન, સુખ આદિ આત્મિક ગુણોનો વિકાસ કરવાવાળી હોય છે. આત્મિક ગુણનો વિકાસ મેળવવાના હેતુથી કરવામાં આવતી એમની ઉપાસના સાચી ઉપાસના કહેવાય છે અને પૌદ્‌ગલિક વસ્તુઓ માટે કરવામાં આવે તો તે અજ્ઞાન-તાની સૂચક છે, માટે વીતરાગ દેવની ઉપાસના વીતરાગ દશા મેળવવાને માટે જ કરવી જોઇએ, જેથી કરીને જન્મ, જરા, મરણ ટળી જવાથી આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય છે અને શાશ્વતું સુખ મેળવી શકાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્વે. પલ્લીવાલો સુખી થયા છે, ઘર વધ્યાં છે અને ધર્મભાવના વધતી જાય છે. યદિ આપણા સાધુ મહાત્મા અહીં ચાતુર્માસ રહે તો ઘણો જ લાભ થવા સંભવ છે.

(૨) ગોપાલગઢમાં શ્રીમાલોના શ્વે. મંદિરજીનો જીર્ણોધ્ધાર થયો છે.

(૩) ઓસવાલોના મંદિરના જીર્ણોદ્ધારનું કાર્ય અધુરું બંધ પડયું છે. આ મંદિરના જીર્ણોધ્ધાર માટે અમે સાત વર્ષ પહેલાં ભરતપુર આવ્યા ત્યારે ઉપદેશ આપી રૂપિયા ચારેક હજાર કરાવ્યા હતા, ઘટતી મદદ બહારથી મળી જશે તેમ પણ કહ્યું હતું; પરન્તુ મીસ્ત્રીએ ખર્ચ ઘણો કરાવ્યો. પૈસા ખૂટ્યા અને કામ બંધ થયું. આસપાસમાં અનૈકય વધ્યું. ભરતપુર આવી આ સંબંધી ઉપદેશ આપી બાકી રહેલા પૈસા બધા આપ્યા છે. લાલા બસન્તીલાલે રૂપીયા એક હજાર આપવા કબૂલ્યું અને બીજી વ્યવસ્થા કરાવી, જેથી હવે કાર્ય શરૂ થશે તેમ જણાય છે.

ભરતપુરમાં આજુબાજુનાં ઘણાં ગામોમાંથી શ્વે. પલ્લીવાલ ભાઇઓ આવ્યા. પોતપોતાના ગામમાં પધારવાની વિનંતિ કરી ગયા. ભરતપુરમાં વ્યાખ્યાનમાં જૈન જૈનેતર બધાયે આવતા. અમલદારો પણ આવતા. બધાના આગ્રહથી હિન્દી સ્કૂલમાં 'મનુષ્ય કર્ત્તવ્ય' પર જાહેર વ્યાખ્યાન પણ રાખ્યું. સ્કૂલનો વિશાલ હોલ જનતાથી ખીચોખીચ ભર્યો હતો, શ્વેતાંબર દિગંબર, સ્થાનકવાસી, જાટ, રાજપુત, બ્રાહ્મણ, આર્યસમાજી, હિન્દુ મુસલમાન બધાયે આવ્યા હતા. રાજ્યના ઉચ્ચ અધિકારીઓ પણ આવ્યા હતા. વ્યાખ્યાનની અસર ઘણી જ સારી થઇ અને પૂજ્યપાદ શ્રી દર્શનવિજયજી મહાજશ્રીને "જૈન સાહિત્યરત્નાકર"નું માનવતું બિરુદ આપ્યું; પરન્તુ મહારાજશ્રીએ તો સાફ ઇન્કાર જ કર્યો. આખરમાં એક આર્યસમાજી ભાઇએ કહ્યું અમે ગરીબ માણસો છીએ અમારી ભક્તિ અને પ્રેરણાથી અમારી પાસે જે હતું તે આપને ચરણે ધર્યું છે. સભા ખતમ થઇ અને જૈન શાસનની પ્રભાવના સારી થઇ.

વિહાર સમયે પણ તહસીલદાર, ફોજદાર વગેરે હાજર હતા. ભરતપુર છોડી અમે પલ્લીવાલ પ્રાંતમાં આગળ વધ્યા.

**પીંઘોરા:—**

એક શ્વેતાંબર પલ્લીવાલ જૈન મંદિર છે. પલ્લીવાલોનાં ઘર તો થોડાં જ છે. ત્યાં પટવારીજી બહુ જ ભલા અને ધર્મપ્રેમી છે. અહિં મંદિરની વ્યવસ્થા બરાબર નથી. આ ગામ નીચે ૧૮ ગામ છે. આ ગામોના પલ્લીવાલો પર્વદિવસોમાં દર્શને આવે છે. છેલ્લાં કેટલાયે વર્ષોના લાગા નથી આવ્યા. બીજી આમદાની પણ નથી, મદદની જરૂર છે. જીર્ણોધ્ધારમાં થોડા ખર્ચે સારો લાભ થાય તેમ છે.

**પેરસર—**

અહીં પલ્લીવાલોનાં ૮ ઘર છે. અહીં શ્વેતાંબર જૈન મંદિર હતું પરન્તુ આ ગામ મુસલમાન જમીનદારનું હોવાથી મુસલમાનોએ મંદિર તોડી નાંખ્યું એટલે મંદિર ઢેરામાં સ્થાપિત કરવામાં આવ્યું છે. પેરસરના શ્રાવકશ્રાવિકાઓ ઢેરા દર્શન કરવા જાય છે. અઠ્ઠાઇ(પર્યુષણા)માં તો રોજ દર્શન કરવા જાય છે. બાકી તિથિએ દર્શન કરવા જાય છે.

**ઢેરા—**

પેરસરથી બે માઇલ દૂર છે. અહીં બે ઘર છે. એક જૈન મંદિર છે. મંદિરજીની વ્યવસ્થા જોઇ સુધારાવધારાની જરૂર છે. પૂજા પણ બરાબર નથી થતી. અજ્ઞાનતા, દરિદ્રતા અહીં જીવતીજાગતી જોવા મળે છે. ઢેરામાં પણ સંવેગી સાધુ ગયેલા નહિં. અમને જોઇ એક ખેડૂતે પૂછયું. બાવાજી કોણ છો તમે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમે—જૈન સાધુ.

ખેડૂત—મહારાજ મુખ પર પટ્ટી તો બાંધી નથી.

અમે—અમે મુખ પર પટ્ટી બાંધનાર નથી. એમનાથી અમે જુદા છીએ.

ખેડૂત—**महाराज मोहरछाप तो लगो नहीं है ?**

અમે—પછી તેને સમજાવ્યો. તે સાધુઓ જુદા અને અમે જુદા છીએ.

ખેડૂત—**वे साधु तो बडे बुरे होते है ।**

આ સાંભળી અમને કંઇક દુ:ખ પણ થયું. આ પ્રાંતમાં સ્થાનકમાર્ગી સાધુઓની પ્રતિષ્ઠા સારી નથી. તેમનું આચારનું શૈથિલ્ય અને આહારવિહારની અમર્યાદ પ્રવૃત્તિને લીધે આ પ્રદેશના અજૈનો તો તેમને અનાદરની દૃષ્ટિ એ જ દેખે છે. અમે વેરમાં પણ આવું જ સાંભળ્યું. ખેર, આપણે આવી વાતો પર દૃષ્ટિ ન નાંખીએ; પરન્તુ તેમનાથી જૈન ધર્મની જે નિંદા અને હેલના થાય છે તે તરફ કેમ ઉપેક્ષા અને ઉદાસીનતા રાખી શકાય ? મેં અહીં આટલી વાત નોંધી છે તે ટીકાની દૃષ્ટિએ નહિં કિન્તુ હિતશીક્ષાની દૃષ્ટિએ જ નોંધી છે.

ઢેરાથી અમે વેર ગયા. ભરતપુરના સંઘના કેટલાએ શ્રાવકો અહીં સુધી આવ્યા હતા. પલ્લીવાલો પણ આવતા. પેરસરના પલ્લીવાલ જૈનો પણ આવ્યા હતા. તેમને ઉપદેશ આપી જૈન ધર્મમાં સ્થિર થવા સમજાવ્યું હતું. રાત્રિભોજન, કંદમૂળ આદિનો ત્યાગ, પર્વતિથિએ જિનેશ્વર દેવનાં દર્શન, પૂજન કરવા જરૂર અહીં આવવું તેમ સમજાવ્યું હતું.

અહીં આપણા સાધુઓના વિહારની ઘણી જ આવશ્યકતા છે. આ લોકોએ સંવેગી સાધુ જિંદગીમાં–અમને જ પહેલવહેલા જોયા. સંવેગી સાધુઓનો વેશ અને ઉપદેશ સાંભળી તેમને આશ્ચર્ય થતું. પછી સત્ય ધર્મ સમજાવતાં તેઓ ખુશી થઇ જતા.

વેર—

ઢેરાથી અમે વેર આવ્યા. રસ્તામાં રેત અને કાંટા. સવારના નવ વાગ્યાના ચાલેલા સાંજના ચાર વાગે અમે વેર આવ્યા. અહીં સુંદર શ્વેતાંબર મંદિર, ધર્મશાલા, નાની લાયબ્રેરી છે. પલ્લીવાલોનાં ૯ ઘર છે. અહીં સંવેગી સાધુ અમે પહેલવહેલા જ આવ્યા એમ વયોવૃધ્ધ ડોસાઓ કહે છે. વેર આવવાનો રસ્તો એટલો કઠિન અને મુશ્કેલીભર્યો છે કે સાધુઓને આવતાં ઘણી જ મુશ્કેલી પડે તેમ છે. સ્થાનકમાર્ગીઓ પણ બીજે રસ્તેથી આવે છે. અહીં તેમના સંબંધી અભિપ્રાય કાંઇ સારો નથી. મંદિરજીમાં મૂલનાયક શ્રી ચંદ્રપ્રભુજીની મૂર્ત્તિ વિ. સં. ૧૫૨૨ અષાઢ શુ. ૪ ગુરુવારે શ્રી શાલિભદ્રસૂરિજીના દ્વારા પ્રતિષ્ઠિત છે. બીજી મૂર્ત્તિ વિ. સં. ૧૬૬૮ ની શ્રી જીનચંદ્રસૂરિ પ્રતિષ્ઠિત અને શેઠ હીરાનંદે ભરાવેલી છે જે આગ્રાથી આવી હશે. મંદિરજીના જીર્ણોધ્ધારની જરૂર છે. થોડા ખર્ચે સારો લાભ મળે તેમ છે.

અહીં યતિજીનો એક પુસ્તકભંડાર છે તે જોયો. વિજયગચ્છના યતિઓના હાથનાં લખેલાં પુસ્તકો, શાસ્ત્રો તો સ્થાનકમાર્ગી સાધુઓ ઉપાડી ગયા છે. કેટલાક ગુટકા સારા છે જેમાં સંસ્કૃત સ્તોત્રો છે. પુસ્તકો ઠીક ભંડારમાં મૂકાવ્યાં. વ્યાખ્યાનમાં શ્વેતાંબર, દિગંબર, જૈન અને જૈનેતર બધાયે લાભ લેતા. અહીંથી વિહાર કરી સિરસ થઇ ભુસાવલ પહોંચ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી.

# नाणेण मुणि होई.

બારમા તીર્થપતિ શ્રી વાસુપૂજ્યસ્વામીના સ્તવનમાં શ્રીમદ્ આનંદઘનજી મહારાજ અધ્યાત્મના વિષયને વધુ વિસ્તારી મુમુક્ષુ આત્માને એવી કક્ષા ઉપર આણી મૂકે છે કે તે સ્વતઃ બાકી રહેલ માર્ગ કાપી ઇષ્ટફળની પ્રાપ્તિ કરી શકે, પણ તે ત્યારે જ શકય બને કે આત્મા બારમા જિનને ઉદ્દેશી રચાયેલ સ્તવનને બરાબર પચાવે. એ સારુ પૂર્વે ચેતવણી આપી હોવા છતાં એક વાર ફરીથી જણાવે છે કે ત્રણ ભુવનના નાથ એવા વાસુપૂજ્ય ભગવાન ઘણા નામો ધરાવે છે. એટલે કે પરમાત્માને દુન્યવી આત્માઓ જાતજાતના નામોથી પિછાને છે અથવા તો ઇચ્છિત રીતે સંબોધે છે એની કેવળ ગણના કરવાથી, અથવા તો શુક સદૃશ 'રામ' નામ જપી જવાથી કંઇ બીજું વળે તેમ નથી જ. એ પાછળ જે જે જુદા જુદા હેતુઓ યોજાયેલા હોય છે તે બરાબર સમજવાની જરૂર છે. સંસારી જીવોના બહિરાત્મા અને અંતરાત્મા એમ જે ભેદો નજર સન્મુખ તરી આવે છે એમાં અહીં તો કેવળ અંતરાત્માની વાત કરવી છે. જ્યાં લગી બહિર દશા વર્તે છે ત્યાં લગી પરમાત્મભાવ દૂર હોવાથી એ માટે વિચાર કરવાપણું જ નથી.

અંતરાત્મા બરાબર નોંધી રાખે કે—

**'પરિણામે બંધ'** અને **'ઉપયોગે ધર્મ'** એ નાનકડા સૂત્રો તેની પાછળ રહેલ રહસ્યના મુદ્દાથી વિચારતાં ઘણા અગત્યના છે. નાનકડો જણાતો સૂર્ય સારા જગતને ઉષ્મા ને પ્રકાશ આપે છે અને નાના એવા અંકુશથી મોટા એવા ગજરાજ પણ વશ કરી શકાય છે. એ ન્યાય ઉપરોક્ત સૂત્ર–યુગલને લાગુ પડે છે.

ચેતન--જીવ અગર આત્મા બે ઉપયોગ ધરાવે છેઃ

૧. નિરાકાર અર્થાત્ સામાન્ય ઉપયોગ.

૨. સાકાર અર્થાત્ વિશેષ ઉપયોગ.

નિરાકારમાં દર્શનગુણ અગ્રભાગ ભજવે છે; જ્યારે સાકારમાં જ્ઞાનગુણ છતાં એ ઉભય ગુણો બેલડીરૂપ છે. વાસુદેવ--બળદેવ વચ્ચે જે ગાઢ સ્નેહ હોય છે એ કરતાં પણ આ બેલડીનો સંબંધ વધુ ગાઢ હોઇ અતૂટ છે. ઉપરોક્ત પ્રકારના ઉપયોગમાં રમણ કરતો ચેતન આઠ પ્રકારના કર્મો અગર તો એની ૧૫૮ પ્રકૃતિની વિસ્તૃત વાડીમાંથી શુભ- અશુભ પરિણામના જોરે જાતજાતની પ્રકૃતિના બંધનોમાં ગુંચવાય છે. એના ફળ અનુભવ ટાણે શુભ હોય છે તે પુણ્યના વર્ગમાં લેખાય છે અને અશુભ હોય છે તે પાપના મથાળા હેઠળ મૂકાય છે.

યોગિરાજ બીજી ગાથામાં આ જટિલ વિષયને ઠસાવવા સારુ નિરાકારનું લક્ષણ બતાવતા કહે છે કે—

**'નિરાકાર અભેદ સંગ્રાહક'** અર્થાત્ ભેદ વગર સંગ્રહ કરનારને તે નિરાકાર યાને દર્શનોપયોગ.

**'ભેદ–ગ્રાહક સાકારો રે'** અર્થાત્ ભિન્ન ભિન્ન સ્વરૂપે એની વિવક્ષા કરી ગ્રહણ કરનાર તે સાકાર યાને જ્ઞાનોપયોગ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમ ઉપયોગના બે ભેદે ચેતન પણ બે ભેદવાળો કહેવાય. બાકી તો એ પરથી સાર એટલો જ લેવાનો છે કે ઉપર વર્ણીત ઉપયોગના જોરે આત્મા જડ--ચેતનસૃષ્ટિમાં સમયે સમયે કર્મબંધનરૂપ વ્યાપાર ચલાવી રહેલ છે. કર્મોનું કર્ત્તાપણું તે પરિણામ આશ્રયી છે અર્થાત્ જીવે અમુક અધ્યવસાયના જોરે અમુક જાતના કર્મો ઉપાર્જન કર્યા એમ વ્યવહારમાં કહી શકાય, બાકી નિશ્ચય દૃષ્ટિથી જોતાં ચેતન સ્ફટિકવત્ નિર્મળ હોવાથી એને કર્મનો બંધ થતો જ નથી. દાખલા તરીકે જીવ મિથ્યાત્વના પરિણામે વર્તતો હોય ત્યારે મિથ્યાત્વ કર્મ-પ્રકૃતિનો બંધ કરે, પણ એ વેળા અવિરતિના પરિણામ ન હોવાથી એને અવિરતિનો બંધ ન પડે. તેથી કર્ત્તાપણું પરિણામમાં છે અને નહીં કે જીવમાં. જે હેતુ વડે કરાય એ કર્મ કહેવાય અને તેથી કરવા માત્ર કર્મ તો એક જ છે પણ એને તત્ત્વવેત્તાઓ જુદા જુદા દૃષ્ટિબિંદુઓથી જુએ છે ત્યારે તેના સંબોધનો વધી પડે છે. સાત નયદ્વારા એની વહેંચણી મુખ્યપણે કરી શકાય, છતાં બારિકાઇથી એની વિસ્તૃત આલોચના કરનાર સાત પરથી સાતસો સુધી પહોંચી જાય છે. આમ એક રૂપમાંથી અનેક રૂપ થતાં વાર નથી લાગતી.

આ જાતની બહુરંગી વિચારસરણીમાં મુંઝાયા વગર, એ સર્વનું સ્વરૂપ બરાબર અવધારી લઈ, એ દ્વારા ઊભા થયેલ ભિન્ન ભિન્ન દર્શનોનો આશય વધાવી લઈ, આગળ કૂચ કરવાની હોવાથી અત્રે એનો ઉલ્લેખ ઇશારા માત્ર કર્યો છે. એ ઉપરથી વ્યવહાર અને નિશ્ચય નામના બે નય પરત્વે ધ્યાન રાખી, અષ્ટકર્મ-રૂપી મહાન્ યોદ્ધાઓનો સામનો કરવાનું જે મૂળ ધ્યેય છે એ જરામાત્ર લક્ષ્ય બહાર થવા ન દેવું.

સ્તવનની ચોથી ગાથા વસ્તુસ્વરૂપનું યથાર્થ દર્શન કરાવે છે એટલા સારુ એને પ્રત્યેક આત્માએ--ખાસ કરી મુમુક્ષુ જીવે અવશ્ય હૃદયમાં કોતરી રાખવા જેવી છે--

**દુઃખ સુખરૂપ કરમફલ જાણો,**
**નિશ્ચય એક આનંદો રે;**
**ચેતનતા પરિણામ ન ચૂકે,**
**ચેતન કહે જિનચંદો રે.**

" હે ભવ્યો ! દુઃખસ્વરૂપ અને સુખસ્વરૂપ અર્થાત્ દુઃખ દેનારા ને સુખાનુભવ કરાવનારા એવા કર્મનાં બે ફળ છે, તે વ્યવહાર નયની અપેક્ષાએ છે. નિશ્ચય નયના અભિપ્રાય અનુસાર ત્રણે કાળમાં આત્મા નિજ-સ્વભાવનો એટલે કે પોતાના મૂળ ગુણોનો જ કર્ત્તા હોઈ, અદ્વિતીય આનંદમય છે. એને અન્ય પ્રકારે કર્ત્તાપણું કે ભોક્તાપણું છે જ નહીં. જીવમાં ચેતન્ય ધર્મ એ એક એવો જીવંત ધર્મ છે કે જે પૂર્ણપણે નિર્મળ થતાં એને અન્ય વસ્તુની અપેક્ષા રહેતી નથી. એ ચેતનાપણું પરિણમન ધર્મમાં પલટાતું નથી; કારણ કે એ આત્માનો જ ધર્મ છે અર્થાત્ ગુણ છે. ગુણથી જ ગુણીની ઓળખાણ થાય છે. કહ્યું છે કે--

**ધર્મી અપને ધર્મકું, ન તજે તિનુ કાલ;**
**આત્મજ્ઞાન ગુણ નવ તજે, જડ કિરિયાકી ચાલ.**

તેથી ધર્મને અભાવે ધર્મીનો અભાવ અને ધર્મને સદ્ભાવે ધર્મીનો સદ્ભાવ એ ટંકશાળી વચન છે.

પાંચમી ગાથા એ વાતનો ઉપસંહાર કરતાં કહે છે કે ચેતના ધર્મે વ્યાપી રહેલ ચેતન અર્થાત્ જીવ યથાર્થ સમજ પછી સ્વપરની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પિછાન સરળતાથી કરે છે. નિજધર્મ શું છે અને પરધર્મ એટલે કે કર્માવરણનો ધર્મ શું છે એ સ્પષ્ટપણે જોઇ શકે છે. એને વિચાર આવે છે કે હું ચેતન છું, ભલે હું પુદ્ગલ સાથે રમતમાં પડ્યો છું છતાં એ કંઈ મારો ધર્મ નથી. પુદ્ગલ તો જડ છે. ચેતન ને જડના જ્યાં ધર્મો જ જુદા છે ત્યાં પરસ્પરની દોસ્તી શા કામની? એમાં જડને શું ગુમાવવાપણું છે? કેવલ ચેતન એવો જે હું–તેનું ઊઘાડું અધઃપતન સમાયેલું છે. ચૈતન્ય ધર્મ શાશ્વત છે જ્યારે જડ તો વિનાશી છે. **સડણ, પડણ વિધ્વંસન** એના સ્વભાવો છે.

'જ્યાં લગી આઠ કર્મોના બંધનની જકડામણ ઢીલી ન પડી હોય ત્યાં લગી એના દ્વારા થતી દરેક ક્રિયા મારા અર્થાત્ આત્માના નામે ચઢતી હોય. જાણે હું જ એ બધું કરી રહ્યો હોઉં એવું માની બેઠો હોઉં, છતાં ઉપર જોયું તેમ મારા મૂળ સ્વભાવથી–મારા જ્ઞાન, દર્શન ને ચારિત્ર ગુણોથી એ વિપરીત છે; એટલે કે વસ્તુતઃ મારે એની સાથે સ્હેજ પણ લેવાદેવા નથી. મોહ-મદિરાસક્ત માનવી માફક, ખરાને ખોટું ને ખોટાને ખરું માની લેવા તૈયાર થયેલ હું, યોગિરાજ કહે છે તેમ નિશ્ચય નજરે કોઈ જુદો જ છું. એનો ધર્મ પણ અનેરો છે.'

"આત્મજ્ઞાન પ્રાપ્તિ એ મારું લક્ષ્યબિંદુ છે અને એ આત્મજ્ઞાન કે સ્વસ્વરૂપની પ્રાપ્તિ એ કંઇ બહારથી શોધી આણવાની ચીજ નથી. ડુંટીમાં રહેલી કસ્તૂરી ન જાણનાર હરણ એને સારુ જેમ ચારે દિશામાં ભ્રમણ કરે અને પરિણામે થાકી જાય છે તેમ મારી અત્યાર સુધી એ જાતની જ દશા થઇ છે! મારા સાચા ગુણો મારી પાસે હોવા છતાં કર્મ-મદિરાના કેફમાં એ હું ન પિછાણી શકયો. પરિણામ એ આવ્યું કે જે પુદ્ગલ યાને જડના ધર્મો હતા તેને હું મારા માની બેઠો, એમાં રાચ્યો અને માચ્યો; તેથી સંસારરૂપ અટવીમાં રખરના દડાની માફક આમથી તેમ અથવા તો ઊંચેથી નીચે જેમનો ધક્કો વાગ્યો તેમ ઉછળ્યા કર્યો!

"સિદ્ધાંતમાં સ્પષ્ટ કથન છે કે જેને સ્વરૂપપ્રાપ્તિ થઈ તે જ ચેતન કહેવાય. લક્ષણ સહિત હોય તે જ પ્રમાણ મનાય બીજા તો કહેવા માત્ર ચેતન જાણવા. અત્યારસુધીની મારી કરણી સાચા ચેતનની નહિં પણ કહેવા માત્રના **ચેતન જેવી છે.**"

શ્રી વાસુપૂજ્યસ્વામીએ જેમ એ સર્વના નિષ્કર્ષ પછી આત્મસ્વરૂપને પિછાની લીધું, તેમ એ પ્રભુના સ્તવનદ્વારા યોગિરાજ પણ આત્માને સ્વસ્વરૂપની પિછાન કરવાની અર્થાત્ લાંબા કાળથી રિસાયેલ એ સ્વરૂપનો સાક્ષાત્કાર કરવા અર્થે મનાવી લેવાની વાત કરે છે. નિરંતર એની સાથે હેત રાખવાની, ગાઢ પ્રીતિથી એની સાથે ગાંઠ વાળવાની સલાહ આપે છે. ટૂંકમાં સ્વરૂપમાં જ પ્રવર્ત્તવાની આજ્ઞા કરે છે. અન્ય પ્રકારના ચિંતન સાથે કાયમને માટે છૂટા–છેડા કરવાની ચેતવણી આપે છે.

આનું નામ સાચું અધ્યાત્મ. આ સ્વરૂપને જાણે તે જ અધ્યાત્મિ અને એ જ મુનિ. સાચું જ્ઞાન ધરાવે તે શ્રમણ કે સાધુ કહેવાય.

'**નાણેણ મુણિ હોઇ**' એ આપ્તવચન છે. સ્વરૂપજ્ઞાનથી રહિત આત્મા એ નામના આત્મા છે અને એ જ્ઞાનવિહુણા મહાત્માને માત્ર ઓઘા મુહપત્તિ ધારણ કરનાર મહા–તમા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનુ : અભ્યાસી B. A.

# કર્ત્તવ્ય મીમાંસા

( ગત વર્ષના પૃષ્ઠ ૩૪૩ થી શરૂ )

## બ્રહ્મચારીનો ધર્મ

ચોવીશ વર્ષ સુધી બ્રહ્મચર્યનું પાલન કરીને ગુરુની પાસે રહેવું. સેવકની માફક ગુરુસેવા કરતાં કરતાં સમસ્ત શાસ્ત્રોનું અધ્યયન કરવું. જિતેન્દ્રિય, સુશીલ, મિતાહારી, દક્ષ અને શ્રદ્ધાવાન બનવું. સ્ત્રીઓની સાથે કદી પણ વાતચિત ન કરવી. તેલ, સાબુ વિગેરે ન લગાડવા. માળા ન પહેરવી. અત્તર ન લગાડવું. પગરખાં ન પહેરવાં. પલંગ પર ન સૂવું. આ રીતે રહેતાં રહેતાં યથાશક્તિ અભ્યાસ કરીને ગુરુદક્ષિણા આપીને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો.

## ગૃહસ્થનો ધર્મ

ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરીને પોતાથી ઓછી ઉંમરની સવર્ણ, સુલક્ષણા અને સારા વંશમાં જન્મેલી કન્યાની સાથે લગ્ન કરવું, તપ, અધ્યયન અને દાન ત્રણે આ આશ્રમમાં કરવા જોઇએ. પ્રતિગ્રહ, અધ્યાપન અને યજ્ઞ કરાવવા એ કેવળ બ્રાહ્મણનું કર્ત્તવ્ય છે. ઇશ્વરમાં બુદ્ધિ સ્થિર કરીને અનાસક્તિ સહિત સંસારના જુદા જુદા કામો કરતાં શાંતિ પ્રાપ્ત કરી શકાય છે. ઘરની અંદર વિચારવાન પુરુષે અતિથિની માફક રહેવું જોઇએ. એમ કરવાથી સંસાર બંધનનો હેતુ નથી રહેતો. મમતા જ બંધનનો હેતુ છે. ઘરમાં રહીને ન્યાયયુક્ત સંસારીકર્મોદ્વારા આત્માને ઉજ્જવળ બનાવવો જોઇએ.

## યતિના ધર્મ.

બધા જીવોને મિત્રતૂલ્ય માનીને આખા વિશ્વને આત્મામાં અને આત્માને આખા વિશ્વમાં જોવો. ન જીવવાની ઇચ્છા કરવી ન મરવાની. અસત્ય શાસ્ત્રોને ગ્રહણ ન કરવા, વૈદક અથવા જ્યોતિષથી આજીવિકા ન ચલાવવી. કોઇ શાસ્ત્રિય વિષય ઉપર ચર્ચા ચાલતી હોય તો કોઇ પક્ષમાં ન ભળવું, વ્યાખ્યાન કરીને આજીવિકા ન ચલાવવી, એવી રીતે ચૂપચાપ જીવન એકાંતમાં વિતાડવું કે જેની કોઇને જાણ ન થાય. સોનું વિગેરે ધાતુ પાસે ન રાખવી. પ્રતિષ્ઠા, સ્ત્રી, ધન, શિષ્ય અને પોતાનું ઘર એ પાંચ સંન્યાસી–ત્યાગવૃત્તિવાળાના શત્રુ છે. તેનો ત્યાગ કરવો.

જે કામિની–કાંચનનો ત્યાગ નથી કરી શકતો તેને માટે સંન્યાસ–ગ્રહણ અશકય છે. સંન્યાસીએ સ્ત્રી ને ધનનો ત્યાગ કરીને કેવળ ભિક્ષાદ્વારાજ

---

અર્થાત્ ઘણી ફિકરવાળા આત્મા છે. કેવળ વેશમાત્રથી સાધુ છે, માત્ર દ્રવ્ય લિંગી છે. સ્વરૂપ જ્ઞાનમાં ભાવલિંગીપણું જરૂરી છે જે ત્યાં શોધ્યું પણ જડતું નથી.

આત્માની બહાર સ્વરૂપ જ્ઞાન સંભવતું જ નથી. એની ખોજ અંદર કરવાની છે અને એ જે કરી રહ્યા છે તે આનંદઘનના સાથી છે.

એ વાત હરગીજ ભૂલશો નહીં કે—

આતમજ્ઞાની શ્રમણ કહાવે,
બીજા તો દ્રવ્ય લિંગી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે,
આનંદઘન મતિ સંગી રે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવનનિર્વાહ કરવો જોઇએ. વૈરાગ્ય તથા જ્ઞાન એ જ સન્યાસીનું ભૂષણ છે.

वैराग्यस्य फलं बोधो बोधस्योपरतिः फलम्।
स्वानुभवात्परा शान्तिरेषा वोपरतेः फलम्॥

ત્યાગ અને જ્ઞાનયુક્ત યોગી જ જ્ઞાનનું મુખ્ય ફળ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. ચિત્તમાં જ્યાં સુધી ઉપરતિ નથી થતી, જ્યાં સુધી વિષયોમાં નિઃસ્પૃહતા નથી થતી ત્યાં સુધી બ્રહ્માનંદની પ્રાપ્તિ થઇ શક્તી નથી. બ્રહ્માનંદમાં પ્રધાન વિઘ્ન છે આસક્તિ તથા કામના. તેથી એનો ત્યાગ થાય તો જ યોગ ગ્રહણ કરવો જોઇએ. સંન્યાસમાં મુખ્યત્વે કરીને બ્રાહ્મણનો અધિકાર છે. શમ, દમ, તપ, સંતોષ અને સ્વાધ્યાયથી સંપન્ન પુરુષ નીચ કૂળમાં ઉત્પન્ન થયો હોય તો પણ તે ગુણોથી રહિત પુરુષનો જન્મ બ્રાહ્મણકૂળમાં થયો હોય તો તેનાથી એ નીચ કૂળમાં ઉત્પન્ન થયેલો પુરુષ શ્રેષ્ઠ છે. ત્યાગ કરવાનો અધિકાર તો સર્વને છે. ભોગની અપેક્ષાએ ત્યાગની શક્તિ વધારે છે, એમ સૌ વિચારવાન પુરુષો માને છે.

## મોક્ષનું સાધન

એક શિષ્યે ગુરુને પૂછ્યું—" હે ભગવન્! અનાદિ સંસારનું શું કારણ છે? એમાંથી કેવી રીતે નિવૃત્તિ થઇ શકે? મોક્ષમાર્ગનું સ્વરૂપ શું છે? મોક્ષનું સાધન શું છે? સાયુજ્ય ભક્તિ કોને કહે છે?" ગુરુએ એ પ્રશ્નોનો જવાબ આપ્યો. અનેક જન્મોના ખરાબ સંચિત કર્મફળથી જીવના મનમાં ખરાબ વાસનાઓ ભરેલી રહે છે એ કારણને લઇને આત્મબોધ થતો નથી અને દેહાત્મબુદ્ધિ દ્રઢ બની રહે છે. વાસનાને લઇને જીવ પોતાની જાતને સંસારી અને દુઃખી સમજે છે. મિથ્યા સંસારના ભોગ સ્વપ્ન જેવા છે, તો પણ તે તેને નિત્ય અને સત્ય સમજીને તેની આશા કરે છે અને તેની પાછળ દોડી રહે છે; કિન્તુ ભોગોથી કોઇને તૃપ્તિ થતી નથી. વાસનાને લઇને સ્થૂલ અને સૂક્ષ્મ દેહ ધારણ કરીને મનુષ્ય એ દેહોમાં શુભાશુભ પ્રારબ્ધ અનુસાર ફળભોગ કરે છે અને ભોગોમાં તેની વાસના દ્દઢ થતા તેને વારંવાર કર્મ તરફ પ્રવૃત્ત કરે છે. સંસારથી વિરક્ત હોવાની ઇચ્છા તેને કદી પણ થતી નથી એટલા માટે તે અનિષ્ટ વસ્તુને પણ ઇષ્ટ માની લે છે અને વારંવાર એક દુઃખથી બીજા દુઃખમાં પ્રવેશ કરે છે. પરમાર્થતત્ત્વરૂપ મોક્ષમાં તેની પ્રવૃત્તિ થતી નથી એનું કારણ સ્વરૂપ જ્ઞાનનો અભાવ છે. બંધમોક્ષનો વિચાર ન થવાથી સ્વરૂપ જ્ઞાન થતું નથી. અજ્ઞાનની પ્રબળતાથી બંધ મોક્ષનો વિચાર નથી થતો. ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય ન થવાથી અજ્ઞાન ટળતું નથી. અને અંતઃકરણ અતિ મલિન હોવાથી ભક્તિ, જ્ઞાન કે વૈરાગ્ય થતા નથી." એ ઉપરથી શિષ્યે પૂછ્યું–"તો પછી સંસારથી તરવાનો શો ઉપાય છે?" ગુરુએ કહ્યું:"અનેક જન્મોના પુન્ય જ્યારે સંચિત થાય છે ત્યારે સત્સંગ પ્રાપ્ત થાય. સત્સંગદ્વારા શુ કરવું જોઇએ એ વાતનું જ્ઞાન થાય છે, અને એ જ્ઞાનથી મનુષ્ય ખરાબ આચરણો છોડીને સદાચારમાં પ્રવૃત્ત બને છે. સદાચારનું પાલન કરવાથી પાપનો ક્ષય થાય છે, પાપોનો ક્ષય થવાથી અંતઃકરણ નિર્મળ થાય છે, ત્યારે નિર્મળ અંતઃકરણમાં સદ્દગુરુની કૃપા પ્રાપ્ત કરવાની ઇચ્છા થાય છે અને સદ્દગુરુની કૃપા બધા બંધનોથી છુટા થવાનું કારણ છે. સદ્દગુરુની કૃપાથી કલ્યાણમાર્ગના બધા વિઘ્નો નષ્ટ થઇ જાય છે, બધી જાતની અનુકૂળતા પ્રાપ્ત થાય છે, સદ્દગુરુની કૃપાથી ભગવત્ કથામાં રુચિ થાય છે.

ભગવત્ કથાદ્વારા હૃદયની ખરાબ વાસનાઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને બધા પ્રકારની કામનાઓ નષ્ટ થાય છે. કામનાઓ નષ્ટ થતાં હૃદયમાં પરમાત્માનો આવિર્ભાવ થાય છે અને દૃઢ ભક્તિ પેદા થાય છે. પછી વૈરાગ્ય ને તત્ત્વજ્ઞાનદ્વારા મનુષ્ય મોક્ષગામી થઇ જાય છે. એ અવસ્થામાં સઘળાં શુભાશુભ કર્મોનો વાસના સહિત નાશ થઇ જાય છે ત્યારે ભગવાનમાં સાચો પ્રેમ થાય છે આખું જગત તેને માટે ભગવાનમય થઇ જાય છે અને તે ઇશ્વરનો સાક્ષાત્કાર કરીને કૃતાર્થ થાય છે, એ ભક્તિમાર્ગની પરાકાષ્ઠા છે. ત્યાગમાર્ગ ગ્રહણ કર્યા પછી તેના નિયમોનું સારી રીતે પાલન કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. એ પ્રાપ્ત કરવા માટે સાધકમાં ઇચ્છા ન રહેવી જોઇએ. કોઇ પણ લોકપ્રાપ્તિની આકાંક્ષાના કરતાં બ્રહ્મસ્વરૂપ થવાનો યત્ન કરવો જોઇએ, પરંતુ પોતાના અધિકાર પ્રમાણે મનુષ્ય જેટલું કરી શકતો હોય તેટલું જ કરવું તેને માટે કર્ત્તવ્ય છે. જેવી રીતે એક યોજન ન ચાલી શકે એવા મનુષ્ય માટે એક ગાઉ ચાલવાની વ્યવસ્થા કરવામાં આવે છે તેવી રીતે શાસ્ત્રોમાં ભિન્નભિન્ન અધિકારીઓ માટે ભિન્નભિન્ન સાધનની વ્યવસ્થા કરવામાં આવી છે. પરમાર્થતત્ત્વ જાણનાર સદ્ગુરુ વિચારપૂર્વક શિષ્યના અધિકાર પ્રમાણે તેને શાસ્ત્રોક્ત સાધનમાં જોડે છે તેથી સદ્ગુરુના આદેશ અનુસાર જ પોતાના જીવનનું કર્ત્તવ્ય સ્થિર કરવું નિરાપદ છે. પોતાની બુદ્ધિથી કર્ત્તવ્ય નિર્ણય કરનાર બીનઅનુભવી સાધક ઘણે ભાગે ઠગાય છે. ગુરુએ પણ અમુક વખત સુધી શિષ્યની પરીક્ષા કરીને, તેની પ્રકૃતિ સમજીને તેના કર્ત્તવ્યનો ઉપદેશ કરવો જોઇએ. અનધિકારીને ઉપદેશ કરવાથી સારા પરિણામને બદલે ખરાબ પરિણામ આવે છે. પોતાના અધિકારનો પોતે નિર્ણય કરવો એ બહુ કઠિન છે, પરંતુ અવિદ્યાનો કોઇ એવો પ્રભાવ છે કે ઘણે ભાગે સઘળાં લોકો સઘળા વિષયમાં પોતાની જાતને બુદ્ધિમાન માને છે. એ બુદ્ધિનું અભિમાન તજી દઇને સત્સંગ અને સદ્ગુરુનું ચરણ લેવાથી જ મનુષ્યનું શંકા રહિત કર્ત્તવ્ય સ્થિર થાય છે અને કર્ત્તવ્યના પાલનથી જ જીવનની સફળતા થાય છે. સંત અથવા સદ્ગુરુની પ્રાપ્તિ માટે ઇશ્વરની પ્રાર્થના કરવી જોઇએ અને તમારી પ્રાર્થના સાચી હશે તો તે તમારી આશાઓ પરિપૂર્ણ થશે.

## મનઃશુદ્ધિનું મહત્ત્વ.

મનઃશુદ્ધિ હોય તો ન હોય તેવા ગુણો પણ આવી રહે છે; જ્યારે મનઃશુદ્ધિ ન હોય તો જે ગુણો હોય તે પણ ચાલ્યા જાય છે. માટે બુદ્ધિમાન પુરુષોએ મનઃશુદ્ધિ જ પ્રાપ્ત કરવી.

મનઃશુદ્ધિ વિના જેઓ મુક્તિ માટે તપ આચરે છે તેઓ નાવ વિના હાથવડે જ મહાસાગર તરવાની ઇચ્છા કરે છે.

પરંતુ મનઃશુદ્ધિ કરવા માટે તો રાગદ્વેષનો જય કરવો જોઇએ, જેથી આત્મા પોતાની કલુષિતતા તજીને પોતાના શુદ્ધ સ્વરૂપે અવસ્થિત થાય.

—યોગશાસ્ત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રવાહના પ્રશ્નો

**એક સ્વચ્છંદ કથા.**

મહારાષ્ટ્રમાં કિર્લોસ્કરવાડી સતારા તરફથી પ્રગટ થતાં "કિર્લોસ્કર" માસિકના જુલાઇ ૧૯૪૦ ના અંકમાં " ઉંચે દેવળ " નામની એક નાની નવલિકા પ્રગટ કરવામાં આવી છે.

આ નવલિકાના લેખક શ્રી દ. પો. ખાંબેટેનો આશય ગમે તે હોય, પરંતુ જે શૈલીએ નવલિકાનો અક્ષરદેહ ઘડવામાં આવ્યો છે એ જોતાં ગુજરાતની સંસ્કારમૂર્ત્તિ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય પરત્વે તિરસ્કારનું વાતાવરણ ઊભો કરવાનો લેખકે પ્રયાસ કર્યો હોય તેમ વાચકના હૃદયમાં પહેલી જ દૃષ્ટિએ છાપ પડ્યા વિના રહેતી નથી.

'અહિંસા' ના પવિત્ર સિધ્ધાન્તને નિષ્ઠુર સ્વરૂપ આપવાની લેખકની મનોભાવના પણ સ્પષ્ટ તરી આવે છે.

નવલિકાનો પ્રસંગ મહારાજા કુમારપાળના યુગમાં પાટણમાં બાંધવામાં આવેલ યુકા–વિહાર લેવામાં આવ્યો છે અને હિંસા જ્યારે રાજકારણનું એક અંગ બને છે ત્યારે નજીવી હિંસાને બ્હાને સામાન્ય હિંસક ગુન્હેગારનો પ્રાણ લેવાના કે તેનું સર્વસ્વ લૂંટી લેવાના નિર્દય પ્રયોગો કરવામાં આવે છે તે કેટલી નિષ્ઠુર હદે પહોંચ્યા હતા તેવું કાલ્પનિક બેહૂદું સ્વરૂપ ખડું કરવા લેખકે ખૂબ પ્રયાસ કર્યો છે.

પ્રબંધ-ચિન્તામણિમાં યુકા–વિહારનો પ્રસંગ આવે છે એ બરાબર છે, પરંતુ તે પ્રસંગના આત્માને ઓળખી આ ચિત્ર આલેખવામાં આવેલ નથી. બલ્કે તેની સામી દિશાએ જ આ ચિત્ર દોરવામાં આવ્યું છે. ટુંકામાં સારીએ કથા લેખકની કલ્પનાશક્તિનું દેવાળું જ પુરવાર કરે છે. એમ છતાં પોતાને જ આ લખાણ પરત્વે ઊંડા ઊંડા વ્હેમ કે શંકાનું કારણ હોય તેમ આ વિકૃત કલ્પનાચિત્રને ઐતિહાસિક મહોર મારવામાટે લેખકે મથાળે જ જણાવ્યું છે કે–

" આ કલ્પિતકથા નથી, વિચારશીલ સત્ય ઘટના છે "

આ જ નવલિકા સામે રજુ કરવામાં આવેલ ચિત્ર શબ્દ–ચિત્ર કરતાં સ્વચ્છંદતામાં વધારે આગળ વધે છે.

ગુજરાતની તેજમૂર્ત્તિ હેમચંદ્રાચાર્ય જેવા મહાત્માને એક ભીલના આકારમાં હાથમાં ઓઘાને બદલે ઝાડુ આપી એવા વિકૃત રૂપે રજુ કરવામાં આવ્યા છે કે જોનારના દિલમાં ચિત્રકાર તરફ તિરસ્કાર કે તેની અજ્ઞાનતા માટે દયાની લાગણી ઉભરાયા વિના ન રહે.

લેખના ઉત્તર ભાગમાં લેખક જ્યારે પોતે રજૂ કરેલ શબ્દચિત્રને ઐતિહાસિક ઘટના આપવાનો અને તેના પુરાવામાં ગેઝેટીયરનો ઉલ્લેખ આપવાનો શ્રમ સેવે છે ત્યારે આ કથા વાંચનાર કોઇ પણ સામાન્ય ઇતિહાસનો જાણકાર લેખકની અજ્ઞાનતા માટે જરૂર દિલગીરી વ્યક્ત કર્યા વિના રહી શકે તેમ નથી.

બે–પાંચ છૂટાછવાયા અંકોડા લઇ, કે બે-પાંચ પુરાણા પ્રસંગો વાંચી ઐતિહાસિક ચિત્રો દોરવાની દોડધામ કરનાર અધૂરા લેખકોની હમેશાં આવી જ સ્થિતિ હોય છે. તેમનો આશય ભલે આવી નવલકથાઓ રચવામાં કોઇનું દિલ દુઃખવવાનો ન હોય એમ છતાં અધૂરા જ્ઞાન અંગે કોઇ એક જ તરફી કલ્પનાચિત્ર દોરવા જતા એક ઐતિહાસિક ભવ્ય વ્યક્તિને કેટલો અન્યાય મળી જાય છે તેનો તેણે વિચાર કરવો જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ મા ચા ર.

## તપશ્ચર્યાની ધૂમ.

ગુજરાંવાલા(પંજાબ)માં પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ પધાર્યા ત્યારથી જ તપશ્ચર્યાની શરૂઆત થઇ ચૂકી છે. હાલમાં પંચરંગીની તપશ્ચર્યા સમારોહથી થઇ. છઠ–અઠ્ઠમ ઘણા થયા, ઉપવાસો લગભગ ૬૦૦–૭૦૦ થયા. આ નિમિત્તે પૂજા-પ્રભાવના વિગેરે કાર્યો થયા. આ ઉપરાંત અઠ્ઠાઇઓ નવ–દશ અને છુટક ચાર–પાંચ ઉપવાસો ઘણી સંખ્યામાં થયા અને થઇ રહ્યા છે.

આ તરફ વરસાદ ન હોવાથી ગરમી સખ્ત પડી રહી હતી. પંચરંગીની તપશ્ચર્યાની શરૂઆતમાં આચાર્યશ્રીજીએ પાંચ-પાંચના ઉપવાસના પચ્ચક્ખાણ આપતાં સ્વાભાવિક ફરમાવ્યું કે તમારી તપશ્ચર્યા જેને ચાહી રહી છે તે પણ આવી જાય. બન્યું પણ તેમજ. તપશ્ચર્યાના બીજે દિવસે વરસાદ આવ્યો અને સૌના મન શાંત કર્યાં અને ચોથે અને પાંચમે દિવસે તેમજ પારણાના દિવસે પણ ઘણા જ સારા પ્રમાણમાં વરસાદ વરસ્યો. માનો તપસ્વીઓનું સ્વાગત જ કરવા ન આવ્યો હોય ?

---

## દીક્ષા મહોત્સવ.

જેઠ વદિ ૭ ના રોજ નેસડાનિવાસી ભાઇ કાન્તિલાલને વીસ વર્ષની વયે પૂજ્યપાદ આ. શ્રી. વિજયલલિતસૂરિજી તથા વયોવૃદ્ધ તપસ્વિજી શ્રી વિવેકવિજયજી મહારાજશ્રીની આજ્ઞાથી કોશા ગામે દીક્ષા આપવામાં આવી હતી. આ પ્રસંગે સાધર્મી વાત્સલ્ય કરવામાં આવ્યું હતું અને પૂજા ભણાવવામાં આવી હતી. દીક્ષિતનું નામ શ્રી રામવિજયજી રાખી શ્રીમાન્ મિત્રવિજયજીના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

ફલોધીનિવાસી શ્રીયુત્ તેજમલજી લાલચંદજી લુક્કડે ચાલીસ વર્ષની વયે દીક્ષા લેવાથી લુણસાવાડાના દેરાસરે અઠ્ઠાઈ મહોત્સવ ગોઠવવામાં આવ્યો હતો. અશાડ સુદિ ૯ ના રોજ દીક્ષા મુહૂર્ત હોવાથી અપૂર્વ ઠાઠમાઠથી વરઘોડો કાઢવામાં આવ્યો હતો. બાદ હઠીભાઈની વાડીએ આચાર્ય મહારાજ શ્રી વિજયલલિતસૂરિજી તથા વયોવૃદ્ધ તપસ્વિજી શ્રી વિવેકવિજયજી મહારાજશ્રીના વરદ હસ્તે બે હજારની માનવમેદની વચ્ચે દીક્ષા આપવામાં આવી હતી અને રૂપવિજયજી નામ આપી મુનિશ્રી વિકાસવિજયજીના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

આચાર્ય મહારાજશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના શિષ્ય અને મહેન્દ્ર જૈન પંચાંગના કર્ત્તા જ્યોતિર્વિદ્ મુનિશ્રી વિકાસવિજયજીએ શ્રી ભગવતીજીના યોગોદ્વહનની શરૂઆત આચાર્ય મહારાજશ્રી વિજયલલિતસૂરિજી પાસે અશાડ વદિ ૧૦ ના રોજ કરી છે.

---

## સાભાર-સ્વિકાર

શ્રી યશોવિજયજી જૈન ગુરુકૂલ પાલીતાણાનો સં. ૧૯૯૫ની સાલનો બાવીસમો રિપોર્ટ મળ્યો છે.

---

અને એટલી જ જવાબદારી તેના પ્રકાશક કે ચિત્રકારે વિચારવી જોઈએ.

જો કોઇ જાતના આક્ષેપો કરવાના આશયથી નહિ પણ અજ્ઞાનભાવે આ ચિત્ર દોરાઇ ગયું હોય તો પ્રકાશક, લેખક કે ચિત્રકારની પહેલી તકે ફરજ છે કે આવા વિવેકવિહોણા આલેખન માટે તેઓ દિલગીરી વ્યક્ત કરે અને ભવિષ્યમાં અધૂરા જ્ઞાને કથાઓ ચીતરવા માટે દોડવાનું આટલેથી જ બંધ રાખે.

આ કથા રજૂ થવાથી માત્ર જૈન સમાજનું અપમાન થતું નથી, ગુજરાતના એક અપૂર્વ જ્યોતિર્ધરનું અપમાન થતું નથી પરંતુ જૈનસમાજના આત્મોધ્ધાર માટે પૂરવાર થઇ ચૂકેલ અહિંસાના પરમ સિધ્ધાન્તનું આમાં ખૂલ્લે ખૂલ્લું અપમાન છે. આ અયોગ્ય પગલા માટે જૈનો ઉપરાંત અહિંસાની પૂનિત સંસ્કૃતિમાં માનનાર સૌ કોઇ સંસ્કારપ્રેમી જગતે તેનો વિરોધ નોંધાવવો ઘટે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

## સં. ૧૯૯૫ ના કારતક શુદ ૧ થી આસો વદિ ૦)) સુધીનો ૪૩ મો

# વાર્ષિક રિપોર્ટ.

**આ** સભાને સ્થાપન થયાં ૪૪ વર્ષ થયાં છે. આપની સમક્ષ આ ૪૩ મા વર્ષનો રિપોર્ટ, આવકજાવક, હિસાબ સાથે રજૂ કરતાં અમોને હર્ષ થાય છે. અત્યાર સુધીમાં ગુરુકૃપાથી અનેક વિઘ્નોમાંથી પસાર થઇ, આજે તે લૌકિકમાં કહેવામાં આવે છે તેમ ૪૪ મા વર્ષમાં પ્રવેશ કરે છે તે તેની પ્રૌઢ વય કહી શકાય. આ સભાનો જન્મ થવાનો મૂળ હેતુ પ્રાતઃસ્મરણીય **શ્રી વિજયાનંદસૂરીશ્વરજી** (આત્મારામજી) મહારાજના સ્મરણ નિમિત્તે હોવા છતાં ગુરુભક્તિ ખાસ છે. આ તો મૂળ સ્થાપનાનો હેતુ જણાવ્યો, પરંતુ સ્થાપન થયા પછી સભાએ જે ઉદ્દેશ નક્કી કરેલ અને ત્યારબાદ જરૂરીયાત પ્રમાણે તેમાં સુધારોવધારો કરતાં આ સભા જે પ્રગતિશીલ થઇ છે તેમાં આપ સર્વનો ફાળો છે; તેમજ સ્વર્ગવાસી પૂજ્યપાદ ગુરુરાજ શ્રી **આત્મારામજી** મહારાજના પરિવારમંડળની કૃપા, સહાનુભૂતિ અને કિંમતિ સલાહ પણ છે. તેથી જ સભાના ચાલતાં કેટલાક ખાસ કાર્યોથી તે આપણા સમાજમાં સારી પ્રતિષ્ઠા પામેલ છે.

સભાના ઉદ્દેશ પ્રમાણે કાર્ય કરવાની પદ્ધતિ, યોગ્ય વ્યવસ્થા, કરકસરવાળો વહીવટ, જનસમાજને બ્હોળા પ્રમાણમાં વાંચનનો લાભ આપનારી ફ્રી લાઇબ્રેરી, અપૂર્વ પ્રાચીન, અર્વાચીન સાહિત્યનું સુંદર પ્રકાશન અને તેને સ્થિતિ અને સંયોગના પ્રમાણમાં બ્હોળો પ્રચાર કરવાની વધતી જતી યોજના, 'આત્માનંદ પ્રકાશ'માં આવતા લોકભોગ્ય લેખો, કેળવણીને ઉત્તેજન, ગુરુ અને જ્ઞાનભક્તિ વગેરે કાર્યોથી દિવસાનુદિવસ સભાસદોમાં થતો વધારો આ વગેરે કાર્યોથી ગુરુભક્તિ, જ્ઞાનોદ્ધાર અને સમાજસેવા વગેરેમાં દિવસાનુદિવસ થતી જતી અભિવૃદ્ધિથી આપણને સૌને અંતઃકરણપૂર્વક આનંદ થાય તે સ્વાભાવિક છે.

આ તેંતાલીશ વર્ષમાં સભા કેટલી પ્રગતિશીલ બની, કેટલી ગુરુભક્તિ, સાહિત્ય અને સમાજસેવા કરી તેનું માપ તો જૈન સમાજ જ કાઢી શકે, છતાં સભાના નિઃસ્વાર્થી કાર્યવાહકોએ આટલા વર્ષો સુધી સભાની પ્રમાણિક નિષ્ઠાએ સેવા કરી, તેને ઉન્નત બનાવી અને બીજા સભાસદ બંધુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓએ પ્રેમપૂર્વક સહકાર આપ્યો, તેથી તેનું ઉજ્જવળ ભાવિ વર્તમાન સ્થિતિવડે જણાય તેથી આ સભાના સર્વ માનવંતા સભાસદોને આનંદ, ગૌરવ અને અભિમાન લેવા જેવું બને તે સ્વાભાવિક છે.

સભાએ આજ સુધી પોતાની સ્થિતિ અને સંયોગાનુસાર ગમે તેટલી પ્રગતિ કરી હોય છતાં, ભવિષ્યને માટે જૈન સમાજની ઉન્નતિ માટે, તેમનામાં જ્ઞાનવૃદ્ધિ કેમ વિશેષ થાય તેને માટે, સસ્તું વાંચન કે ફ્રી વાંચન મળી શકે અને તેમાં રસ ઉત્પન્ન થાય તેવી જ્ઞાનની પરબો જરૂરીયાત સ્થળે મંડાવવાની આવી સંસ્થાઓની વિશેષ અને ખાસ ફરજ હોય છે. આ સભા પોતાની સ્થિતિ-સંયોગ વધારે અનુકૂળ થતાં સમયને અનુસરી અવશ્ય તેમ કરવાની અભિલાષા રાખે છે.

કાળ પરિવર્તન એટલું બધું થયું છે અને તેની અસર આપણા સમાજ ઉપર પણ વ્યવહારિક અને ધાર્મિક બાબતમાં ઘણી પહોંચી છે, તેની વધારે અસર ન થાય તે પહેલાં જૈન સમાજે બંને બાબતોમાં ધર્મદષ્ટિ સન્મુખ રાખી, સમયને ઓળખી, સુધારોવધારો કરવાની જરૂર છે. વર્તમાનમાં જૈન સમાજે બંને પ્રકારની કેળવણી અને કોમની બેકારીના પ્રશ્નો હાથ ધરવાના છે અને હુન્નર ઉદ્યોગની જરૂરીયાત પણ વિશેષ પ્રકારે આપણી સમાજ માટે ઊભી થવા પામી છે. હાલ તો તેના માટે-જ શ્રીમંત બંધુઓએ દ્રવ્યનો ઉપયોગ કરવાનો છે કે જેથી શ્રાવક–શ્રાવિકા ક્ષેત્ર ઉન્નત થાય.

ઉપર જણાવ્યું તેમ સાહિત્યપ્રચાર, ઉદારતાપૂર્વક જ્ઞાનદાન અને ધાર્મિક, વ્યવહારિક બંને પ્રકારની કેળવણીની અભિવૃદ્ધિને ઉત્તેજન એ મુખ્ય કાર્યો અને કર્તવ્ય આવી સંસ્થાઓના ઉદ્દેશમાં મુખ્ય હોવા જોઇએ. આ સભાની સ્થાપનાનો મૂળ ઉદ્દેશ બીજા કાર્યો સાથે અમુક રીતે તેવો હોવાથી આ ૪૩ વર્ષમાં તેની વધતી જતી ઉન્નત સ્થિતિ માટે શું શું કાર્યો કર્યા છે, તે દર વર્ષે રિપોર્ટમાં જણાવવામાં આવે છે. આ વર્ષે પણ તેના ઉદ્દેશો સાચવી કાર્ય કરતાં આ સભા કેટલી વધારે સેવા કરી શકી છે અને તેની કેટલી વિશેષ પ્રગતિ થઇ છે તે હકીકત સંક્ષિપ્તમાં આપની પાસે નીચે પ્રમાણે રજૂ કરવા રજા લઇએ છીએ.

**ઉદ્દેશ અને હેતુ**—આ સભાનું સ્થાપન સં. ૧૯૫૨ ના બીજા જેઠ શુદ ૨ના રોજ સ્વર્ગવાસી ગુરુરાજ **શ્રી વિજયાનંદસૂરીશ્વરજી** મહારાજના સ્મરણાર્થે–ગુરુભક્તિ નિમિત્તે કરવામાં આવ્યું છે.

**ઉદ્દેશ**—જૈન બંધુઓ ધર્મ સંબંધી ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરે તેવા ઉપાયો યોજવા, ધાર્મિક અને વ્યવહારિક કેળવણીની વૃદ્ધિ માટે યથાશક્તિ પ્રયાસ કરવા, જૈનધર્મના અત્યુપયોગી ગ્રંથો, આગમો, મૂળ, ટીકા, અવચૂરિ તેમજ ભાષાંતરના પ્રકટ કરી ભેટ, ઓછા મૂલ્યે કે મુદ્દલ કિંમતે આપી જ્ઞાનનો બહોળો ફેલાવો (સાહિત્યનો પ્રચાર) કરી જૈન સાહિત્યની અભિવૃદ્ધિ તથા સેવા કરવા, જૈન વિવિધ સાહિત્યનું એક *જ્ઞાનમંદિર કરવા અને તેનાથી દરેકને સર્વ રીતે લાભ આપવા, ફ્રી (મફત) વાંચનાલય–લાઇબ્રેરીથી જનસમાજને વાંચન પૂરાં પાડવા અને અન્ય જૈન લાઇબ્રેરીને યથાશકિત સહાય

---

*ઘણા વર્ષોથી જ્ઞાનમંદિરની સ્થાપના કરવા માટે આ સભાના ઉદ્દેશમાં જણાવવામાં આવે છે, પરંતુ સં. ૧૯૯૦ ની સાલના ચૈત્ર મહિનામાં સભાના મકાનને લગતું એક મકાન સભાએ વેચાણ લીધું છે, હવે તેને જ્ઞાનમંદિરને યોગ્ય બનાવવા રૂા. ૫૦૦૦) ની જરૂરીયાત છે. સભાની એવી ઈચ્છા કે તેટલી રકમ આપનાર ઉદાર જૈનબંધુનું નામ તે સાથે જોડવું. વળી સભા પાસે હસ્તલિખિત પ્રતો ૧૫૨૨) તો સભામાં છે. છાપેલા આગમો, પ્રતો, બુકો વગેરેનો સંગ્રહ તો સભામાં પુરતો છે. સ્થાન–અનુષ્ઠાન તૈયાર છે પરંતુ તે મકાનને જ્ઞાન-મંદિરને યોગ્ય બનાવવા પુણ્યવાન જૈનબંધુઓ પાસે આર્થિક સહાય માટે નમ્ર માંગણી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવા વગેરે અને એવા બીજા જૈન શાસનની સેવાના દરેક કાર્યોમાં યથાશકિત ફાળો આપી સ્વપર-જ્ઞાનવૃદ્ધિ કરવા વિગેરેથી આત્મોન્નતિ કરવાનો છે.

**બંધારણ—પેટ્રન સાહેબ, પહેલા વર્ગના લાઇફ મેમ્બરો, બીજા વર્ગના લાઈફ મેમ્બરો અને વાર્ષિક મેમ્બર** એમ ચાર પ્રકારનું છે. અને સભાસદ બંધુઓના હક્કો, ફરજ અને સભાસદ બંધુઓને સભા તરફથી આર્થિક, વ્યવહારિક, અને પ્રગટ થતાં અનેક ગ્રંથો ભેટ મળવાથી થતો ધાર્મિક લાભ આ રિપોર્ટમાં સંક્ષિપ્તમાં આપવામાં આવેલ છે અને તેને લગતા ધારાધોરણ તેમ જ લાઇબ્રેરીના ધારાધોરણ જેમાં ઘણો જ સુધારોવધારો સભાએ કરેલ છે, તે છપાય છે, જે થોડા વખતમાં પ્રસિદ્ધ થશે.

---

## ખેદકારક નોંધ.

## સભાને પડેલી ભારે ખોટ.

આ સભા ઉપર સંપૂર્ણ ધર્મસ્નેહ ધરાવનાર, સ્થળે સ્થળે જૈન જ્ઞાનભંડારનું સંશોધનકાર્ય કરનાર અને આ સભા તરફથી પ્રગટ થતાં પ્રાચીન અપૂર્વ જૈન આગમ વગેરેના અનેક ગ્રંથોનું જે મહાત્માએ પોતાના સાક્ષરવર્ય વિદ્વાન શિષ્ય **શ્રી પુણ્યવિજયજી** મહારાજ સાથે અત્યંત પરિશ્રમ લઇ ઉચ્ચકોટીનું સંશોધન કાર્ય જીવનની છેલ્લી ઘડી સુધી કર્યું છે, કે જેને લઇને આ સભાની ઉન્નતિ વિશેષ થતી ગઇ છે, એવા સાક્ષરવર્ય મુનિરાજ **શ્રી ચતુરવિજયજી** મહારાજ કે જેઓ ૫૦ વર્ષના દીક્ષિત, નિરતિચાર ચારિત્ર પાળનાર, શાંતમૂર્તિ, ગુરુભક્તિમાં નિમગ્ન સં. ૧૯૯૬ના કારતક વદિ ૬ ને શનિવારના રોજ સ્વર્ગવાસી થતાં આ સભાને ન પુરાય તેવી ખોટ પડી છે. આ સભા તેમની ઋણી છે તેમ જ આવા એક સાહિત્યકાર ઉત્તમ મુનિશ્રીના વિરહથી જૈન સમાજને પણ ભારે ખોટ પડી છે. ભાવિભાવ બળવાન છે તેમાં મનુષ્ય નિરુપાય છે. આવા ઉપકારી મુનિરાજ માટે આ રિપોર્ટમાં ખાસ ખેદદાયક નોંધ લેવામાં આવે છે.

---

## જનરલ કમિટી.

ગત વર્ષમાં આખરે ૫ પેટ્રન સાહેબો, ૧૦૫ પહેલા વર્ગના લાઇફ મેમ્બરો, ૨૨૧ બીજા વર્ગના લાઇફ મેમ્બરો, ૯ ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરો, ૩૫ વાર્ષિક મેમ્બરો, ૫ બીજા વર્ગના વાર્ષિક મેમ્બરો મળી કુલ ૩૮૦ સભાસદો હતા. તેમાં સ્વર્ગવાસ પામેલા ને કમી થયેલા બાદ કરતાં અને નવા થયા તે ઉમેરતાં ૯ પેટ્રન સાહેબો, ૧૦૪ પહેલા વર્ગના લાઇફ મેમ્બરો, ૨૧૮ બીજા વર્ગના લાઇફ મેમ્બરો, ૯ ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરો, ૩૮ વાર્ષિક મેમ્બરો, ૫ બીજા વર્ગના વાર્ષિક મેમ્બરો મળી કુલ ૩૮૩ મેમ્બરો છે. તેમાં ૨૫૩ બહારગામના અને ૧૩૦ ભાવનગરના છે. અમુક ગામના સંઘો, સંસ્થાઓ અને જૈન બ્હેનો પણ છે.

## પેટ્રન સાહેબોના મુબારક નામો.

૧ બાબુસાહેબ બહાદુરસિંહજી સીંઘી.
૨ શેઠ ચંદુલાલ સારાભાઇ મોદી બી. એ.
૩ રાવ સાહેબ શેઠ કાંતિલાલ ઇશ્વરલાલ જે. પી.
૪ શેઠ માણેકચંદ જેચંદભાઇ.
૫ શેઠ નાગરદાસ પુરુષોત્તમદાસ.
૬ શેઠ રતિલાલ વાડીલાલ.
૭ શેઠ માણેકલાલ ચુનીલાલ જે. પી.
૮ શાહ નાનાલાલ હરિચંદ.
૯ શેઠ કાંતિલાલ બકોરદાસ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મેનેજીંગ કમિટી

## પ્રમુખ

શેઠ શ્રી ગુલાબચંદ આણંદજી.

## ઉપપ્રમુખ.

૧ સંઘવી નાનચંદ કુંવરજી. ૨ શાહ દામોદરદાસ દીયાળજી.

## ટ્રેઝરર.

શેઠ અમૃતલાલ છગનલાલ.

## સેક્રેટરીઓ.

૧. ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ. ૨ શેઠ હરજીવનદાસ દીપચંદ.

૩. શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ.

## સભાસદો.

૧. શેઠ દેવચંદ દામજી કુંડલાકર
૨. શાહ ગુલાબચંદ લલ્લુભાઇ
૩. શાહ ચમનલાલ ઝવેરભાઇ
૪. શાહ નગીનદાસ ઉત્તમચંદ
૫. વકીલ કચરલાલ નાનજીભાઇ બી. એ. એલએલ. બી.
૬. શાહ દીપચંદ જીવણભાઇ બી. એ. બી.એસ.સી.
૭. શાહ દેવચંદ દુર્લભજી
૮. સંઘવી અમરચંદ ધનજીભાઇ
૯. શાહ કાંતિલાલ ભગવાનદાસ (ઓ. લાઇબ્રેરીયન)

---

## કાર્યો.

**૧. ફ્રી લાઇબ્રેરી અને રીડીંગ રૂમ:—જૈન-જૈનેતર** ને ફ્રી ( મફત ) લાભ આપવામાં આવે છે. વિવિધ સાહિત્યના પુસ્તકોનો સંગ્રહ નવ વર્ગોમાં હોવાથી તેમ જ ન્યુસપેપરો ઉપયોગી અને વાંચવા લાયક દૈનિક, અઠવાડિક, પખવાડિક, માસિક, ત્રિમાસિક, અંગ્રેજી, ગુજરાતી, હિંદી વગેરે પર) આવે છે, જેનો આ શહેરના સંખ્યાબંધ મનુષ્યો દરરોજ લાભ લે છે. અત્રેના, બહારગામના, તેમજ પાશ્ચિમાત્ય વિદ્વાનો આ સભાની વિઝીટ લઇ ગયેલ છે અને તેને માટે પ્રશંસા કરેલ છે. આ શહેરમાં તો તે પ્રથમ દરજ્જો ધરાવે છે. હજી વિશેષ વૃદ્ધિ માટે પ્રયત્ન ચાલુ છે. સભા સ્થાપન થઇ ત્યારથી અત્યારસુધી ( ૪૩ વર્ષ થયા ) તેની ફેરીસ્ત થઇ નહોતી, જેથી આ વર્ષમાં તેની સુધારણા અને ઉપયોગી ફેરફારો કરવા ખાસ એક વધારે કલાર્ક રાખી લાઇબ્રેરીયનની દેખરેખ નીચે તેના ઉપર ધ્યાન આપવામાં આવ્યું અને શુમારે દશ મહિનામાં તે કામ પૂર્ણ થયું. ફાટેલાં, નકામા પુસ્તકો રદ કર્યાં, તેને બદલે મળતાં તે જ પુસ્તકો નવાં ખરીદ્યા. ઘણા વખતથી વાંચકો પાસે લેણા રહેલ પુસ્તકોની તોડજોડ કરી લીધી અને પ્રથમ જે સાત વર્ગો હતા તેની વહેંચણી નવ વર્ગોમાં નીચે પ્રમાણે કરી.

સ્વર્ગવાસી મુનિરાજ શ્રી ભક્તિવિજયજી મહારાજનો લખેલી પ્રતોનો સંગ્રહ-ભંડાર જુદો છે કે જે તેઓશ્રીની હૈયાતિમાં આ સભાને સુપ્રત થયેલ હતો, છતાં તેમના શિષ્ય મુનિરાજ શ્રી જશવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહારાજે પણ સભાને સુપ્રત થયેલો ભંડાર સભાને માલેકી સાથે સોંપેલ છે જે હકીકત ગયા રિપોર્ટમાં પ્રગટ કરેલ છે.

---

## વર્ગો.

સંવત **૧૯૯૫**ની આખર સુધીમાં કુલ પુસ્તકો **૮૪૪૫** રૂા. ૧૪૫૭૦।ૢ।ના થયા છે, જેની કિંમત નીચે પ્રમાણે આપવામાં આવેલ છે.

વર્ગ ૧ લો **જૈનધર્મના છાપેલા પુસ્તકો** કુલ ૨૮૨૪ કિં. રૂા. ૩૬૬૪–૪–૬
વર્ગ ૨ જો **જૈનધર્મના છાપેલા આગમો** કુલ ૧૫૨ કિ. રૂા. ૧૧૫૭–૯–૦
વર્ગ ૩ જો **જૈનધર્મની હસ્તલિખિત પ્રતો** કુલ ૧૫૨૨ ( ૧૯૭+૧૩૨૫ ) શુમારે પચાસ હજાર રૂપીયાથી વધારે કિંમતની.
વર્ગ ૪ થો **સંસ્કૃત છાપેલાં ગ્રંથો** કુલ ૪૧૬ કિ. રૂા. ૧૨૫૮–૧૨–૦
વર્ગ ૫ મો **નીતિ નૉવેલ વગેરેના** વિવિધ સાહિત્યના કુલ ૩૦૪૨ કિં. રૂા. ૪૨૫૭–૧–૦
વર્ગ ૬ ઠ્ઠો **અંગ્રેજી પુસ્તકો.** કુલ ૧૯૮ કિ. રૂા. ૫૪૮–૧૦–૬
વર્ગ ૭ મો **માસિકની ફાઇલ અને દિવાળીના** ખાસ અંકો કુલ ૧૧૧૭ કિ.રૂા.૨૬૨૮–૫–૦
વર્ગ ૮ મો **હિંદી સાહિત્યના પુસ્તકો** કુલ ૨૭૫ કિં. રૂા. ૫૧૬–૯–૬
વર્ગ ૯ મો **બાળવિભાગના પુસ્તકો** કુલ ૨૨૪ કિં. રૂા. ૮૬–૧૦–૦

નવ વર્ગમાં કુલ પુસ્તકો ૮૪૪૫ રૂા. ૧૪૫૭૦–૭–૬ કિંમતના છે. અને ત્રીજા વર્ગની લખેલી પ્રતો ૧૫૨૨ની કિંમત શુમારે પચાસ હજાર રૂપીયા કરતાં વધારેની ગણી શકાય તે જુદી છે.

**૨. સભાનું વહિવટી–નાણા પ્રકરણીય ખાતું:**—સભાનો વહીવટ સહજ રીતે સમજી શકાય તે માટે જુદા જુદા ખાતાઓથી ચલાવવામાં આવે છે, જેથી ઉપજ–ખર્ચ જાણવામાં આવી શકે. હિસાબ સરવૈયા સાથે પાછળ આપવામાં આવેલ છે.

**૩. જૈન સાહિત્ય પ્રકાશન ખાતું:–વિવિધ જૈન સાહિત્ય અને જ્ઞાનોદ્ધારના પ્રચાર માટે પ્રાચીન સંસ્કૃત, માગધી, મૂળ ટીકાના ગ્રંથો, જૈન ઐતિહાસિક ગ્રંથો, જૈન આગમો, કર્મવિષયક ગ્રંથો, ગુજરાતી ભાષાંતરના ગ્રંથો વગેરે પ્રસિદ્ધ કરવાનું બ્હોળી સંખ્યામાં શરૂ રહેલ કાર્ય** નીચેનાં પાંચ પ્રકારે આ સભાનું સાહિત્ય–પુસ્તક પ્રકાશનખાતું છે.

**૧. શ્રી આત્માનંદ જૈન ગ્રંથ રત્નમાળા**-જેમાં સંસ્કૃત, પ્રાકૃત, માગધી, મૂળ ટીકાના ગ્રંથો પ્રકટ થાય છે.

**૨. પ્રવર્તકજી શ્રી કાંતિવિજયજી જૈન** ઐતિહાસિક ગ્રંથોનું પ્રકાશન થાય છે.

**૩. શ્રી આત્મારામજી જન્મ શતાબ્દિ સિરિઝ**-શ્રી શતાબ્દિ (૧૯૯૨) મહોત્સવના સ્મરણ નિમિત્તે, જેમાં પ્રાચીન સંસ્કૃત, પ્રાકૃત યા ગુજરાતી ભાષાના ગ્રંથો પ્રસિદ્ધ થાય છે. જેમાં સાત ગ્રંથો પ્રસિદ્ધ થયા છે. અને બીજા નવા ગ્રંથોની યોજના શરૂ છે. ૧ ત્રિષષ્ઠિ શ્લાકાપુરુષચરિત્ર પર્વ ૨ થી ૧૦ છપાય છે. ૨ ધાતુપારાયણ તૈયાર થાય છે. ૩ વૈરાગ્ય કલ્પલતા ( શ્રી યશોવિજયજીકૃત પ્રાકૃત વ્યાકરણ ઢુંઢિકાવૃત્તિ ) તૈયાર થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪. **સીરીઝ તરીકે મદદથી** છપાતાં ગ્રંથો.

૫. **સભાના પોતાના તરફથી** પ્રગટ થતાં ગ્રંથો મુદ્દલ કિંમતે કે ઓછી કિંમતે અને સિરિઝના ગ્રંથો ધારા પ્રમાણે કિંમતથી આપવામાં આવે છે.

અત્યાર સુધીમાં ઉપરોક્ત જણાવેલ ગ્રંથો ધારા પ્રમાણે સભાસદોને ભેટ આપવામાં આવેલ છે, જેથી એવા ગ્રંથોની તેઓ સાહેબ એક સારી લાઇબ્રેરી કરી શકયા છે.

અત્યાર સુધીમાં મુનિમહારાજો, જ્ઞાનભંડારો, પાશ્ચિમાત્ય વિદ્વાનો અને સંસ્થાઓને કુલ મળી રૂા. ૨૦૮૩૫–૧૦–૬ની કિંમતના ગ્રંથો સભાએ ( તદ્દન ફ્રી ) ભેટ આપેલા છે. અડધી અલ્પ કે ઓછી કિંમતે આપેલા તે જુદા છે. લાઇફ મેમ્બરોને અત્યાર સુધીમાં આપેલા ગ્રંથોની પણ હજારોની સંખ્યાની રકમ થાય છે તે જુદી છે. આ બધું ગુરુકૃપાથી થતું હોવાથી અમોને આનંદ થાય છે. હજુ તેવું જ પ્રકાશન અને ભેટનું કાર્ય સંયોગ પ્રમાણે ચાલુ છે અને ચાલુ રહેશે, જેથી આ સભાની પ્રતિષ્ઠા, ગૌરવ અને જ્ઞાનભક્તિમાં પ્રશંસા સાથે વધારે થતો જાય છે.

૧. **શ્રી આત્માનંદ સંસ્કૃત જૈન ગ્રંથમાળા સિરિઝ–સં.** ૧૯૯૫ની આખર સાલ સુધીમાં પ્રાકૃત, સંસ્કૃત, મૂળ, ટીકા વિગેરે વિવિધ સાહિત્ય અને આગમોના મળી કુલ ૮૮ ગ્રંથો પ્રકટ થયા છે. નવા ગ્રંથોનું કાર્ય નીચે પ્રમાણે શરૂ છે.

૨. પ્રવર્તકજી શ્રી કાંતિવિજયજી ગ્રંથમાળાના ઐતિહાસિક સાત ગ્રંથો પ્રકટ થઇ ગયા છે. હાલ તે કામ સંયોગવશાત્ મુલતવી રહેલ છે.

**વસુદેવહિંડિનો ત્રીજો ભાગ, બૃહત્ કલ્પસૂત્રનો છઠ્ઠો ભાગ, કર્મગ્રંથ ૫ મો તથા છઠ્ઠો, ધર્માભ્યુદય મૂળ ( સંઘપતિચરિત્ર ) છપાય છે અને બાઇડીંગ થાય છે** અને **કથારત્નકોષ શ્રી દેવભદ્રસૂરિકૃત** અને **શ્રી નિશીથચુર્ણીસૂત્ર ભાષ્ય સહિત** તથા **શ્રી મલયગિરિ વ્યાકરણ** અને બીજા કાર્યોની યોજના શ્રી આત્માનંદ **જૈન** સંસ્કૃત ગ્રંથમાળાના કાર્ય માટે શરૂ છે.

---

## નીચેના ગુજરાતી ગ્રંથો છપાય છે

**શ્રી સંઘપતિ ચરિત્ર** ( ભાષાંતર ) તથા **શ્રી વાસુપૂજ્ય સ્વામી ચરિત્ર** તેમજ **શ્રી આદિનાથ પ્રભુ ચરિત્ર, ( પદ્માનંદ મહાકાવ્ય )** છપાય છે અને સભા તરફથી ગુજરાતી ગ્રંથો અત્યાર સુધી સત્યોતેર છપાયા છે, બીજા નવા ગ્રંથોની યોજના શરૂ છે.

જ્યારે જ્યારે ગ્રંથો પ્રસિદ્ધ થાય છે ત્યારે ત્યારે તેની જાહેર ખબર ' શ્રી આત્માનંદ પ્રકાશ'માં અપાય છે અને વધારે સંખ્યા ( ચાર–પાંચ ) તૈયાર થાય ત્યારે જ અમારા માનવંતા લાઇફ મેમ્બરોને " આત્માનંદ પ્રકાશ"દ્વારા પ્રથમ સૂચના કર્યા પછી ભેટ મોકલવામાં આવે છે.

---

## જૈન બંધુઓ અને બ્હેનો તરફથી પ્રકટ થતી સિરિઝ–ગ્રંથમાળા

સંવત ૧૯૯૫ સુધીમાં ૧૮ ગૃહસ્થો તથા બ્હેનો તરફથી સિરિઝના ધારા પ્રમાણે રકમ આવતા ગ્રંથો પ્રકટ થયા છે. આ મળેલી સિરિઝ માટેની આવેલી રકમોની હકીકત "આત્માનંદ પ્રકાશ"માં પ્રગટ થાય છે, નવી મળેલી તે સિરિઝની રકમોના ગ્રંથોના નામ સાથે હવે પછી માસિકમાં પ્રગટ થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૪. ધાર્મિક અને વ્યવહારિક કેળવણીને ઉત્તેજન**—દર વર્ષે રૂા. ૨૦૦) **જૈન** વિદ્યાર્થીઓને સ્કોલરશીપ તરીકે, રૂા. ૧૨૫) શ્રી ઉજમબાઈ **જૈન** કન્યાશાળાને મદદના મળી શુમારે સવાત્રણસો રૂપિયા અપાય છે. અનુકૂળતાએ વિશેષ આપવા સભાની શુભ આકાંક્ષા છે.

**૫. શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળા**—નો વહીવટ સભાને તેની કમિટિ તરફથી સુપ્રત થયેલ હોવાથી ધાર્મિક શિક્ષણને સહાય તેમજ મદદ આપવા સાથે કરે છે.

**૬. શ્રી આત્માનંદ પ્રકાશ:**—માસિક સાડત્રીસ વર્ષથી પ્રકટ કરવામાં આવે છે. તેમાં ઉત્તમ લેખો, પુસ્તકોની સમાલોચના, વર્તમાન સમાચારો વગેરે આપવામાં આવે છે. માસિકની સાઈઝ અને સુંદરતામાં મોટો ખર્ચ કરી વધારો કરવામાં આવ્યો છે અને લેખોની સામગ્રીમાં પણ વૃદ્ધિ થઈ છે, તે માટે **લેખકોનો આભાર** માનવામાં આવે છે અને સારા સારા અનેકવિધ સાહિત્યના ઉત્તમ ગ્રંથો વધારે ખર્ચ કરી, માસિકની આવક કે કમાણી દરકાર નહિ રાખતાં ગ્રાહકોને ભેટ અપાય છે.

**૭. સ્મારક ફંડો**—આ સભા હસ્તક શ્રીયુત મૂળચંદ નથુભાઇ કેળવણી ઉત્તેજન સ્મારક ફંડ, બાબુ પ્રતાપચંદજી ગુલાબચંદજી સ્કોલરશીપ ફંડ, કેળવણી મદદ ફંડ, શ્રીયુત્ ખોડીદાસ ધરમચંદ નિરાશ્રિત મદદ ફંડો ચાલે છે, જેમાં તેના ઉદ્દેશ પ્રમાણે તે તે ખાતામાં સહાયો દરવર્ષે અપાય છે.

**૮. જયંતિઓ:**—(૧) પ્રાતઃસ્મરણીય ગુરુરાજ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની જેઠ શુદ ૮ના રોજ શ્રી સિદ્ધાચળજી ઉપર દરવર્ષે પૂજા ભણાવી દાદાજીની આંગી રચાવવામાં આવે છે તથા મેમ્બરોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવે છે. તેના કાયમી ખર્ચ માટે એક રકમ રાધનપુરવાળા શેઠ સકરચંદભાઇ મોતીલાલભાઈ એ તેમના પિતાશ્રી **શેઠ મોતીલાલભાઇ મૂળજી**ના સ્મરણાર્થે આપેલ છે તેના વ્યાજમાંથી જયંતિ ઉજવવામાં આવે છે, (૨) પૂજ્યપાદ ગુરુવર્યશ્રી મૂળચંદજી મહારાજની જયંતિ માગશર વદિ ૬, (૩) શાંતમૂર્તિ શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની જયંતિ આસો શુદ ૧૦ના રોજ આ શહેરમાં દેવગુરુભક્તિપૂજા–સ્વામીવાત્સલ્ય વગેરેથી દરવર્ષે તે તે ખાતે આવેલી રકમના વ્યાજમાંથી સભા તરફથી ઉજવાય છે.

**૯ સભાની વર્ષગાંઠ**—દર વર્ષે જેઠ શુદ ૭ ના રોજ સભાના મકાનમાં પ્રભુ પધરાવી પૂજા ભણાવવા વિગેરેથી દેવગુરુભક્તિ કરવા સાથે **વોરા હઠીસંગભાઇ ઝવેરચંદે** આપેલી એક રકમના વ્યાજ, તેમજ તેમના તરફથી વધારાની કબૂલ કરાયેલ રકમના દરવર્ષે તેમના તરફથી આપવામાં આવતી વ્યાજની રકમ વડે સ્વામીવાત્સલ્ય સહિત ઉજવવામાં આવે છે.

**૧૦ જ્ઞાનભક્તિ**—દરવર્ષે સભાના મકાનમાં જ્ઞાનપંચમીને દિવસે જ્ઞાન પધરાવી જ્ઞાનભક્તિ કરવામાં આવે છે.

**૧૧ આનંદમેલાપ**—દર બેસતે વર્ષે જ્ઞાનપૂજન કર્યા પછી આ સભાના પ્રમુખ **શેઠ ગુલાબચંદ આણંદજી** તરફથી આવેલ રકમના વ્યાજમાંથી સભાસદોને દૂધપાર્ટી આપવામાં આવે છે.

**૧૨ જૈન બંધુઓને મદદ**—મદદ આપવા યોગ્ય **જૈન** બંધુઓને, સભાને અમુક બંધુઓ તરફથી આવેલી રકમમાંથી સગવડ પ્રમાણે આર્થિક સહાય સભા આપે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મીટીંગનો હેવાલ

આ સાલમાં મેનેજીંગ કમિટિ તથા જનરલ મીટીંગો જે જે મળી હતી તેનો અહેવાલ નીચે મુજબ છે.

## મેનેજીંગ કમિટિ (૧)

સં. ૧૯૯૫ના ફાગણ વદિ ૪ ગુરુવાર તા. ૯–૩–૧૯૩૯.

(૧) રિપોર્ટ તથા સરવૈયું વાંચી સંભળાવ્યું અને તે જનરલ મીટિંગમાં રજૂ કરવાનું ઠરાવવામાં આવ્યું.

(૨) સભાની પશ્ચિમ બાજુના ચાલના ચોગઠા તથા ઉત્તરાદા મકાન તરફ જાળી કરી કબજો કરવા રૂા. ૧૫૦)નો ખર્ચ મંજુર કરવામાં આવ્યો.

(૩) સભાના નાણા મકાન ઉપર ધીરવા માટે ( ૧ ) શેઠ ગુલાબચંદ આણંદજી ( ૨ ) શેઠ હરજીવનદાસ દીપચંદ (૩) શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ (૪) શેઠ અમૃતલાલ છગનલાલની કમિટી નીમવામાં આવી. મકાનનો કાયદેસર પૂરતો કબજો મળે તો આ કમિટીને રૂપીયા ધીરવા સત્તા આપવામાં આવી.

(૪) સભાના મકાનની પૂર્વ બાજુ ખત્રી હરજી સુંદરજીવાળાએ મકાન ઊંચું લીધેલ હોવાથી તે તરફ ખીંડલું ચણી અગાસી કરી રૂા. ૧૫૦)નો ખર્ચ કરવામાં આવ્યો તે મંજુર કરવામાં આવ્યો.

(૫) માસિકના ટાઇપો અને શાહી સારી વાપરવા શ્રી આનંદ પ્રિન્ટીંગ પ્રેસને યોગ્ય ભલામણ કરવામાં આવી.

---

## જનરલ મિટીંગ (૧)

સં. ૧૯૯૫ના ચૈત્ર શુદિ ૧ બુધવાર તા. ૨૨–૩–૧૯૩૯.

(૧) સેક્રેટરી ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસે જણાવ્યું કે ગુરુકૃપાએ સભાની ઉન્નતિ દિવસાનુદિવસ વધતી જાય છે. ગઇ સાલમાં રાવસાહેબ શેઠ શ્રી કાંતિલાલભાઇ ઇશ્વરદાસ, જે. પી. શેઠ માણેકચંદ જેચંદભાઈ અને શેઠ નાગરદાસ પુરુષોતમદાસ આ સભાના માનવંતા પેટ્રન થયા છે અને મુંબઇવાળા શેઠ રતિલાલ વાડીલાલ પણ સભાના પેટ્રન થશે અને બીજા એક સદ્ગૃહસ્થ માટે પણ પ્રયત્ન ચાલે છે.

આજનો દિવસ **શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી** મહારાજની જન્મ શતાબ્દિનો ત્રિવાર્ષિક માંગલિક દિવસ છે. અને તે દિવસે આપણે સૌ ભાઇઓ એકત્ર થયા છીએ.

(૨) શ્રી મૂળચંદભાઈ સ્મારક ફંડ તથા શ્રી ખોડીદાસભાઇ સ્મારક ફંડનું નામું કઇ રીતે સભામાં રાખવું તે માટે શેઠ હરજીવનદાસ દીપચંદ તથા શેઠ નાનચંદ કુંવરજીએ મેનેજીંગ કમિટી પાસે રિપોર્ટ રજૂ કરવો અને મેનેજીંગ કમિટી પસાર કરે તે રીતે સભાએ નામું રાખવું.

(૩) સં. ૧૯૯૪ની સાલનો રિપોર્ટ–સરવૈયું વાંચી પસાર કરી છપાવી "શ્રી આત્માનંદ પ્રકાશ" માસિકમાં વહેંચવાનો ઠરાવ કરવામાં આવ્યો.

(૪) સભાની પશ્ચિમ બાજુના ચોકઠાની ચાલ સંબંધી તથા ઓટલા સંબંધમાં પાડોશીએ વાંધો ઉત્પન્ન કરેલ તેને અંગે સભાનો હક્ક સાબિત કરવા કોર્ટમાં યોગ્ય દાદ માટે જવું પડયું હતું, તેમાં છેવટે સભાનો સંપૂર્ણ હક્ક સાબિત થયાનો ફેંસલો થયેલ છે અને તેમાં વકીલ જગજીવનદાસ શિવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાલ તથા વકીલ ભાઇચંદભાઇ અમરચંદે પોતાની કંઇ પણ ફી લીધી નથી જેથી બંને વકીલ સાહેબોનો આભાર માનવામાં આવ્યો.

(૫) સભાની લાઇબ્રેરી માટે શાહ કાંતિલાલ ભગવાનદાસને એક વર્ષ માટે લાઇબ્રેરીયન તરીકે નીમવામાં આવ્યા.

(૬) ત્રણ વર્ષ માટે મેનેજીંગ કમિટી નિમવામાં આવી (જે નામો આગળ આપવામાં આવેલ છે.)

(૭) સં. ૧૯૯૫ની સાલનું બજેટ વાંચી સંભળાવી પસાર કરવામાં આવ્યું.

(૮) ભાવનગરનિવાસી શ્રી **જૈન** શ્વેતાંબર મૂર્તિપૂજક કોઇ પણ વિદ્યાર્થી પાશ્ચિમાત્ય દેશમાં જઇ કોઇ પણ જાતના શિક્ષણમાં પાસ થઇ ડીગ્રી મેળવી આવે તો તેને સભાએ અભિનંદન આપવું અને તે માટે રૂા. ૨૫) સુધી ખર્ચ કરવો. પ્રમુખશ્રીની સૂચના મુજબ હાલ તુરતમાં પાસ થઇ આવેલ ભાઇ રતિલાલ ઉજમશીને અભિનંદનનો મેળાવડો કરી યોગ્ય સત્કાર કરવાનું તે મુજબ ઠરાવવામાં આવ્યું.

(૯) શ્રી આત્માનંદ ભૂવન મદદ ફંડ ખાતે રૂા. ૪૮૦૦) આવેલ છે તેનો મકાન ખાતે હવાલો નાખવાનું ઠરાવવામાં આવ્યું.

## મેનેજીંગ કમિટિ (૨)

### સં ૧૯૯૫ ના જેઠ શુદિ ૧ શનિવાર તા. ૨૦–૫–૧૯૩૯,

(૧) શેઠ **માણેકલાલભાઈ** ચુનીલાલ જે. પી. તથા શ્રીમતી **કમળાબ્હેન** માણેકલાલ તરફથી સીરીઝ માટે રૂા. ૩૦૦૦) ત્રણ હજાર સભાને સુપ્રત થયાં તથા શેઠ માણેકલાલભાઇ ચુનીલાલ પેટ્રન થયા. પં. મહારાજ શ્રી પ્રીતિવિજયજી મહારાજનો ઉપદેશ હોવાથી બંનેનો આભાર માનવા સાથે માસિકમાં ફોટા સાથે નોંધ લેવી અને અત્રે આવે ત્યારે શેઠશ્રી માણેકલાલભાઇને માનપત્ર આપવાનું ઠરાવવામાં આવ્યું.

(૨) શેઠશ્રી માણેકલાલભાઇની સીરીઝમાં '**શ્રી વાસુપૂજ્ય ચરિત્ર**' છપાવવું અને શ્રીમતી કમળાબ્હેનની સીરીઝ માટે કોઇ ઉત્તમ સતી ચરિત્ર છપાવવાનું ઠરાવવામાં આવ્યું.

(૩) **શેઠશ્રી કાંતિલાલભાઇ બકોરદાસ** આ સભામાં પેટ્રન થયા તે માટે તેમનો આભાર માનવા સાથે માસિકમાં તેઓશ્રીની ફોટા સાથે નોંધ લેવા ઠરાવ કરવામાં આવ્યો.

(૪) શ્રી વલ્લભદાસભાઇ સાથે સભાના કામ માટે કારકુન નાનચંદ તારાચંદ મુંબઇ ગયેલ, તેથી તે કારકુનનો ખર્ચ સભાએ માંડીવાળવાનું મંજૂર કરવામાં આવ્યું.

(૫) ભા. હેમચંદ ગાંડાલાલનું નામ ભૂલથી મેનેજીંગ કમિટીના લીસ્ટમાં છપાઇ ગયેલ છે તેને બદલે શાહ દેવચંદ દુર્લભજીનું નામ રાખવામાં આવ્યું.

(૬) મેનેજીંગ કમિટીમાં શેઠ જાદવજી ઝવેરભાઇનું નામ છે તેને બદલે શેઠ ચમનલાલ ઝવેરભાઇનું નામ રાખવામાં આવ્યું.

(૭) જેઠ શુદિ ૭–૮ ના મહોત્સવોમાં બધા સભાસદોએ લાભ લેવો એમ સૂચના કરવામાં આવી.

(૮) સ્વ. આ. શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજ કે જેઓશ્રીની જયંતિ દરવર્ષે આ સભા તરફથી ઉજવાય છે, તેઓશ્રીનો ઓઇલ પેઇન્ટ ફોટો સભાના મકાનમાં યોગ્ય સ્થળે પધરાવવાનું મંજુર કરવામાં આવ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૯) શેઠ સકરચંદભાઇ મોતીલાલ જ્યારે અત્રે પધારે ત્યારે તેમને માનપત્ર આપવું અને તે માટે એક સબ કમિટિ નિમવામાં આવી અને તે માટે તે કમિટીને રૂા. ૧૦૦) સુધી ખર્ચ કરવાની મંજુરી આપવામાં આવી.

(૧૦) સભાસદની ચીઠ્ઠીથી કોઈ પણ માણસને હવેથી સભાની લાઇબ્રેરીનું પુસ્તક ન આપવું તેમ ઠરાવવામાં આવ્યું.

(૧૧) ડીપોઝીટ રૂા. ૫) લઇ પુસ્તકો આપવા અને લાંબા વખતથી પુસ્તકો જેમની પાસે હોય તેમને લેખિત યાદી મોકલવી.

---

## મેનેજીંગ કમિટિ (૩)

સં. ૧૯૯૫ ના અધિક શ્રાવણ શુદિ ૪ ગુરુવાર તા. ૨૦–૭–૩૯

લાઇબ્રેરીને અંગે નીચે મુજબના ઠરાવો કરવામાં આવ્યા.

(૧) પાંચમા વર્ગનું લીસ્ટ બે માસમાં ફરી તૈયાર કરવું અને તે દરમિયાન લાઇબ્રેરીની બુકો કોઇને વાંચવા ન આપવી.

(૨) તૂટેલી અને રદ્દી બુકો કાઢી નાખવી ને ગુમ થયેલી બુકો લેવા જેવી હોય તે હાલ ભાઈ કાંતિલાલની સુચનાનુસાર લેવી.

(૩) લાઇબ્રેરીની બુકો કેટલા મેમ્બરો પાસે બાકી છે તેનું લીસ્ટ કરવું.

(૪) ડીપોઝીટ મૂકનાર ત્રણ માસમાં બુક પાછી ન આપે તો તેનું ડીપોઝીટ જમે કરવું.

(૫) પાંચ રૂપીઆ ઉપરની કે આઉટપ્રીન્ટ બુક કે ધારા પ્રમાણે નહિ અપાતી બુકો કોઈને ઘરે વાંચવા ન આપવી.

(૬) પેટ્રન સાહેબ તેમજ લાઇફ મેમ્બરોને બે બુક વાંચવા આપવી અને વાર્ષિક મેમ્બરને એક બુક આપવી.

(૭) સભાના કોઇ પણ સભાસદને લાઇબ્રેરીની બુક સહી કરાવીને વાંચવા આપવી અથવા તેઓ જે આસામીને બુક આપવાનું લખી મોકલે તેને જ બુક આપવી, બીજાને ન આપવી.

(૮) મેમ્બરની સહીવાળી આવેલ ચીઠ્ઠી ફાઇલ કરવી.

(૯) પાંચમા વર્ગનું લીસ્ટ તૈયાર કરવા માટે એક માણસ રાખવાની મંજુરી આપવામાં આવી.

(૧૦) ચાલુ માસિક માટે ખાનાવાળો ઘોડો કરાવવાની મંજુરી આપવામાં આવી.

(૧૧) પેટ્રન થનારને તેઓ પેટ્રન થયા પછી જે પુસ્તકો પ્રગટ થાય તે તેઓશ્રીને ભેટ આપવા. કોઇને અગાઉના પુસ્તકો ભેટ આપવા જરૂર જણાય તો મેનેજીંગ કમિટિની મંજુરી લઈ યોગ્ય કરવું.

(૧૨) પેટ્રન તથા લાઇફ મેમ્બરની ફી આવ્યા પછી જે પુસ્તકો છપાય તે ભેટ આપવા.

---

**આભાર દર્શન:**—વયોવૃદ્ધ શાંતમૂર્તિ પ્રાતઃસ્મરણીય **પ્રવર્તકજી મહારાજશ્રી કાન્તિવિજયજી મહારાજની** અપૂર્વ કૃપા તો આ સભા સ્થાપન થઇ ત્યારથી જ છે. સભાના પ્રાચીન સાહિત્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકાશનની શરૂઆત તેઓશ્રીની કૃપાવડે જ તેઓશ્રીના વિદ્વાન સુશિષ્યો મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજ તથા પ્રશિષ્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ દ્વારા ઘણા વર્ષોથી શરૂ થયેલ છે, તે હજુ સુધી નિયમિત અનેક ગ્રંથોનું પ્રકાશન થયા કરે છે. અનેક સુંદર, શુદ્ધ પ્રાચીન મૂળ વિવિધસાહિત્યના સભા તરફથી પ્રગટ થયા કરે છે કે જેથી સભાની પ્રતિષ્ઠામાં ઘણી વૃદ્ધિ થઇ છે. તે માટે સભા એ ત્રણે મહાત્માઓની આભારી છે. શ્રી પ્રવર્તકજી મહારાજ જૈન સાહિત્ય ઉપર અપૂર્વ પ્રેમ ધરાવે છે. તેઓશ્રીના અપૂર્વ પ્રયત્નવડે વડોદરા અને છાણીના જૈન જ્ઞાનમંદિરો સુપ્રસિદ્ધ થયા છે. તેઓશ્રીનો સંગ્રહિત પ્રાચીન હસ્તલિખિત ગ્રંથસંગ્રહ, પૂર્વાચાર્યોના પત્રો અને ઐતિહાસિક લેખો, જૈન ચિત્રકળા વગેરેનો સંગ્રહ પણ આહ્લાદ ઉત્પન્ન કરે તેવો છે. પોતાના જીવનમાં પોતાના શિષ્ય-પ્રશિષ્યોના સહકારવડે લીંબડી, પાટણ વગેરેના જ્ઞાનભંડારો તપાસી તેને નવું જીવન આપ્યું છે. વગેરેબાબતોથી તો જૈનસમાજ ઉપરનો તે ઉપકાર નહિં ભૂલી શકાય તેવો છે. પાટણનો ભંડાર તો અતિ પ્રાચીન છે, તે પાટણમાં જુદા જુદા સ્થળોએ હોવાથી એક જ સ્થાને ત્યાંના જૈન સંઘની દેખરેખ નીચે વ્યવસ્થિત અને સંરક્ષિત લાંબો વખત રહે તે માટે, તેઓશ્રીના અમોઘ ઉપદેશથી ત્યાંના ગૃહસ્થ ઝવેરી હેમચંદભાઇ મોહનલાલની ઉદારતાથી જ્ઞાનમંદિરનું મકાન તૈયાર થતાં આ વર્ષના ચૈત્ર વદિ ૩ તા. ૭-૪-૩૯ ના રોજ રા. રા. શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી અને પાટણનો જૈન સંઘ, જૈનેતર પ્રજા અને મુંબઇ ઇલાકાના અનેક સાક્ષરો અને વિદ્વાનોની હાજરી વચ્ચે તેનું ઉદ્ઘાટન પણ થયું છે. આ સુંદર કાર્ય પ્રવર્તકજી શ્રી કાન્તિવિજયજી મહારાજ અને તેમના સુશિષ્યોના પ્રયત્ન ને ઉપદેશનું ફળ છે, જેથી ત્યાં પાટણના તમામ ભંડારો એકત્ર થશે. પાટણના જૈનસંઘ ઉપર પૂજ્યપાદ પ્રવર્તકજી મહારાજનો અવર્ણનીય ઉપકાર છે. જૈનસમાજને પણ તે ગૌરવ લેવા જેવો વિષય છે. આ સભાના તો તેઓ શિરછત્ર રૂપ છે. સભાની ઉન્નતિમાં આ ગુરુરાજનો મોટો ફાળો છે. વળી આ. શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ કે જેઓશ્રીએ શ્રાવક શ્રાવિકા ક્ષેત્રને ઉજ્જવળ બનાવવા સ્થળે સ્થળે મુંબઇ, સાદડી, વરકાણા, ઉમેદપુર, લાહોર વગેરે પંજાબના શહેરોમાં ધાર્મિક કેળવણીની જૈન સંસ્થાઓ, જૈન હાઇસ્કુલો, કોલેજોનો અનેક પ્રયત્નો અને ઉપદેશ દ્વારા જન્મ આપ્યો છે, જેથી અનેક જૈન વિદ્યાર્થીઓ ઉચ્ચ કેળવણી પામ્યા છે હજી પણ લે છે, તે માટે જૈન સમાજ ઉપર તેઓશ્રીનો મહદ્ ઉપકાર છે, આ સભા ઉપર પણ સાહિત્ય પ્રકાશન ખાતામાં પણ તેઓશ્રીનો પ્રયત્ન અને ઉપદેશ દ્વારા અમૂલ્ય ફાળો છે જેથી આ સભા તે મહાત્માનો પણ આભાર ભૂલી શકે તેમ નથી.

---

### આભાર

સિવાય આ વર્ષમાં સભાના ચાલતા કોઇ કાર્યમાં આર્થિક કે બીજી કોઇ પણ પ્રકારની સહાય આપનાર જૈન બંધુઓનો તેમજ "શ્રી આત્માનંદ પ્રકાશ" ને માટે પણ લેખો વગેરેથી સહકાર આપનાર મુનિમહારાજાઓ તથા જૈન બંધુઓનો આભાર માનવામાં આવે છે. અને આ રિપોર્ટ સમાપ્ત કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સભાનું વહીવટી ખાતું

( સં. ૧૯૯૫ ના કારતક શુદિ ૧ થી આસો વદિ ૦)) સુધી )

## ૧. શ્રી સભા નિભાવ ફંડ ( સાધારણ ખાતું. )

**જ**

૧૫૦૧) બાકી દેવા હતા.
૭૩) વ્યાજના.
૩૫૦) લાઇફ મેમ્બરો સ્વર્ગવાસ પામતાં આવેલ લવાજમનો હવાલો.
૧૯૨૪)

**ઉ**

૧૦૦) શેઠ નાગરદાસ પુરુષોતમદાસ પેટ્રન થતાં ધારા પ્રમાણે મજરે આપ્યા.
૧૧૨૩) આ સાલના ખર્ચમાં તૂટતો હવાલો.
૭૦૧) બાકી દેવા રહ્યા.
૧૯૨૪)

## ૨. સભાસદોની ફી ખાતું. ( સાધારણ ખાતું. )

**જ**

૨૬૬।।।– બાકી દેવા હતા.
૧૨૧।।। વાર્ષિક મેમ્બર ફીના.
૧૨૧૦)= લાઇફ મેમ્બરોની ફીના વ્યાજના.
૧૫૩) લાઇફ મેમ્બરોના ભેટના પુસ્તકોના.
૧૭૫૧।।≡

**ઉ**

૪૫૩)≡ મેમ્બરોને માસિક ભેટ મોકલ્યા તેના ખર્ચનો હવાલો.
૩૯૮।।।≡। ખર્ચ ખાતાનો હવાલો.
૬) મેમ્બરોના લવાજમ ન પતવાથી માંડી વાળ્યા.
૧૫) લાઇફ મેમ્બરોના વી. પી. ન સ્વીકારાતા પાછા આવ્યા વિ.ના
૨૫) શેઠ ઝવેરભાઇ જીવણલાલને ફી મજરે આપી.
૭૪૭)≡।।। લાઇફ મેમ્બરોને તથા પેટ્રનોને ભેટ પુસ્તકો આપ્યા તેના.
૧૦૬।– બાકી દેવા રહ્યા.
૧૭૫૧।।≡

## ૩. શ્રી પેટ્રન ફી ખાતું.

**જ**

૨૫૦૧) બાકી દેવા હતા.
૨૦૦૧) નવા પેટ્રન ફીના.
૪૫૦૨)

**ઉ**

૪૫૦૨) બાકી દેવા રહ્યા.
૪૫૦૨)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૪. પહેલા વર્ગના લાઇફ મેમ્બર ખાતું.

| જ | ઉ |
| --- | --- |
| ૧૦૫૦૧) બાકી દેવા હતા. | ૧૦૦) મેમ્બર સ્વર્ગવાસ પામતાં સભા નિભાવ ફંડ ખાતે હવાલો. |
| ૧૦૦) નવા મેમ્બર ફીના. | ૧૦૦) મેમ્બર પેટ્રન થતાં હવાલો. |
| ૧૦૬૦૧) | ૧૦૪૦૧) બાકી દેવા રહ્યા. |
| | ૧૦૬૦૧) |

## ૫. બીજા વર્ગના લાઇફ મેમ્બર ખાતું.

| જ | ઉ |
| --- | --- |
| ૧૧૦૫૧) બાકી દેવા હતા. | ૫૦) મેમ્બર પેટ્રન થતાં હવાલો. |
| ૧૫૦) નવા મેમ્બરોની ફીના. | ૨૫૦) મેમ્બર સ્વર્ગવાસ પામતાં સભા નિભાવ ફંડ ખાતે હવાલો. |
| ૧૧૨૦૧) | ૧૦૯૦૧) બાકી દેવા રહ્યા. |
| | ૧૧૨૦૧) |

## ૬. ત્રીજા વર્ગના લાઇફ મેમ્બર ખાતું.*

| જ | ઉ |
| --- | --- |
| ૨૨૫) બાકી દેવા. | |

## ૭. શ્રી આત્માનંદ ભુવન મકાન ખાતું.

| જ | ઉ |
| --- | --- |
| ૬૫૦) ભાડાના. | ૨૨૧૯૫)≡ા બાકી લેણા હતા. |
| ૨૨૭૨૯ાાા= બાકી લેણા રહ્યા. | ૮૧ા વીમા ખર્ચ. |
| ૨૩૩૭૯ાાા= | ૧૬૫ાાા= રિપેરીંગના, અગાસી તથા પરચુરણ કામના ખર્ચના. |
| | ૯૩૭ા વ્યાજના. |
| | ૨૩૩૭૯ાાા= |

* આ વર્ગ બંધ કરેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ८. श्री આત્માનંદ ભવનની ઉત્તર બાજુના નવા મકાનનું ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૧૬૯) ભાડાના. | ૩૮૮૫ાા બાકી લેણા હતા. |
| ૩૯૩૦ા≈ બાકી લેણા રહ્યા. | ૧૮૯ા વ્યાજના. |
| | ૨૪ા≈ વીમાના. |
| ૪૦૯૯ા≈ | ૪૦૯૯ા≈ |

## ૯. શ્રી સાધારણ ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૧૬૦)≈ા બાકી દેવા હતા. | ૯૦ાા≈ાા પરચુરણ ખર્ચ. |
| ૩ાા પુસ્તક વેચાણમાંથી ½ હાંસલ. | ૭૨ાા≈ાા બાકી દેવા રહ્યા. |
| ૧૬૩ાા≈ા | ૧૬૩ાા≈ા |

## ૧૦. શ્રી સિદ્ધાચળજી ઉપર શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની જયંતિ [સાધારણ] ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૧૫૩૩) બાકી દેવા હતા. | ૧૨ાા ગોઠીને સંભાળ રાખવાના સંવત ૧૯૯૪-૯૫ ની સાલના પગારના. |
| ૭૪ાા વ્યાજના. | ૧૫૯૫) બાકી દેવા રહ્યા. |
| ૧૬૦૭ાા | ૧૬૦૭ાા |

## ૧૧. શ્રી મૂળચંદભાઈ સ્મારક ફંડ ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૪૩૯) બાકી દેવા રૂ. ૧૦૦૦) ના બોંડ ટ્રસ્ટીઓ ના નામે છે તે ઉપરાંત. | ૨૪) સ્કોલરશીપના. |
| ૭૨) વ્યાજના આવ્યા. | ૪૮૭) બાકી દેવા રહ્યા. |
| ૫૧૧) | ૫૧૧) |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૧૨. શ્રી ખોડીદાસભાઇ સ્મારક ફંડ ખાતું.

**જ**

૨૯૨) બાકી દેવા રૂ. ૧૦૦૦) ના બોંડ ટ્રસ્ટીઓ ના નામે છે તે ઉપરાંત.

૬૪॥≈ વ્યાજના આવ્યા.

૩૫૬॥≈

**ઉ**

૫૫॥≈ સાધર્મી ભાઇઓને મદદના આપ્યા.

૩૦૧) બાકી દેવા રહ્યા.

૩૫૬॥≈

---

## ૧૩. શ્રી જ્ઞાન ખાતું.

**જ**

૮॥≈ બેસતા વર્ષના જ્ઞાનપૂજનના.

૨॥≈ જ્ઞાનપંચમીના પૂજનના.

૬૨॥ વખારભાડાના ઉપજ્યા ૧૯૯૪-૯૫

૨૮)≡॥ પરચુરણ કસરના.

૮।≈ પુસ્તકો વેચાણમાંથી.

૮૨॥ વ્યાજનો વધારો.

૮૨૩૬।≈ બાકી લેણા રહ્યા. આ લેણા પેટે સભામાં લાઇબ્રેરીના પુસ્તકો તથા ડેક સ્ટોક વધુ કિંમતનો છે.

૮૪૩૦)

**ઉ**

૫૭૮૨॥≡ બાકી લેણા જ્ઞાન ખાતે.

૫૫॥ વખારભાડું.

૧૩૫) વીમાનો ખર્ચ.

૧૮૪।≡ માસિકો, વર્તમાન પેપરો વિગેરે લાઇબ્રેરી માટે મંગાવ્યા.

૧૯૪॥≈ લાઇબ્રેરીના પુસ્તકો ખરીદ કર્યા તેના.

૧૨૫) ઉજમબાઇ કન્યાશાળાને વાર્ષિક મદદના.

૫૪૨॥≡॥ આત્માનંદ પ્રકાશ પુ. ૩૫ ની ખોટ.

૬૫૭॥૦॥ " ૩૬ "

૮૫)૦॥ ઉઘરાણી ન પતવાથી માંડી વાળ્યા.

૧૨૫।≈॥ પુસ્તકો સાધુ, સાધ્વી, જ્ઞાનભંડાર વિ. ને ભેટ અપાયા.

૨૪॥ જાહેર ખબર ખર્ચના.

૨૯૯॥।≈॥ પુસ્તકો રાખવાના ઘોડા વિ. ના.

૪૭॥≈ પુસ્તકો મેળવતા ખર્ચના.

૧૦)≈ શ્રી ભક્તિવિજયજી મહારાજના ભંડારનું લીસ્ટ લખાઇના.

૧૨૫) પેનીન્સ્યુલર કંપનીને આપ્યા તે નુકસાની.

૩૪।≡ પેકીંગ તથા પરચુરણ ખર્ચના.

૮૪૩૦)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૧૪. શ્રી આત્માનંદ પ્રકાશ પુ. ૩૫ નું ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૩૫૨ા લવાજમ વસુલ થયું. | ૧૦૧૩ા≡ા છપાઈ, કાગળ બાઇન્ડીંગ વિ. ના. |
| ૩૬૩)≡ મેમ્બર ફી ખાતેથી જમે. | ૧૫૮ાા પોસ્ટ ખર્ચ. |
| ૫૪૨ા≡ા ખોટના જ્ઞાન ખાતેથી જમે. | ૧૩ા≡ પરચુરણ બ્લોક પટ્ટી વિગેરે. |
| | ૫૨) ભેટની બુકના. |
| | ૨૦) લખાઇ, પ્રૂફ વિગેરેના. |
| ૧૨૫૮)≡ા | ૧૨૫૮)≡ા |

## ૧૫. શ્રી આત્માનંદ પ્રકાશ પુ. ૩૬ નું ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૫૧૧)- લવાજમ વસુલ થયું. | ૧૨૦૨)= છપાઇ કાગળ બાઇન્ડીંગ વિ.ના. |
| ૪૫૩)≡ મેમ્બર ફી ખાતેથી જમે. | ૨૪૫ા૦ાા પોસ્ટ ખર્ચના. |
| ૬૫૭ા૦ાા ખોટના જ્ઞાનખાતેથી જમે. (કાગળનો ભાવ વધારે હોવાથી ખર્ચ વધારે થયેલ છે.) | ૯૨ાા બ્લોકપટ્ટી વિ. |
| | ૫૨) ભેટની બુકના. |
| | ૨૯ા- પરચુરણ ખર્ચ, લખાઇ,પ્રૂફ વિ૦. |
| ૧૬૨૧ાા૦ાા | ૧૬૨૧ાા૦ાા |

## સં. ૧૯૯૫ના આસો વદિ ૦)) સુધીનું સરવૈયું.

| જ | ઉ |
|---|---|
| ૯૮૪૮ા૦ા પુસ્તકો છપાવવા ખાતું. | ૮૨૩૬ા- જ્ઞાન ખાતે લેણા. |
| ૨૨૦૮૬ા= સીરીઝના ખાતાઓ. | ૪૦૫૧) ડેડસ્ટોક. |
| ૬૧૩)૦ા છાપખાના વિ૦ ખાતાઓ. | ૪૧૮૫ા-ા લાઇબ્રેરીના પુસ્તકો વિ૦ના માંડી વાળતા ખર્ચના. |
| ૭૦૧) સભા નિભાવ ફંડ ખાતે. | ૧૧૧૧૭ા૦ા છપાતા પુસ્તકો ખાતે. |
| ૨૬૦૨૯) લાઇફ મેમ્બરોની ફી ખાતે. ૪૫૦૨) પેટ્રન. ૧૦૪૦૧)-૧૦૯૦૧)-૨૨૫), ૨૬૦૨૯) | ૯૧૮૨ાા સીરીઝના પુસ્તકો ખાતે. |
| | ૩૩૬)-ા આત્માનંદ પ્રકાશ પુ. ૩૭મા ખાતે. અંક ૧-૨-૩ |
| ૧૦૬ા- સભાસદોની ફી ખાતે. | ૧૮૭૭ા- બુકસેલર વિ. ખાતા. |
| ૭૨ાા-ાા સાધારણ ખાતે. | ૨૬૬૬૦ા મકાન ખાતે લેણા. |
| ૯૭૭૮ા-ા જયંતિ વિ. મદદ ફંડો. | ૨૨૭૨૯ાા- આત્માનંદ ભુવન. |
| ૪૮૦૦) મકાન મદદ ફંડ. | ૩૯૩૦ા- આત્માનંદ ભુવન ઉત્તરાડુ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જ**

૧૫૯૫) શ્રીમદ્ વિજયાનંદસૂરિની જયંતિ ખાતે.
૪૮૭ શ્રી મૂળચંદભાઇ સ્મારક.
૩૦૧) શ્રી ખોડીદાસભાઇ સ્મારક.
૭૪૧૩ાા~ શરાફી ખાતે દેવું.
૬૮૨૪ાાા=
૨૭૬)–૩૦૫)≡–૭ાા

૮૩૮૩૨)૦ાા

**ઉ**

૨૪૭૭૯)૦ાા શરાફી ખાતે.
૨૭૫૦) શરાફો પાસે.
૯૦૨૯)૦ાા બેંકોમાં મૂકેલ.
૩૦૦૦) ભાવનગર સ્ટેટ બોંડ.

૨૪૭૭૯)૦ાા

૧૦૨૬૧ મેમ્બરો પાસે લેણા.
૧૪૪) પરચુરણ લેણું.
૪૬૯) ભાડુતો પાસે લેણા.
૩ાા~ાા શ્રી પુરાંત જણશે.

૮૩૮૩૨)૦ાા

# ડેડ સ્ટોક અને સ્ટોર.

## ( સંવત ૧૯૯૫ના આસો વદિ ૦)) સુધીનો )

### શ્રી જ્ઞાન ખાતાનો સામાન

૧૦૦૪) મુનિરાજના ફોટાઓ ઓઇલપેઇન્ટ તથા બીજા નાના મોટા વિગેરે.
૧૨૧૦) લાઇબ્રેરીના પુસ્તકો તથા પરચુરણ સામાન ભરવાના કબાટો નંગ ૧૭.
૪૭૧) વેચાણના પુસ્તકો માટેના મોટા કબાટો નં. ૪
૧૫૦) પુસ્તકો ભરવાની પેટીઓ નંગ ૫, છોડ રાખવાની પેટી ૧, પેપરો રાખવાનું ખાનું, કબાટના ઢાળીયા, લાકડાનું નકશીદાર ત્રિગડું વિગેરે.
૧૩૫) શ્રી ગુરુમંદિર માટે આરસના સિંહાસન નં. ૨.
૧૬) કબાટોના તાળા નં. ૪૫.
૯૫) તીજોરી
૯૭૦) ભરેલા છોડ ૩) તથા રૂપાની ઠવણી, પાઠું.

૪૦૫૧)

### શ્રી સાધારણ ખાતાનો સામાન

૧૦૧) શ્રી મૂલચંદ નથુભાઇનો ઓઇલ પેઇન્ટ ફોટો.
૭૫) પરચુરણ ફોટાઓ.
૭૩૨) બાંકડાઓ, ખુરશીઓ, નાના મોટા ટેબલો, ઘડીઆળ, ગાદી તકીયા, ફાનસ, જાજમો, ગાલીચો, કોપીંગ પ્રેસ, પાટ, નામના બોર્ડો, મેજ વિગેરે.
૪૨) ટેબલકલોથ, ધ્વજાપતાકા, કપ–રકાબી વિગેરે.

૯૫૦)

ચાંદીની રકાબી ૧ તથા ફ્લાવર પોટ નં. ૨.

**કુલ રૂ. ૫૦૦૧)**

ઉપર પ્રમાણે સંક્ષિપ્તમાં કિંમત સાથે જણાવેલ છે, પરંતુ વિસ્તારથી તમામ વિગત સાથે સંવત ૧૯૯૫ની ખાતાવહીના ચોપડાના પૂંઠે લખાયેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મેનેજીંગ કમીટી.

( સં. ૧૯૯૫ )

**પ્રમુખ**

શેઠ ગુલાબચંદ આણંદજી

**ઉપપ્રમુખ**

૧ સંઘવી નાનચંદ કુંવરજી        ૨ શાહ દામોદરદાસ દીયાળજી

**ટ્રેઝરર**

શેઠ અમૃતલાલ છગનલાલ

**સેક્રેટરીઓ**

૧ ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ        ૨ શેઠ હરજીવનદાસ દીપચંદ

૩ શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ.

**સભાસદો**

૧ શેઠ દેવચંદ દામજીભાઈ

૨ શાહ ગુલાબચંદ લલ્લુભાઈ

૩ શાહ ચમનલાલ ઝવેરભાઈ

૪ શેઠ નગીનદાસ ઉત્તમચંદ

૫ વકીલ કચરાલાલ નાનજીભાઈ બી.એ એલએલ. બી.

૬ શાહ દીપચંદ જીવણભાઈ બી.એ.બી.એસ.સી.

૭ શાહ દેવચંદ દુર્લભજી

૮ સંઘવી અમરચંદ ધનજીભાઈ

૯ શાહ કાંતિલાલ ભગવાનદાસ (ઓ. લાઈબ્રેરીયન)

---

સં. ૧૯૯૫ના ચૈત્ર શુદિ ૧ તા. ૨૨-૩-૧૯૩૯ના રોજ મળેલી જનરલ મીટીંગમાં ધારા પ્રમાણે નીમાયેલ મેનેજીંગ કમીટી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર જીવનચરિત્ર.

## ( શ્રી ગુણચંદ્રગણિકૃત )

બાર હજાર શ્લોક પ્રમાણ, મૂળ પ્રાકૃત ભાષામાં, વિસ્તારપૂર્વક સુંદર શૈલીમાં, આગમો અને પૂર્વાચાર્યોરચિત અનેક ગ્રંથોમાંથી દોહન કરી શ્રી ગુણચંદ્ર ગણિએ સં. ૧૧૩૯ ની સાલમાં રચેલો આ ગ્રંથ, તેનું સરળ અને ગુજરાતી ભાષાંતર કરી શ્રી મહાવીર જીવનના અમુક પ્રસંગોના ચિત્રોયુક્ત સુંદર અક્ષરોમાં પાકા કપડાના સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર કરી પ્રગટ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં પ્રકટ થયેલ શ્રી મહાવીર ચરિત્રો કરતાં વધારે વિસ્તારવાળો, જીવનના અનેક નહિ પ્રકટ થયેલ જાણવા જેવાં પ્રસંગો, પ્રભુના પાંચે કલ્યાણકો, પ્રભુના સત્તાવીશ ભવોના વિસ્તારપૂર્વક વિવેચન અને છેવટે પ્રભુએ સ્થળે સ્થળે આપેલ વિવિધ વિષયો ઉપર બોધદાયક દેશનાઓનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

# નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહ:

નિરંતર પ્રાતઃકાળમાં સ્મરણીય, નિર્વિઘ્નપણું પ્રાપ્ત કરાવનાર, નિત્ય પાઠ કરવા લાયક નવ સ્મરણો સાથે બીજા પ્રાચીન ચમત્કારિક પૂર્વાચાર્યકૃત દશ સ્તોત્ર તથા રત્નાકર પચ્ચીશી અને એ યંત્રો વિગેરેનો સંગ્રહ આ ગ્રંથમાં આપેલ છે. ઊંચા કાગળો, જૈની સુંદર અક્ષરોથી નિર્ણયસાગર પ્રેસમાં છપાયેલ, સુશોભિત બાઈંડીંગ અને શ્રી મહાવીરસ્વામી તથા ગૌતમસ્વામી અને એ પૂજ્યપાદ ગુરુ મહારાજાઓની સુંદર રંગીન છબીઓ પણ ભક્તિ નિમિત્તે સાથે આપવામાં આવેલ છે. કિંમત માત્ર રૂા. ૦-૪-૦ ચાર આના તથા પોસ્ટેજ રૂા. ૦-૧-૩ મળી મંગાવનારે રૂા. ૦-૫-૩ ની ટિકિટો એક બુક માટે મોકલવી.

---

## નવા થયેલા માનવંત સભાસદો.

| | | | |
|---|---|---|---|
| ૧. | શેઠ વૃજલાલ વિઠ્ઠલદાસ. | ભાવનગર | લાઇફ મેમ્બર. |
| ૨. | શેઠ છોટાલાલ નાનચંદભાઇ | ,, | ,, |
| ૩. | શેઠ નગીનદાસ પરમાણંદદાસ. | ,, | ,, |
| ૪. | શેઠ કાનજી શામજી. | ,, | વાર્ષિક મેમ્બર |
| ૫. | શેઠ દુર્લભદાસ નાનચંદ. | ,, | ,, |
| ૬. | શેઠ શાંતિલાલ પ્રભુદાસ. | ,, | ,, |
| ૭. | વોરા પરમાણંદદાસ નરોત્તમદાસ. | ,, | ,, |
| ૮. | શાહ ભોગીલાલ જીવરાજ. | ,, | ,, |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

## નીચેના પ્રાકૃત-સંસ્કૃત ગ્રંથોની ઘણી અલ્પ નકલો જ સિલિકે છે, જેથી જલદી મંગાવવા સૂચના છે.

(૧) વસુદેવ હિંડિ પ્રથમ ભાગ, પ્રથમ અંશ રૂા. ૩-૮-૦
(૨) ,, ,, દ્વિતીય અંશ રૂા. ૩-૮-૦
(૩) બૃહત્કલ્પસૂત્ર ભા. ૧ લો રૂા. ૪-૦-૦
(૪) ,, ભા. ૨ જો રૂા. ૬-૦-૦
(૫) બૃહત્કલ્પસૂત્ર ભા. ૩ જો રૂા. ૫-૮-૦
(૬) ,, ભા. ૪ થો રૂા. ૬-૪-૦
(૭) ,, ભા. ૫ મો રૂા. ૫-૦-૦
(૮) શ્રી દેવેન્દ્રસૂરિકૃત ચાર કર્મગ્રંથ રૂા. ૨-૦-૦
(૯) ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર પર્વ ૧ લું પ્રતાકારે તથા બુકાકારે રૂા. ૧-૮-૦

## ગુજરાતી ગ્રંથો

નીચેના ગુજરાતી ભાષાના કથાના સુંદર પુસ્તકો પણ સિલિકે ઓછા છે. વાંચવાથી આહ્લાદ ઉત્પન્ન કરે તેવા છે. મનુષ્ય સંસ્કારી, ચારિત્રવાન બનતાં આત્મકલ્યાણ સાધી શકે છે. મંગાવી ખાત્રી કરો. બધા પુસ્તકો સુંદર અક્ષરોમાં સુશોભિત કપડાંના પાકા બાઇન્ડીંગથી અલંકૃત અને કેટલાક તો સુંદર ચિત્રો સહિત છે.

(૧) શ્રી ચંપકમાળા ચરિત્ર રૂા. ૦-૮-૦
(૨) શ્રી સમ્યક્ત્વ કૌમુદી રૂા. ૧-૦-૦
(૩) શ્રી ઉપદેશ સપ્તતિકા રૂા. ૧-૦-૦
(૪) સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા રૂા. ૧-૦-૦
(૫) શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર રૂા. ૨-૦-૦
(૬) શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૧ લો રૂા. ૨-૦-૦
(૭) ,, ભા. ૨ જો રૂા ૨-૮-૦
(૮) આદર્શ જૈન સ્ત્રી રત્નો રૂા. ૨-૦-૦
(૯) શ્રી દાનપ્રદીપ રૂા. ૩-૦-૦
(૧૦) કુમારપાળ પ્રતિબોધ રૂા ૩-૧૨-૦
(૧૧) જૈન નરરત્ન ભામાશાહ રૂા ૨-૦-૦
(૧૨) શ્રી વિમલનાથ ચરિત્ર રૂા ૧-૧૨-૦
(૧૩) શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર રૂા ૧-૧૨-૦
(૧૪) સુકૃતસાગર (પૃથ્વીકુમાર ચરિત્ર) રૂા ૧-૦-૦
(૧૫) શ્રી પ્રભાવક ચરિત્ર રૂા ૨-૮-૦
(૧૬) શ્રીપાળરાજાનો રાસ સચિત્ર અર્થ સહિત સાદું પૂંઠું રૂા ૨-૦-૦
,, રેશમી પૂંઠું રૂા ૨-૮-૦
(૧૭) સતી સુરસુંદરી ચરિત્ર રૂા ૧-૮-૦
(૧૮) શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર રૂા ૦-૨-૦
(૧૯) ,, સોળમો ઉદ્ધાર રૂા ૦ [illegible]
(૨૦) શ્રી તીર્થંકર ચરિત્ર રૂા ૦ [illegible]
(૨૧) શ્રી મહાવીર ચરિત્ર રૂા ૩-૦-૦

## તૈયાર થતાં-છપાતાં ગ્રંથો.

(૧) કર્મગ્રંથ ભા. ૫-૬ ઠ્ઠો. (૨) શ્રી સંઘપતિ ચરિત્ર (ધર્માભ્યુદય) (૩) બૃહત્કલ્પસૂત્ર ભા. ૬ ઠ્ઠો. (૪) કથારત્ન કોષ શ્રી દેવભદ્રસૂરિકૃત (૫) શ્રી નિશીથચૂર્ણિ સૂત્ર ભાષ્ય સહિત (૬) વસુદેવ હિંડિ ભા. ૨ જો (૭) શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર પર્વ ૨-૩-૪-૫-૬ સાથે (૮) શ્રી મલયગિરિ વ્યાકરણ.

## તૈયાર થતાં ગુજરાતી ગ્રંથો.

(૧) શ્રી વાસુપૂજ્ય ચરિત્ર. (૨) શ્રી આદિનાથ ચરિત્ર. (શ્રી પદ્માનંદ મહાકાવ્ય) (૩) શ્રી સંઘપતિ ચરિત્ર.

( આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર. )

For Private And Personal Use Only